શ્રી

# અંબડ ચરિત્ર.

પ્રકાશક,
જૈન સસ્તી વાંચનમાળા.
ભાવનગર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

80841

# પ્રેમોપહાર.

Serving JinShasan
080841
gyanmandir@kobatirth.org

શ્રીમાન [illegible]

શ્રી ભાવનગર

**શેઠ નારણજી ભાણાભાઈ તરફથી ભેટ.**

ભાવનગર—ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં
શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું.

પ્રકાશકે-સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ભૂમિકા.

જગતના તારણહાર વર્તમાન ચોવીશીના તીર્થંકરોનેજ આપણે નથી નમતા, પણ અતીત અને અનાગત ચોવીશીઓના તીર્થપ્રવર્ત્તકોને પણ આપણે નિરંતર ભક્તિભાવે સ્મરી વંદન કરીએ છીએ. આ ચરિત્રના નાયક અંબડવીર, આવતી ચોવીશીના એવાજ એક સમર્થ પુરૂષ કિંવા વિશ્વના એક :મુખ્ય તારક પુરૂષ છે. તેમનું જીવન:આશ્ચર્યો અને અદ્ભુત પ્રસંગોથી ભરપૂર છે, અસામાન્ય કોટીના પુરૂષોનાં જીવન હંમેશા આપણાં જેવાંજ હોય એમ પણ શી:રીતે કહી શકાય?

પ્રસ્તુત જીવન ચરિત્ર ઉપરથી પ્રત્યેક વાચક જોઈ શકશે કે અંબડ પોતે એક મહા પરાક્રમી અને સાહસિક પુરૂષ હતો. તેણે જીવના જોખમે ઘણી ઘણી વિદ્યાઓ મેળવી હતી અને તે વિદ્યાનો મ્હોટે ભાગે તેણે બીજાનાં દુઃખ દૂર કરવા તથા સંસારનાં પાખંડ ઘટાડવા અર્થેંજ કર્યો હતો. એટલું છતાં અંબડ એક મનુષ્ય હતો એ વાત તો આપણે પ્રત્યેક પ્રસંગે બરાબર અનુભવીએ છીએ, અને એ બધા આશ્ચર્યોનીયે પેલીપાર અંબડ એક વીરપુરૂષ તરીકે આપણને દર્શન દેતો ઉભો રહે છે.

કનક અને કામીનીની ખાતર દેશ–વિદેશમાં રખડનાર અંબડ, સંસારની સામાન્ય ક્ષણજીવી સંપત્તિની ખાતર અનેક જહેમત ખેંચનાર અંબડ જ્યારે સંસારના સુખોપભોગથી ઉપશમ પામે છે, તેનું ચિત્ત નિર્દોષ દેવ–ગુરૂ–ધર્મની શોધમાં વળે છે અને છેવટે જ્યારે બાર:વ્રત લઇ યથાર્થ જૈનત્વ પ્રાપ્ત કરે છે ત્યારે જાણે સોનું અને સુગંધ સાથે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મળી જતાં હોય એવો મનોહર દૃશ્ય આપણા માનસ નેત્ર પાસે ખડો થાય છે ! ખરેખર વીર પુરૂષો એક તરફ જેટલા કઠોર અને સખત હોય છે તટલાજ બીજી તરફ કોમળ, મૃદુ અને સરળ હોય છે.

અંબડ જેવા પિતાનો પુત્ર, દીનતા અને દરિદ્રતાનો ભોગ બને, જે પિતાએ વિશ્વની ઋદ્ધિ-સમૃદ્ધિના ઘણાખરા ભંડાર પોતાના હાથ નીચે રાખ્યા હતા તેજ પિતાના પુત્ર-કુરૂબકને, એકજ પેઢીની અંદર બીજા રાજા પાસે મદદ યાચવા જવું પડે એ પણ કર્મનીજ એક વિચિત્રતા છે ? એકંદરે આ સ્થાનક કેવળ કથાની દૃષ્ટિથી તો વાંચવા જેવું છેજ, પણ રસપિપાસુઓને રસ તથા નીતિકારોને નીતિના ઉપદેશ પણ જોઈએ તેટલાં આમાંથી મળી આવશે. સામાન્ય બાળકો તથા બાળિકાઓને માટે આ ચરિત્ર એક આશિર્વાદરૂપ થઇ પડશે. પંડિત શ્રી અમરસૂરિએ સરળ સંસ્કૃત ભાષામાં આ ચરિત્ર લખી કથાના રસિક વાચકો ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે. અમે પણ એજ પંડિત-મુનિ મહારાજના અક્ષરોનો આધાર લઇ આ ચરિત્ર રચાવ્યું છે અને અમને આશા છે કે ધર્મકથા વાંચનારા રસિક બાળકો-યુવકો તથા વૃદ્ધો સુદ્ધાં આ ચરિત્રનો લાભ લઇ આત્મકલ્યાણ સાધવામાં સતત્ ઉદ્યમવંત રહેશે. દરેક નદી જેમ આખરે તો સમુદ્રનેજ મળે તેમ દરેક ચરિત્ર આખરે નીતિ અને ધર્મકરણીના મહાસાગરમાંજ જઇ ભળે છે, આ અંબડ ચરિત્ર પણ સમસ્વરે એકજ વાત કહી રહ્યું છે કેઃ—

धर्मात् संपद्यते भोगो, धर्माच्च सुखसंपदः
धर्मात् स्वर्गापवर्गौ च धर्मः कल्पद्रुमोपमः ॥

ધર્મથીજ ભોગ, સુખસંપદ, સ્વર્ગ વિગેરે મળે છે—અને ધર્મ એજ જગતનું એક મહાન કલ્પવૃક્ષ છે.

પ્રકાશક—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શ્રી અંબડ ચરિત્ર

## અંબડના અલૌકિક પરાક્રમ

### ઉપક્રમ

શ્રી વાસનગરના રાજસિંહાસન ઉપર રાજા વિક્રમસિંહ એક દેવના જેવો વિરાજતો હતો. તેનાં નિત્યનાં પુણ્યકાર્ય અને અસંખ્ય પરોપકારને લીધે તેની કીર્ત્તિ દૂરદૂરના દેશોમાં વિસ્તરી હતી. કોઈ પણ દીન કે દુઃખી રાજા વિક્રમસિંહનાં દર્શન પામી નિરાશ હૃદયે પાછો ન જાય. સારા યે સંસારના એક કલ્પવૃક્ષ રૂપે તેનો યશ ગવાતો. યાચકોને મન તે એક ચિન્તામણી રત્ન સમાન હતો.

એક દિવસે તે પોતાના અમાત્યો અને અનુચરોની એક સભા ભરી બેઠો હતો એટલામાં એક તેજસ્વી પુરૂષ ત્યાં આવી ચઢ્યો. વિક્રમસિંહની રાજસભામાં જવા સારૂ કોઇને અનુમતિ કે આજ્ઞા મેળવવાની જરૂર ન હતી. આ નવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવનાર પુરૂષની ચાલ અને દેખાવમાં કંઈક એવી વિશેષતા હતી કે રાજા વિક્રમસિંહ અને તેના દરબારીઓ એકી ટસે તેની સામે નીહાળી રહ્યા.

આવનાર પુરૂષના અંગ ઉપર મુલાયમ વસ્ત્રોનો લેશ માત્ર પણ ઠઠારો ન્હોતો. તેમ તેજસ્વી હીરા-માણિક્યના અલંકારથી તેનો દેહ ઝગમગતો ન્હોતો. છતાં એ બધી કૃત્રિમ કાંતિને ફીક્કી કરી નાખે એવી શાંત-સ્વાભાવિક પ્રભા તેના અંગે અંગમાંથી ઝરતી હતી. તેના વદન અને નયનમાં કુલીનતા ને ગર્ભ શ્રીમંતાઈના ભાવ તરવરતા હતા. અત્યારે જો કે એ પ્રભા અને કુલીનતા ઉપર ગરીબાઇનું આછું પડ આવી ગયું હતું, તો પણ બારીકીથી જોનાર જોઈ શકે કે આ નવો આવનાર પુરૂષ, સંસારના કોઇ સામાન્ય વંશનો વારસદાર ન હતો. તે રાજા વિક્રમસિંહની બરાબર સામે આવી વિનીતભાવે ઉભો રહ્યો અને ભક્તિભાવ પૂર્વક સ્હેજ શિર ઝૂકાવ્યું.

" આપ આ દેશમાં નવા જ આવ્યા હો એમ લાગે છે. મારા યોગ્ય કંઈ કામકાજ ચીંધવું હોય તો ખુશીથી કહી દ્યો. " રાજાએ પોતે જ આ નવા આવનાર પુરૂષનો સત્કાર કરતાં એ પ્રમાણે મીઠાં વાક્ય ઉચ્ચાર્યાં.

" અલબત્ત. આ દેશમાં હું નવો જ છું, પણ કદાચ આપમાંના કોઇકે તો મારા પિતા અંબડ નરપતિનું નામ જરૂર સાંભળ્યું હશે. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'અંબડ' નો ઉચ્ચાર થતાંજ રાજા અને આસપાસના સઘળા સભ્યો દિઙ્મૂઢ જેવા બની ગયા ! દિશાઓના અંત સુધી જે પરાક્રમી **અંબડ નરપતિના** યશોગાન મુક્તકંઠે ગવાતાં હોય તેના નામથી કયો અભાગી છેક અજાણ હોય ? એ જ અંબડનો આ પ્રતાપી પુત્ર છે એમ છે એમ જાણતાં સૌ સભાજનો આ વૃતાન્ત સાંભળવા અધીરા બન્યા.

"હે રાજન્ ! મારા પિતા અંબડ ક્ષત્રીય પ્રથમ તો બહુજ દરિદ્ર હતા. ધન કમાવા માટે ભાતભાતના મંત્ર, તંત્ર તથા ઔષધ વિગેરેનો ઉપયોગ કરવા છતાં તેમનું જન્મ-દારિદ્રય દૂર ન થયું. ભમીભમીને લગભગ આખી પૃથ્વી પગ નીચે કાઢી નાખી, પણ મનનાં મનોરથ ન ફળ્યાં. એક કવિએ કહ્યું છે તે અક્ષરશ, સત્ય છે કે

**अभ्यासकारिणी विद्या बुद्धिः कर्मानुसारिणी ।**
**दानानुसारिणी कीर्त्तिः लक्ष्मीः पुण्यानुसारिणी ॥**

અભ્યાસના પ્રમાણમાં વિદ્યા મળે, કર્મને અનુસરીને બુદ્ધિ ઉપજે, દાનની સાથે સાથે જ કીર્ત્તિ પ્રસરે અને પુણ્ય કર્યાં હોય તો જ લક્ષ્મી પોતે આવીને વરે. બહુ બહુ પ્રયત્ન કરવા છતાં મારા પિતાની ઉપર લક્ષ્મીની પ્રસન્નતા ન ઉતરી. આખરે તેમણે **ધન**ગિરિ પર્વત ઉપર વાસ કરી રહેલાં ગોરખ યોગિનીનો આશ્રય લીધો. એ યોગિનીની સલાહ અને મારા પિતાના પરાક્રમને લીધે અમારે ત્યાં અષ્ટ સિદ્ધિ ને નવ નિધિ આપમેળે આવી ઉતર્યાં."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

“ ગોરખ યોગિનીએ સૂચવેલા માર્ગ અને તમારા પિતાએ દાખવેલાં પરાક્રમો જો આ સભાને કહી સંભળાવશો તો અમને આનંદ થશે એટલું જ નહીં પણ એ પુણ્યાત્મા અંબડ નરપતિના ગુણ સ્તવનથી અમે કૃતાર્થ થઇશું, ” સભાના એક પ્રૌઢ પુરૂષે અંબડ–પુત્ર કુરૂબક તરફ દૃષ્ટિપાત કરી, સભાજનોની વાંચ્છના પ્રદર્શિત કરી.

“ હું એ જ વૃતાન્ત આપને કહેવા અહીં સુધી આવ્યો છું. એ વૃતાન્તના અંતે મારે જે કંઇ આપની પાસે વિનતી કરવાની છે તે ત્યારબાદ કહીશ. અત્યારે તો મારા પિતા અંબડરાજના થોડા અલૌકિક જીવન પ્રસંગો જ આપને સંભળાવીશ. ” કુરૂબક એટલું કહેતાં કહેતાં રાજાની સામે સવિનય બેસી ગયો.

અંબડપુત્ર કુરૂબકને કુદરતી રીતે જ વાણીની મીઠાશ વરી હતી. રાજાને અને તેની આસપાસના સભ્યોને પરમ ઉત્કંઠ નીહાળી તેણે પોતાના પિતાના પરાક્રમો એક એક કહેવા શરૂ કર્યા. અંબડના પરાક્રમી જીવનની અલૌકિક ઘટનાઓ સાંભળતાં શ્રોતાજનો રસના પ્રવાહમાં તણાવા લાગ્યા. પોતે એક રાજસભામાં બેઠા છે એ વાતનું તેમને સ્મરણ સરખું પણ ન રહ્યું. જાણે કે કોઇ મનોહર દેવસૃષ્ટિમાં વિહરતા હોય એવો પળે પળે આનંદ–આમોદ અનુભવવા લાગ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રથમ આદેશ

ધનગિરિ નામના પર્વત ઉપર શ્રીગોરખ યોગિની નામે એક યોગીની વસે છે. મારા પિતા–અંબડ ક્ષત્રિયે એકદા તેમની પાસે જઈ બહુમાન પૂર્વક વંદન કર્યું.

અંબડને વિનયપૂર્વક પોતાની સામે બેઠેલો નિહાળી યોગિનીએ પૂછ્યું—"તમે કોણ છો ? અને તમારો અહીં મારી પાસે આવવાનો ઉદ્દેશ શું છે તે જણાવો."

અંબડક્ષત્રિય મૂળથી જ ગરીબ હતા એ વાત તો તમે જાણો છોજ ધન–લક્ષ્મી–કીર્ત્તિ વિગેરે શી રીતે પ્રાપ્ત કરવાં એ સિવાય તેમની બીજી એકે મુખ્ય અભિલાષા ન હતી.

અંબડે કહ્યું:—"હે માતા! મારા મનોવાંછિત આપના વિના બીજું કોઇ પુર્ણ નહીં કરે, તેથીજ આજે આપની પાસે આવી પ્રાર્થના કરવા માગું છું કે જે રસ્તે મને લક્ષ્મી પ્રાપ્ત થાય એ રસ્તો બતાવો. લક્ષ્મી મેળવવાનો મને એકે રાજ-માર્ગ હાથ લાગતો નથી. મારા ઘણા ઘણા દિવસો એજ મુંજવણમાં નીકળી ગયા. હવે કોઇપણ ઉપાયે હું લક્ષ્મી–કીર્ત્તિ આદિ જીવન સૌભાગ્ય પ્રાપ્ત કરૂં એજ અત્યારે તો મારૂં મુખ્ય કર્તવ્ય અને ધ્યાન–ધારણા બની રહ્યાં છે."

યોગિનીએ ઉત્તર આપ્યો:—"હે પુત્ર ! આ આખાયે જગતભરમાં તું જોઇ લે કે કોઇને પણ સાહસ, ઉદ્યમ કે પરા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્રમ સિવાય લક્ષ્મી પોતાની મેળે આવીને વરી છે? બુદ્ધિ અને બળ ગમે તેટલાં હોય, પણ જ્યાંસુધી તમે કેડ બાંધીને લક્ષ્મીની પાછળ ન પડો ત્યાં સુધી તે હંમેશાં તમારાથી દૂર ને દૂરજ રહેવાની કહ્યું છે કે.

**साहसीआं लच्छी हवें, न हु कायरपुरिसाइं**
**काने कुंडल झलकतां, मसी कज्जल नयणाहि—**

સાહસિક પુરૂષોની પાસે લક્ષ્મી દાસી રૂપે સદા હાજર રહે છે. અને કાયર પુરૂષ જોતાંજ તેનાથી મુખ ફેરવી રીંસાઇ જાય છે, યોગ્ય માણસને હંમેશા તેના યોગ્યજ સાહિત્ય આવી મળે એવો આ સંસારનો એક સનાતન નિયમ છે. કાનમાં લોકો કુંડળ પહેરે અને આંખમાં મશ ચોપડે, એટલે કે જેને જે લાયક હોય તેજ પ્રાપ્ત થાય એ કુદરતી ક્રમમાં કોણ ફેરફાર કરી શકે તેમ છે?"

"આપ ફરમાવો તે હુકમ પાળવાને હું સદા–સર્વથા તત્પર છું. આપ કહો તે પ્રકારનું સાહસ કરી નાખું, જો કેમેય કરતાં લક્ષ્મી પ્રાપ્ત થતી હોય તો."

"પણ તું મારા સાત આદેશ બરાબર પાળી શકશે? જીવના જોખમે પણ હું કહું તે પાર પાડવા કટિબદ્ધ રહેશે?" યોગિનીએ અંબડની પરીક્ષા લેવાના હેતુથી પ્રશ્ન કર્યો.

"આપ કહોતે પ્રમાણે કરવા દરેક વાતે તૈયાર છું. એક વાર આપ મને આજ્ઞા કરી જુઓ." અંબડે એક સાહસિક અને વીર પુરૂષને છાજે એવી દ્રઢતાથી જવાબ આપ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" ત્યારે મારા સાત આદેશોમાંનો પ્રથમ આદેશ સાંભળ. જેમ જેમ એક એક આદેશનો અમલ થશે તેમ તેમ ક્રમે ક્રમે હું તને બીજા આદેશ આપીશ અને તે બધા જો તું યથાર્થપણે પાલન કરશે તો તારા ઘરમાં વિશ્વની લક્ષ્મી સ્વયં આવીને તારા ધનભંડાર ઉભરાવી દેશે." યોગિનીએ અંબડના અંતરમાં રહેલી આશા અને શ્રદ્ધાને સવિશેષ ઉત્તેજન આપી ખુબ ઉત્સાહીત કર્યો.

" લક્ષ્મી મેળવવાની આશા અને નિરાશામાં આજ સુધી મેં ઘણો કાળ વિતાવી દીધો. હવે મને એવી વાતો માત્રથી શાંતિ વળે એમ નથી. કાં તો મનોવાંચ્છિત સિદ્ધિ મેળવવી અને કાં તો આ દેહનું બળીદાન દઇ દેવું એવી ભીષ્મ પ્રતિજ્ઞા કરીનેજ આપની પાસે આવ્યો છું. હવે વિલંબ ન કરતાં આપનો આદેશ સંભળાવી મને કૃતાર્થ કરો."

અંબડની એ પ્રમાણેની વ્યગ્રતા અને દૃઢતા નિહાળી યોગિનીએ પોતાનો પ્રથમ આદેશ તેની સન્મુખ કહી સંભળાવ્યો. એ આદેશનો એકે એક અક્ષર આપ ધ્યાન દઇને સાંભળશો તો આપને ખાત્રી થશે કે ખરેખરા વીર અને સાહસિક સિવાય તેનું પાલન કરવું એ કંઈ રમત વાત ન હતી. તે વખતે અંબડ ક્ષત્રિયના હૃદયમાં ઉત્સાહ અને વીરતા ઉભરાઇ રહી હતી. ગમે તેવો અશકત કે અસંભવિત આદેશ મળે તો પણ તેને પહોંચી વળવા તેણે દરેક પ્રકારની તૈયારી પોતાના મનમાં કરી રાખી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યોગિનીએ પોતાની અંતરદ્દષ્ટિને પ્રતાપે અંબડની મેરૂપર્વત સમી આ અડગતા બરાબર જોઈ લીધી, અને પ્રથમ આદેશ સંભળાવવા આ પ્રમાણે કહ્યું:—

“ અહિંથી પુર્વ તરફની દીશામાં ગુણવદના નામની એક વાટિકા છે અને એ વાટીકાની અંદર શતશર્કરા નામનું એક વૃક્ષ છે એ વૃક્ષનું ફળ લઇ આવ અને મારી પાસે રજુ કર. ” યોગિનીનો આ આદેશ સાંભળતાંજ અંબડ તેમને પ્રણામ કરી પુર્વ દિશા તરફ ચાલી નીકળ્યો. એ ફળ કેવું હોય અને તેનાથી કેવી ઋદ્ધિ પ્રાપ્ત થાય એ વિષે શંકાનો એક પ્રશ્ન સરખો પણ ન પૂછ્યો. પરાક્રમી પુરૂષોના હૃદયમાં શ્રદ્ધા ને વિશ્વાસ કેવા નિર્મળ ભાવે વાસ કરી રહ્યા હોય છે તે આ ઉપરથી આપ સર્વ જોઇ શકશો.

ગુણવદના વાટીકા અને શતશર્કરા વૃક્ષનું સ્મરણ કરતાં અંબડ ત્યાંથી એકદમ ચાલી નીકળ્યો. જતાં જતાં એક સવારે કુંકુમમંડલ નામના નગરની અગાસીઓ અને અટારીઓ તેણે દૂરથી નિહાળી. આ કોઈ મહા નગર છે અને ત્યાં થોડો વખત વિશ્રામ કરી આગળ ચાલીશ એવો મનસુબો કરી તે ઉતાવળો ઉતાવળો ગામના પાદરમાં શોભતા એક સરોવર પાસે આવી ઉભો રહ્યો. માર્ગની મુસાફરીથી થાક તો લાગ્યોજ હતો. એટલે જળના હિલ્લોલથી છલકાતા અને આસપાસની વૃક્ષરાજીથી મોહક લાગતા એ તળાવની પાળ પાસે તે હાશ કરીને બેઠો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તળાવની પાળને અઢેલી અંબડ બેઠો તો ખરો પણ તેના ભાગ્યમાં જ નિરાંત ન્હોતી લખી. તેણે આસપાસ દૃષ્ટિ કરી તો એક પછી એક પુરૂષો માથે બ્હેડાં મુકી પાણી ભરવા આવતા દેખાયા. અંબડના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેને થયું કે કાંતો મારી પોતાનીજ જોવામાં કાંઇક ભૂલ થાય છે અથવા તો હું આ સત્ય વિશ્વ નહીં પણ કોઇક સ્વપ્નજ નિહાળી રહ્યો છું. પરન્તુ તેની આ ભ્રાંન્તિ લાંબો વખત ન નભી. તેને ખાત્રી થઇ કે આ પાણી ભરવા આવે છે તે બધા બરાબર પુરૂષો જ અને તેમના માથે રહેલાં પાત્રો એ બીજું કંઈ નહીં પાણી ભરવાનાજ બ્હેડાં છે. આ વાત જો સંપૂર્ણ સત્ય હોય તો ખરેખર આ દેશ, પૃથ્વીના બીજા ભાગો કરતાં ઉંધા આચાર–વિચારવાળો જ હોવો જોઇએ. નહિંતર પુરૂષો પોતે ઉઠીને પાણી ભરવા નીકળી પડે એ ન બને. આવો વિચાર કરે છે એટલામાં બીજી તરફથી કેટલીક સ્ત્રીઓ ઘોડા ઉપર બેસી, આમોદ, વિનોદ અને કુતૂહલ કરતી સરોવર તરફ ફરવા નીકળી પડી હોય એવો અદ્‌ભૂત દેખાવ તેની નજરે પડ્યો. અશ્વારૂઢ થયેલી સ્ત્રીઓના મુખ ઉપર લજ્જા, સંકોચ કે વિનયને બદલે પુરૂષોના જેવીજ દ્રઢતા, કઠોરતા અને સત્તાનાં બાહ્ય લક્ષણો સ્પષ્ટ દેખાઇ આવતાં હતાં.

“પુરૂષો બધા સ્ત્રીઓનાં કામકાજ કરે અને સ્ત્રીઓ બધી પુરૂષોના જેવાં આચરણ કરે તેનું શું કારણ હશે? આ દેશજ કંઇક ઉંધી ખોપરીવાળો લાગે છે.” આવા આશ્ચર્ય અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તર્કમાં ઝોલા ખતો હતો એટલામાં એક પુરૂષ, અબંડ પાસે આવીને ઉભો રહ્યો.

અંબડે પ્રશ્ન કર્યો:—" અરે ભાઇ ! જરા ખુલાસો કરવાની કૃપા કરશો ? અહિંઆ પુરૂષો બધા સ્ત્રીઓના જેવા કેમ જણાય છે ? સંસારનો ક્રમ જાણે ઉલટાવી નાખવાનો હોય અને કુદરતના નિયમ સામે બળવો ઉઠાવવાની તૈયારીઓ ચાલતી હોય એમ મને જે ભાસે છે તે સત્ય છે કે મારી ભ્રાન્તિ માત્રજ છે ? "

પેલા પુરૂષે આ પ્રશ્નનો સીધો જવાબ આપવાને બદલે પોતાના નાક ઉપર આંગળી મૂકી છેક મૌન રહેવાનો ઇસારો કર્યો. આથી અંબડની આશ્ચર્યવૃત્તિ શાંત થવાને બદલે ઓર ઉશ્કેરાઇ. તેને થયું કે આ દેશમાં સ્ત્રીઓની શક્તિ એટલી બધી વૃદ્ધિ પામી છે કે પુરૂષો તેમને વિષે વાત કરતાં પણ ધ્રૂજે છે. આ વિપરીત આચારનો કોઇની પાસે ખુલાસો કરવો એ પણ જાણે કે ભયંકર રાજદ્રોહ હોય અને એ ગુન્હાના દંડ તરીકે પુરૂષોને શૂળીએ ચડાવવામાં આવતા હોય એવી ધાક સૌ પુરૂષોના વહેવારમાં તે ચોખ્ખી જોઇ શકયો. અંબડે ટુંકામાંજ ખુલાસો કરવાનો વધારે પડતો આગ્રહ કર્યો. ત્યારે ડરતાં ડરતાં પેલા પુરૂષે માત્ર એટલુંજ કહ્યું કે:—" ભાઇ ! અહીં તો માન રહેવામાંજ મજા છે. જો આપણા વચ્ચેની વાતચીત કમભાગ્યે કોઇ સ્ત્રી સાંભળી લે તો તારી ને મારી હેરાનગતિ પાર વિનાની વધી જાય. તમે તમારે એક ખુણામાં બેસી આ બધું જોયા કરો. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"અરે પણ સ્ત્રી જાતિનો આટલો બધો ભય શા સારૂ રાખવો જોઇએ ? સ્ત્રીજાતિ ગમે તેવી બળવાન હોય તો પણ આખરે તો તે અબળા જ કહેવાય! તેને વશીભૂત કરવી અને પોતાના પગ પાસે નમાવવી એ તો પુરૂષોને મન ક્રિડા માત્ર જ હોય ! ખરેખર ! તમારા બોલવા ઉપરથી જણાય છે. કે આ દેશના પુરૂષો પોતાનું પુરૂષાર્થ ગુમાવી સાવ બાયલા જેવા બની ગયા છે! સૃષ્ટિનો ક્રમજ અહીં પલટાઇ ગયો હોય એમ ભાસે છે ! સ્ત્રીનાં દાસ બની જીવતા રહેવું, એના કરતાં મરી જવું એ શું ખોટું છે ? ભાઇ ! હુ તો ખરૂં જ કહું છું કે મારાથી આ ઉંધા આચાર જોયા નથી જાતા. મારૂં બને તો હું પોતે એકલો પુરૂષોના આત્મમાનને જાગ્રત કરી આ સ્ત્રી જાતિના અનાચાર સામે બંડ ઉઠાવું અને તેમના બધા સ્વચ્છંદી અધિકાર પડાવી લઉં."

"એમ કે ? ઓ મુસાફર ? બહુ ભારે ગુમાન ધરાવતો લાગે છે ? યાદ રાખજે કે આજે તો તું પણ બીજા પુરૂષોની જેમ આ રાજયની રૈયત છે અને તારે પણ આ બધાની જેમ સ્ત્રીઓની આજ્ઞા માનવી પડશે." અંબડને ઉદ્દેશી એક વૃદ્ધ સ્ત્રીએ વાગ્બાણ છોડયું

અંબડ તેનો ઉત્તર આપવા જતો હતો એટલામાંજ રસ્તા ઉપર એક મોટી રાજસ્વારી નીકળી ! આ સ્વારીના મધ્ય ભાગમાં એક હાથીની સુવર્ણ અંબાડીમાં એક તેજસ્વી નારી બેઠી હતી. તે પોતાની ભ્રકુટી માત્રથી પુરૂષ જાતિનો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપહાસ કરતી હોય અને સમસ્ત સંસારની મહારાણી હોય એવા દમામથી તે આસપાસ નિહાળતી હતી. તેના મસ્તક ઉપર છત્ર-ચામર વીંઝાતા હતા. તેણીના હાથમાં રહેલો સોનાનો રાજદંડ સૂર્યના તેજને લીધે ચમકતો હતો. હાથીની આગળ ને પાછળ સ્ત્રીઓનું એક મોટું સૈન્ય અદબથી ચાલતું હતું. આ સ્ત્રીયારાજ્ય જોઈ અંબડ તો છેક આભો જ બની ગયો. તેની વાચા બંધ પડી ગઈ શું બોલવું અને શું ન બોલવું તેનો કંઈજ નિર્ણય તેનાથી ન થઈ શકયો. પાસે ઉભેલી પેલી વૃદ્ધ ડોશી અંબડની આ વિલક્ષણ દશા જોઈ રહી. સવારી આગળ નીકળી ગઈ એટલે ડોશીએ હળવે રહીને કહ્યું:—

" લોકો જેને અંબડ ક્ષત્રિયના નામથી ઓળખે છે તે તું જ ને ? તું આજે અહીં આવવાનો છે એમ હું કયારના યે જાણતી હતી, હવે ચાલ, બીજા કોઇને પુછવા કરતાં મારા પોતાના ગૃહે જ આવી વિશ્રાંતિ લે, અને તારે જે કંઈ પૂછવું હોય તે સુખેથી મને પુછી ખુલાસો મેળવજે."

અંબડ હૈયામાં હિમ્મત એકઠી કરી સરોવરના કીનારેથી ઊઠીને ઉભો થયો અને પેલાં વૃદ્ધ ડોશીમાની પાછળ પાછળ ચાલ્યો.

થોડે દુર ગયા પછી ડોશી એક મહેલના દ્વાર પાસે આવી ઉભી રહી અંબડને મન આ મહેલ ન લાગ્યો. ઋદ્ધિ-સિદ્ધિનો એક મહાસાગર જ જાણે પૂરબ્હારથી ઉછળી રહ્યો હોય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવો તેને ભાસ થયો. મહેલની આસપાસનો ગઢ અને દીવાલો સફેદ આરસના જેવી ચકચકી રહી હતી. ધીમેધીમે બન્ને જણા એક વિશાળ આંગણામાં આવીને ઉભા રહ્યાં. તે વખતે આંગણાની વચ્ચોવચ્ચ એક અતીવ સૌંદર્યવતી નવયૌવના નિશ્ચિન્તભાવે પોતાની ક્રિડામાં તલ્લીન બની બેઠી હતી. તેણીએ અંબડને આવતો જોયો. પણ વિવેક કે વિનયનો એક શબ્દ સરખો પણ ન ઉચ્ચાર્યો. અંબડે તો ગામના પાદરમાં પગ મૂક્યો ત્યારથીજ તે દિગ્મુઢ જેવો બની ગયો હતો. તેનું કૌતુહલ ધીમે ધીમે ઘટવાને બદલે વધતું જ જતું હતું. સંસારના સમસ્ત લાવણ્યના સારરૂપ આ લાવણ્યવતી યુવતીને નીરખી ક્ષણવાર તો તે પોતાનું ભાન ભૂલી ગયો. આજજો મૃત્યુલોક હોય તો પછી અપ્સરાઓનો દેશ કેવો હશે તેની કલ્પના કરવા જતાં તેનું મન ચકડોળે ચડયું યુવતીનો વર્ણ જો કે ગૌર ન હતો. પણ ગૌર વર્ણની અંદર શ્યામતાની આછી છાંટ કોઇ કૂશળ કારીગરે નાખી હોય તેમ તે ગૌર અને શ્યામ વર્ણની ધુપછાંય જેવી દીપી રહી હતી. તેના ભાલની સૌભાગ્યના ઉદય સરખી કાંતિને માનવી નહીં પણ કોઇ સ્વર્ગરાજ્યની અધિષ્ઠાત્રી હોય એવું ભાન કરાવતી હતી. તેના વિશાળ નયન અને યુવાનીના ગર્વથી લચેલી દેહ લતા યોગીઓના માન–અભિમાન તોડવા માટે જ જાણે ખીલતી હોય એમ કોઇને પણ જોતાંની સાથે જ લાગ્યા વિના ન રહે. તેના કુંભ સમા સ્તન મદનના બાણની પણ મશ્કરી કરતા હોય અને તોફાન જગવતા હોય એમજ લાગે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ યુવતીની સન્મુખ સૂર્ય, ચંદ્ર, રાહુ અને મંગળના ચાર દડા પડયા હતા. તે વારંવાર ઇચ્છામાં આવે તે દડાને ઉંચે ઉછાળી એકલી બેઠી બેઠી મનની મોજ ભોગવતી હતી. સૂર્યના પ્રખર તાપથી દશે દિશાઓમાં ઝાકઝમાળ પ્રકાશ પથરાઇ રહ્યો હતો. એ પ્રકાશની અંદર મહારાણી જેવી શક્તિસ્વરૂપી આ નવયૌવના બેઠી હતી.

અંબડ આ નારી વિષે કંઇ જ નિશ્ચય ન કરી શકયો. ને ઉંઘમાંથી ઉઠતો હોય તેમ, વૃદ્ધાને કંઈક પૂછવા જતો હતો. એટલામાં તે વૃદ્ધાએ જ અંબડને કહ્યુ:—

" ગોરખ યોગિનીના આદેશથી શતશર્કરા વૃક્ષનું ફળ લેવા નીકળ્યા હો તો પણ આજ તો તમે અમારા અતિથિ બન્યા છો. અમારી અનુમતિ સિવાય તમે આ દેશમાંથી બ્હાર નહીં જઇ શકો. "

" એક સ્ત્રી પોતાની ઉપર આવો નિરંકુશ અધિકાર ચલાવે છે તેનું ભાન થતાં અંબડની આંખનો એક ખુણો લાલ થયો. વૃદ્ધાએ તે લાગણી જોઈ લીધી. અંબડને શાંત કરવા કૃત્રિમ મીઠાશથી તેણીએ કહ્યું " અહીં ગભરાવા જેવું કંઇજ નથી. જ્યાં સુધી શતશર્કરાવૃક્ષનું ફળ તમને ન લાધે ત્યાં સુધી તમે સુખેથી અહીંજ રહેજો. મારી આ પુત્રી ચંદ્રાવતી પણ તમને કોઇ વાતે મુંઝાવા નહીં દે. તમે બન્ને સાથે રહો અને નિર્દોષ સુખ ભોગવો. "

" અંબડની પાસે આ આજ્ઞા કે ભલામણનો કંઇજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જવાબ તૈયાર ન હતો. તે જવાબ ગોઠવવાની ગડમથલમા હતો તેટલામાંજ ચંદ્રાવતી એક હરિણની ગતિએ ત્યાં આવી અને અંબડને ઉદ્દેશી બોલી કે:—“ હું પણ તમારા જેવોજ એક સાથી ક્યારની શોધતી હતી. ચાલો આપણે દડે રમીએ. અહીં રમવા સિવાય બીજું કંઈજ કરવાપણું નથી હોતું.”

અંબડે ચદ્રાવતીના મ્હોં સામે એક દ્રષ્ટિપાત કર્યો. ચંદ્રાવતીએ લેશ માત્ર પણ શરમાયા વિના પોતાની સ્વાભાવિક અમૃતઝરણી વાણીમાં કહેવા માંડયું:—

“ જુઓ, રમતના નિયમો પ્રથમ જ જાણી લેવા જરૂરના છે. દડો ઉછાળતાં અને ઝીલતાં જેના હાથમાંથી દડો પડી જાય તે હાર્યો ગણાય અને જે હારી જાય તે બીજાની ચરણસેવા કરે.” ચરણસેવા શબ્દ બોલતાં ચંદ્રાવતી ખડખડાટ હસી પડી.

અંબડને આ સરત સ્વીકારતાં સ્હેજ સંકોચ તો થયો. પણ એક અબળા પાસે શરમાવાનું તેને યોગ્ય ન લાગ્યું. તે બોલી ઉઠયો:—“ ભલે, કબુલ છે એ **શરત.** ”

ચતુર ચંદ્રાવતીને માટે આ રમત છેક નવી ન હતી. તે તો તેમાં પુરેપુરી પાવરધી હતી એમ કહીએ તો કંઈ ખોટું નહીં તેણીએ એક પછી એક સૂર્ય, ચંદ્ર, રાહુ અને મંગળના દડા ઉંચે ઉછાળવા અને ઝીલવા માંડ્યા. એક દડો હજી અર્ધો નીચે ન આવ્યો હોય તેટલામાં તો બીજો દડો તેનું સ્થાન લેવા ઉંચે ઉછળ્યોજ હોય! સૂર્યનો દડો અદ્ધર ઉડે કે તેજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ક્ષણે ઝાકઝમાળ દિવસની રોશની ચોતરફ ફેલાઇ જાય અને જેવો ચંદ્રનો દડો અદ્ધર ઉછળે કે તે જ સમયે પૂર્ણિમાનો પ્રકાશ સારી પૃથ્વીને અજવાળાથી ભરી દે ! ચંદ્રાવતીએ આ કળા એવી તો ખૂબીથી કેળવી હતી કે ચારમાંથી એક પણ દડો ભૂલથી–અજાણતાં પૃથ્વી ઉપર પડવા ન પામે ! રાહુ અને મંગળના દડા જેવા આકાશ તરફ ધસે કે તરતજ વારાફરતી દિવસ ને રાત્રીની સંધ્યાના પ્રકાશમાં જાણે વિશ્વ આખું યે સ્નાન કરતું હોય તેમ પ્રકૃતિનું દ્રશ્ય પલટાઇ જાય! અંબડ પોતે, ચંદ્રાવતીની આ ક્રીડા કુશળતા જોઇ એક રીતે આશ્ચર્યમુગ્ધ જેવો થઈ ગયો, આવી પાવરધી રમણી ઉપર પોતાનો પ્રતાપ શી રીતે બેસારવો તેની તેને કંઇજ ગમ ન પડી.

આખરે ધૈર્ય ને હિમ્મતનો સંચય કરી અંબડે ચંદ્રાવતીને ઉદ્દેશી કહ્યું: “ હવે મારો વારો આવ્યો. મને દડા ઉછાળવા દ્યો.”

ચંદ્રાવતીએ આ માગણી સાંભળી સ્હેજ પ્રતાપસૂચક સ્મિત કર્યું. તેના હૃદયમાં આ અજાણ્યા પુરૂષ પ્રત્યે જે દયા ને અવજ્ઞા ભરી હતી. તે તેણીએ આ સ્મિત દ્વારા સ્પષ્ટ કરી નાખ્યું.

અંબડે સંકોચાતા હસ્તે સૂર્યનો દડો ગ્રહણ કર્યો. સૂર્યના ધગધગતાં સહસ્ર કીરણો આંખ પર પડતાં જ તેના હોશ કોશ ઉડી ગયા ! ચંદ્રાવતીની જેમ સૂર્યને ઉંચે ઉછાળવાના મનોરથ મનમાંજ સમાઇ ગયા. તેને બદલે અંબડ પોતેજ મૂર્છા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામી સૂર્ય પ્રદેશની અંદર સૂઈ ગયો ! તે પછી ચંદ્રાવતીએ એ દડો જોરથી અદ્ધર ફગાવી, મંત્રના બળથી ત્યાંજ થંભાવી દીધો. સૂર્ય અને અંબડ આકાશમાં સ્થિર થઇ રહ્યા.

ચંદ્રાવતી પોતાના અંતઃપુરમાં ચાલી ગઇ;

થોડીવારે નાગડ સારથી સૂર્ય સમિપે આવીને જુવે છે તો સૂર્યમંડલને વિષે એક પુરૂષ મૂર્ચ્છિત અવસ્થામાં ભાન ભૂલેલો દેખાયો. નાગડને તે પુરૂષ તરફ દયા છટી. અમૃતનાં છાંટણા છાંટી તેને શુધ્ધમાં લાવવાની નાગડને અંતરપ્રેરણા સ્ફુરી. તેથી તે એકદમ દોડતો દોડતો ચંદ્રમંડલ સમિપે ગયો. ત્યાં જઇને જુએ છે તો ચંદ્રનું સ્થાન પણ ખાલી પડયું હતું અને ચંદ્રની સ્ત્રી રોહિણી રોઇ રોઇને માંડ માંડ સમય ગાળતી હતી, નાગડે રોહિણીને રડવાનું કારણ પૂછતાં રોહિણીએ આંસુ લૂછી અતિ દીન વાણીમાં કહ્યું કે:—

" મારા પતિ ચંદ્રદેવને ચંદ્રાવતી નામની નારી આજે કેટલાય દિવસથી બંદીવાન્ કરીને અહીંથી ઉપાડી ગઇ છે. હું પતિ વિરહે નિરંતર ઝુરૂં છું અને રડી રડીને બાકીનું આયુષ પુરૂં કરૂં છું. "

નાગડ સારથીના હૃદયમાં રોહિણી જેવી સાધ્વી સ્ત્રીનું આ કરૂણ આક્રન્દ સંતપ્ત શુળની જેમ આરપાર ભોંકાઈ ગયું. સંસારની એક અબળા ચંદ્રદેવ જેવા સમર્થ ઇષ્ટ અમરને પોતાનો કેદી બનાવે એમાં તેને સમસ્ત દેવલોકનું અપમાન થતું હોય



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ લાગ્યુ, રોષ અને વૈરને લીધે તેનાં ગાત્રો કંપવા લાગ્યાં. રોહિણી તરફ મ્હોં ફેરવી આશ્વાસન આપતાં તે બોલ્યો:—

"તમારૂં આક્રંદ મારાથી નથી જોઇ શકાતું. હું આ જ ક્ષણે પૃથ્વી ઉપર જઉં છું અને ચંદ્રાવતી જેવી ઉદ્ધત નારીના મદનું મર્દન કરી તમારા પ્રિયતમ પતિ દેવને હમણા જ આ અમર ભૂમિમાં હાજર કરૂં છું. એક દેવની પાસે દુર્બળ માનવજાતિ કયાં સુધી સ્પર્ધા કરી શકે છે તે હું જોઇ લઇશ."

નાગડ સારથી બીજાં હજાર કામ પડતાં મુકી ચંદ્રાવતીના નિવાસસ્થાન તરફ સડસડાટ ચાલી નીકળ્યો.

ચંદ્રાવતીએ નાગડને દૂરથી જ આવતો જોઇ લીધો. તેણીએ પોતાનું નાગપાશ નામનું તીર તેની તરફ છોડયું અને જોતજોતામાં નાગડ સારથી નાગપાશ વડે ચોતરફથી વીંટળાઇ ગયો. તે એક ડગલું પણ આગળ વધવાની શક્તિ ગુમાવી બેઠો. ચંદ્રાવતીમાં આટલું બળ અને શક્તિ હશે તેની કલ્પના સુદ્ધાં પણ ભાગ્યેજ આવી હશે. નાગડને નાગપાશથી બાંધી ચંદ્રાવતી નિશ્ચિત મને પોતાની માતા પાસે ચાલી ગઇ.

નાગડની બ્હેન સર્પદુષ્ટશૃંખલાને આ વાતની ખબર પડી એટલે તે બેબાકળી, પોતાના વીરાની વ્હારે દોડી આવી. તેણીએ દૂરથી જ એક તીર છોડી, નાગડના દેહની આસપાસ વીંટળાઇ ગયેલા નાગપાશ તોડી નાંખ્યા. તે જેવો છૂટ્યો કે રતજ તીર વેગે ચંદ્રાવતીના ઘર તરફ દોટ મૂકી. તેની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રગેરગમાં વૈરનો બદલો લેવાનો વાસના ધુંધવાઇ રહી હતી. બ્હેન પોતાના ભાઇના મનોભાવ સમજી ગઇ. તેણીએ નાગડને શાંત્વના આપતાં કહ્યું—" ભાઇ ! આ ચંદ્રાવતી તું ધારે છે તેવી સામાન્ય સ્ત્રી માત્ર નથી તેની સાથે ઝુઝવામાં તું નહીં ફાવે. " પણ નાગડ એક મટીને બે ન થયો. ગમે તે પ્રકારે વૈરનો બદલો લેવા તાડુકી ઉઠ્યો.

ચંદ્રાવતીના ચમત્કારિક બળથી સ્તંભિત થયેલો સૂર્ય પણ નાગડને કહેવા આવ્યો કે:—" હે પુત્ર ! ચંદ્રાવતી સામે વિરોધ કરવો મુકી દે. એ સાક્ષાત્ શક્તિ સ્વરૂપી યોગિની હોવાથી તેનાં બંધન મારે પોતાને પણ મને કે કમને સ્વીકારવાં પડે છે. તું તેની પાસે બાળક ગણાય. "

પિતા–સૂર્યના શબ્દો સાંભળી નાગડ શાંત તો થયો. પણ તેના અંતરનો તલપ્રદેશ ઇર્ષાથી ખળભળી ઉઠ્યો. તેણે માયાકુંડલી નામની શક્તિનું આરાધન આદર્યું અને એ શક્તિના પ્રભાવે ચંદ્રાવતીની માતા ભદ્રાવતીનો વિનાશ કર્યો, ચંદ્રાવતી પાસે માફી મંગાવી, સૂર્યમંડળને મુક્તિ અપાવી અને નિરંતર વિરહથી ઝૂરતી રોહિણીને તેનો પતિ–ચંદ્ર દેવ પાછો લાવી આપ્યો.

તે પછી ચંદ્રમંડલમાંનું અમૃત લઇ મૂર્છાવંશ પડેલા અંબડના અંગ ઉપર છાંટયું. અંબડ આળસ મરડી ઉભો થયો. તેણે પોતાને જીવિતદાન આપવા બદલ સૂર્યદેવને ઉપકારસૂચક અભિવંદન કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંબડ-ક્ષત્રીયના વિનય-વિવેકથી સંતુષ્ઠ થયેલા સૂર્યે પ્રસન્ન થઇ અંબડને એક સરસ વરદાન આપ્યું અને કહ્યું કે —" જા, તું આજથી અનંતજેતા થાય છે. કોઇ પણ નારીના કામબાણ તારૂં હૈયું નહીં વીંધી શકે. "

આવા અયાચિત અને અણધાર્યા વરદાનથી અંબડને પાર વિનાનો આનંદ થયો. તે ફરી ફરીને સૂર્યને શતશઃ ધન્યવાદ આપવા લાગ્યો. પછી તો સૂર્યે પણ ભારે પ્રસન્ન થઇ આકાશગામિની અને ઇંદ્રજાલિની એમ બે વિદ્યાઓ તેને આપી. એટલુંજ નહીં પણ સૂર્યની આજ્ઞાથી નાગડે, શતશર્કર વૃક્ષનું ફળ કે જેને માટે તે આખી પૃથ્વી ફરવા જીવના જોખમે નીકળ્યો હતો તે પણ લાવી તેના હાથમાં મૂક્યું. સૂર્યે કહ્યું કે —" આ ફળનો મહિમા લગભગ દરેક દેવ અને મનુષ્યને પણ સુપરિચિત છે. જેની પાસે આ ફળ હોય તે કોઇ દિવસ પણ દુઃખી ન થાય. તું આ ફળ તારી પાસે રાખજે અને ધર્મ તથા પરોપકારનાં કાર્ય કરી જીવ્યું સાર્થક કરજે. "

નાગડ અને સૂર્ય ઉભયનો આભાર માની તે પિતા-પુત્રની મદદથી અંબડ ભૂમિ ઉપર આવી પહોંચ્યો. સૂર્યદેવે પ્રસન્ન થઇ આપેલી મહા વિદ્યાઓની પણ તેણે સારી પેઠે સાધના કરી લીધી.

પછી, ઇંદ્રજાલ વિદ્યાની સહાયથી અંબડે સાક્ષાત ઇશ્વરનું રૂપ લીધું અને એ ઇશ્વરના રૂપમાં જ તેણે ચંદ્રાવતીના ઘેર આવી દર્શન આપ્યાં. પ્રત્યક્ષ શંકર-મહાદેવ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના આંગણે આવ્યા છે એમ માની ચંદ્રાવતીએ તેમના ચરણમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા, અને ભક્તિથી ગદ્ગદ્ વાણીમાં કહ્યું કે:—" હે પ્રભુ ! આપના પધારવાથી આજે મારૂં આંગણું પાવન થયું ! આપની મહત્ કૃપાથી મારો જન્મ સાર્થક થયો. એક સંસ્કૃત કાવ્યમાં કવિ કહે છે કે—

**महातीर्थ महौषध्यो, महानाथ मुनीश्वरः ।**
**अल्प भाग्यवतां तेषां प्राप्ते दुर्लभ दर्शनं ॥**

મહાતીર્થ, મ્હૌષધી, મહાનાથ અને મુનીશ્વરનાં દર્શન તો કોઈ મહાન્ પુણ્યશાળી કે ભાગ્યશાળી હોય તેને જ પ્રાપ્ત થાય. અભાગી કે અલ્પ ભાગ્યશાળીને તેમનાં દર્શન થતાં નથી. હું મને આજે પરમ ભાગ્યશાલી માનું છું કે આપના જેવા વિશ્વના મહાદેવે પ્રત્યક્ષરૂપે મારે ત્યાં પધારી મને દર્શન દીધાં."

મહાદેવની સમિપે આ રીતે ભક્તિયુક્ત વચનો ઉચ્ચારી પોતાનો આનંદ પ્રદર્શિત કરી રહી હતી એટલામાંજ મહાદેવે મ્હોટેથી રડવા માંડયું.

ચંદ્રાવતી આ રૂદનનો અર્થ ન સમજી શકી. તેણીએ બે હાથ જોડી કહ્યું કે—" પ્રભુ ! આપ તો આ સમસ્ત સંસારના પાલક, પોષક અને સંરક્ષક ગણાઓ છો ! આપની આજ્ઞા વિના વૃક્ષનું એક પાંદડું પણ ન ફરકે એવો તો આપનો પ્રભાવ છે. પ્રાણીમાત્ર આપને કર્ત્તા હર્ત્તા માની આપની ઉપાસના કરે છે. છતાં આજે આપ આમ કેમ રૂદન કરી રહ્યા છો તે મારાથી નથી સમજાતું, "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શિવે ગળગળા સ્વરમાં ઉત્તર આપ્યો:—"હું સંસારનો કર્ત્તા હર્ત્તા છું એ વાત ખરી છે. પણ આજે મારે પોતાને માથે મહાન સંકટ આવી પડયું છે. હવે મારૂં શું થશે તેનો વિચાર કરતાં મારાથી રડયા વિના રહી જ શકાતું નથી. આ દુનીયામાં આજે મારા જેવો બીજો એક પણ જીવ દુ:ખી નહીં હોય. એ દુ:ખ ટાળવાને આજે તમારા વિના બીજું કોઇ જ શક્તિવાન્ નથી."

ચંદ્રાવતીનું આશ્ચર્ય વધતું જ ચાલ્યું, તે બોલી-"હે મહાનાથ ! પહેલાં આપનું દુ:ખ કહો. મારાથી એ દુ:ખ જો દૂર થઇ શકે તેમ હોય તો હું મારૂં સર્વસ્વ આપના ચરણમાં ધરી દઇશ."

શિવે પોતાના દુ:ખનો ખુલાસો કરતાં કહ્યું કે:-"આજે મારી પ્રાણપ્રિયા પાર્વતી મને ત્યજી સદાને માટે ચાલી નીકળ્યાં ! હવે પાર્વતીજી વિના જીવવું એ મને કડવું ઝેર જેવું થઈ પડયું છે." એટલું કહેતા કહેતામાં શિવજી પુન: રડી પડયા.

"પણ હવે તેનો શો ઉપાય કરવો તે મને સમજાવો." ચંદ્રાવતીએ અતિ આકાંક્ષા સાથે પ્રશ્ન કર્યો.

"તેનો એકજ ઉપાય છે અને તે એ જ કે જો તમે મારી સાથે વિવાહ કરો તો હું બધાં સંકટથી છુટી જઉં." શિવજીએ આબાદ તીર છોડયું.

"પણ હું એક પામર માનવી કયાં અને આપ સમર્થ દેવ કયાં ? માનવ જાત તો દેવો કરતાં સહસ્ત્ર ગણી મલીન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગણાય ! આપ મને પરણીને શી રીતે સુખી થશો ? અને હું આપને યોગ્ય પણ શી રીતે બની શકું ? ”

“ સુખી થઇશ કે નહીં તે જોવાનું કામ મારૂં પોતાનું છે. તમે મારે યોગ્ય શી રીતે બનો તેના ઉપાય પણ મારી પાસે જ છે. જો તમે મને વરવાને રાજી હો તો જ એ ઉપાય બતાવું. આ ઉપાય એવા છે કે હરકોઇ માણસ અપવિત્ર મનુષ્યત્વમાંથી મુક્ત થઈ પરમ પવિત્ર દેવત્વને પ્રાપ્ત કરી લે. ” શિવજીએ ચંદ્રાવતીના ગળામાં એક પછી એક મધલાળ મુકવા માંડી.

“ તો પછી આપ કહો તે પ્રમાણે કરવાને તૈયાર છું. ” ચંદ્રાવતીએ નિખાલસપણે કબુલાત આપી.

“ જો તમે મારે યોગ્ય બનવા માગતા હો તો સૌ પ્રથમ તમારે તમારૂં મસ્તક મુંડાવી નાખવું પડશે. આ બારીક વસ્ત્રો અને કીમતી અલંકારોને બદલે ફાટલાં તૂટલાં ને ગંધાતાં વસ્ત્રો પહેરવાં પડશે, મ્હોં ઉપર મેશ ભૂંસવી પડશે એટલું જ નહીં પણ બીજા કોઈ વાહન ઉપર ન બેસતાં ગધેડાની પીઠ ઉપર બેસી મારી પાસે આવવું પડશે. જો તમે આટલું કરી શકો તો જ તમારૂં પાણિગ્રહણ મારાથી થઇ શકે. કહો આટલી આકરી વિધિ કરી મારા યોગ્ય થઇ શકશો. ? ” શિવજીએ ચંદ્રાવતીને બરાબર સકંજામાં લીધી.

“ એમાં તે કઈ મોટી વાત છે ? આપની એકેએક આજ્ઞા પાળવા આપની આ દાસી તૈયાર છે. શિવજીની પત્ની થવાનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહદ્‌ભાગ્ય પ્રાપ્ત થતું હોય તો આવી પાંચ-પચીશ તો શું પણ હજાર વિધિ પાળવા પણ ગમે તે સ્ત્રી તૈયાર થઇ જાય. ” ચંદ્રાવતીએ પોતાનો ઉભરો ઠલવ્યો.

બપોર થતાં ચંદ્રાવતીએ મસ્તક મુંડાવ્યું, કેશકલાપ ઉખેડીને ફેંકી દીધો, મ્હોઢા ઉપર મેશ ભુંસી અને અંગે ઉકરડામાંથી આણેલાં ગંધાતાં ચીંથરાં વીટાળ્યાં. પછી એક ગધેડા ઉપર બેસી શંકરની રાહ જોતી ઘરની બહાર ઉભી રહી. લોકોનાં ટોળેટોળાં આ શંકર અને ચંદ્રાવતીનો વિવાહ જોવા એકઠાં થઇ ગયાં. તેઓ અંદર અંદર વાર્ત્તાલાપ કરી ચંદ્રાવતીના સૌભાગ્યના વખાણ કરવા લાગ્યા, સ્ત્રીઓ પણ ચંદ્રાવતીના સદ્‌ભાગ્ય પ્રત્યે ઇર્ષાની નજરથી નિહાળવા લાગી.

યથાસમયે શિવસ્વરૂપધારી અંબડ ત્યાં આવી પહોંચ્યો. લોકોના ટોળાએ તેને અભિવંદન કરી હર્ષ ધ્વની કર્યો. હવે ઘડી-બે ઘડીની અંદર મહાદેવજી આ ચંદ્રાવતીને પોતાના પડખામાં લઇ આકાશમાર્ગે કૈલાસ તરફ ઉડી જશે એવી સૌ કોઇએ કલ્પના કરી.

ચંદ્રાવતીનો ગર્વ આજે નિરંકુશ હતો. સાક્ષાત્‌ શંકર જેવા પોતાને પતિ મળશે એ અભિમાનથી તે પોતાના દેહનું પણ ભાન ભૂલી ગઇ હતી. એટલામાં લોકોના અસાધારણ ટોળાને લીધે હો કે દૈવસંજોગને લીધે હો ચંદ્રાવતીની સવારી માટે આણેલો ગર્દભ ભડકયો અને ચંદ્રાવતીને નીચે પટકી ત્રણ-ચાર પાદપ્રહાર પણ કરી વાળ્યા. પ્રેક્ષકોમાંના કેટલાક આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९



અદ્‌ભૂત પ્રસંગ જોઈ ખડખડાટ હસી પડયા. ચંદ્રાવતી પોતે પણ શરમાઇ ગઇ. તેણીએ શંકરને નમ્રપણે પ્રાર્થના કરી કે:–
" પ્રભુ ! આપની હાજરીમાં, આપના જ દેખતાં આ ઉદ્ધત્ત પ્રાણી મને પાદપ્રહાર કરે તે આપ કેમ સહી લ્યો છો ? આપે તેનું તત્કાળ નિવારણ કરવું જોઇતું હતું. તેને બદલે આપ તો ઉલટા હસી રહ્યા હો એમ જણાય છે. "

આ પ્રાર્થના પુરી કરે એટલામાં તો શંકરનો વૃષભ પણ એકાએક તોફાન કરવા લાગ્યો અને એ તોફાનને અંગે પણ બીજી બે–ચાર લાતો ચંદ્રાવતીના મસ્તક ઉપર પડી.

એ ક્ષણ પહેલાં અભિમાનથી ફુલાઇ ગયેલી ચંદ્રાવતીના નયન આંસુથી ઉભરાઇ નીકળ્યાં. માથું ઉંચું કરી ગગન ભણી નિહાળે છે તો ત્યાં શંકર, શિવ કે મહાદેવ સાવ અલોપ થઈ ગયા જણાયા. લોકોએ મશ્કરીના વાગ્બાણ ઉપરાઉપરી છોડવા માંડ્યા. તેઓ કહેવા લાગ્યા કે—" કેમ ચદ્રાવતી ? બહુ અભિમાન કરતી હતી તેનાં કડવાં ફળ ચાખ્યાં ને ? કૈલાસ પર્વત ઉપર મહાદેવજીના દર્શન કરીને ઘડીકમાં પાછી પણ આવી ગઈ કે ? "

ચંદ્રાવતી તો એ વખતે એવી ભોંઠી પડી ગઈ કે જો ધરતી માતા માર્ગ આપે તો તે જ ક્ષણે પૃથ્વીમાં સમાઇ જાય. તે કઇંક વિચાર કરતી હતી અને લોકો ઉચ્ચ કંઠે તેણીનો ઉપહાસ કરી રહ્યા હતા તે વખતે અંબડે પોતાનું શિવ સ્વરૂપ સંકેલી લઇ પોતાના સ્વાભાવિક રૂપમાં દર્શન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દીધા. શિવજીને બદલે અંબડને પોતાની સામે ઉભેલો જોઇ શરમને લીધે તેણીને મરવા જેવું થયું.

અંબડે કહ્યું:—" આપણી રમતની શરત તો યાદ છે ને ? હું સૂર્યમંડળમાં જઇ વિજય મેળવી આવ્યો. "

" તેં મને આમ જગતની વચ્ચે કેમ એ આબરૂ કરી ? તું માણસ નહીં પણ માણસના વેશમાં ચોખ્ખો ગધેડો જ છે ! " ક્રોધના આવેશમાં ચંદ્રાવતીના મુખથી ન બોલવા જેવાં વેણ નીકળી ગયાં.

" હવે મને વધારે ચીડવશો તો તેનું પરિણામ સારૂં નહીં આવે. એક કડવું ફળ તો ચાખ્યું, અને હજી પણ વધારે મીજાસ કરશો તો કોઇને મ્હોં બતાવવું ભારે થઈ પડશે. કહ્યું છે કે—

**न कोपनीयाः केनापि साक्षरा हित कांक्षया ।**
**विपरीतास्ते जायंते राक्षसा इव केचन ॥**

અર્થાત્ હિતની ઇચ્છાવાળા જનોએ કોઇ પણ સાક્ષરને ભૂલેચૂકે પણ ન ચીડવવો, સાક્ષરો જો વિફરે તો તેઓ રાક્ષસ જેવા જ બની જાય. માટે હવે સમજીને શાંત થાઓ તો વધારે સારૂ. " અંબડે એક વિજેતાની જેમ ગંભીર ભાવે ઉપદેશ આપ્યો.

અંબડના આ અલૌકિક વિદ્યાપ્રભાવથી ચંદ્રાવતી એટલી તો ભયભીત બની ગઇ કે તેની સામે બોલવાનો પ્રયત્ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવા છતાં ઓષ્ટમાંથી એક શબ્દ પણ ન નીકળ્યો. તે મૌનપણે ચિત્રવત્ ત્યાંને ત્યાં જ બેસી રહી. લોકો પણ ઠઠ્ઠા મશ્કરી કરતા પોતપોતાના સ્થાનકે ચાલ્યા ગયા.

અંબડે રમતની સરત ફરીથી રજુ કરી અને કહ્યું કે " તમે હાર્યા અને હું જીત્યો. હવે કાં તો મારી ચરણસેવા સ્વીકારો અને કાં તો મને વરો ! "

આજના પ્રયોગથી ચંદ્રાવતીનું અભિમાની હૃદય પીગળીને પાણી જેવું થઇ ગયું હતું. તે એકદમ અંબડના ચરણમાં નમી પડી અને પોતાની ઉદ્ધતાઇ તથા સ્વચ્છંદ માટે ક્ષમા યાચતી કહેવા લાગી કે—" આજથી મારૂં સર્વસ્વ આપના ચરણમાં જ નિવેદન કરી હું સર્વ ઉપાધિથી મુક્ત થઉં છું. એક નારીને ન છાજે તેવો ઉન્મદ અને ઉત્પાત કર્યો તે માટે હું પસ્તાઉં છું. હું મારૂં કર્તવ્ય ભૂલી અને ખોટે માર્ગે ચડી ગઈ તે બદલ આપ જે પ્રાયશ્ચિત્ત ફરમાવો ને પાળવા તૈયાર છું. આજથી મને આપનીજ એક દીન દાસી માની આપની છાયામાં આશ્રય આપશો. "

અંબડે તેને સ્નેહ પૂર્વક આલીંગન આપ્યું, અને પૂછ્યું કે—" બીજી બધી વાત જવા દઇ મને માત્ર એટલું કહો કે આ નગરમાં આવો વિપરીત આચાર સર્વત્ર દેખાય છે તેનું શું કારણ? મને તેનો સંતોષકારક ખુલાસો હજી સુધી મળી શક્યો નથી. માટે તે બધી વાત તમે પોતે જ કહો તો બહુ સારૂં. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" આ નગર મેં પોતે જ મારી પોતાની શક્તિથી સ્થાપ્યું છે અને મારી શક્તિથી જ ચાલે છે. મારી શક્તિના પ્રતાપેજ મેં સૌને વિપરીત આચાર પાળતા બનાવી દીધા છે. તેમાં જો કઈ પણ દોષ હોય તો તેને માટે હું પોતે જવાબદાર છું. રૈયત તો બિચારી મારી આજ્ઞા પ્રમાણે જ ચાલી રહી છે." ચંદ્રાવતીએ સરળ ભાવે પોતાના પતિદેવ પાસે યથાર્થ હકીકત કહી દીધી.

" પણ તમારી પાસે એવી તે કઈ શક્તિ છે તે જરા કહેશો ? " અંબડે પુનઃ પ્રશ્ન કર્યો.

" આપને પતિ તરીકે માન્યા અને સ્વીકાર્યા પછી આપની પાસે કોઇ પણ વાત છુપાવવી એ અધર્મ છે. તેથી આપ જે કઇ પૂછો તેના સંપૂર્ણ સત્ય ઉત્તર આપવા તૈયાર છું. હવે મારી પાસે કઇ કઇ શક્તિ છે અને તે કઇ કઈ વિદ્યાના પ્રતાપે મને પ્રાપ્ત થઈ છે તે આપને કહી દઉં. પ્રથમ તો, મને આકાશગામી વિદ્યા સારી પેઠે આવડે છે, વળી ચિંતિતગામી વિદ્યા પણ મને પ્રાપ્ત થઇ છે અને તે ઉપરાંત સ્વરૂપ પલટાવવાની તેમજ આકર્ષણ કરવાની–આકર્ષણી વિદ્યા પણ હું મેળવી ચૂકી છું." ચંદ્રાવતીએ પોતાના અંતરના ગુપ્ત રહસ્ય એકે એક પ્રકટ કરવા માંડ્યા.

ચંદ્રાવતીને આટઆટલી અપૂર્વ વિદ્યાઓ વરી છે તે જાણી અંબડને પણ ભારે હર્ષ થયો. પોતાના ભાગ્યની મનમાં ને મનમાં તે સ્તુતિ કરવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પરાક્રમી અંબડ અને શક્તિમતી ચંદ્રાવતીના પરસ્પર સંમેલનથી બન્નેના દિવસો સુખ–આનંદ અને વિલાસમાં વ્યતીત થવા લાગ્યા. થોડા દિવસ પછી અંબડે સુવર્ણ–રત્ન આદિ મહા મૂલ્યવંતી સામગ્રી પોતાની સાથે લઇ, ચંદ્રાવતીની સાથે પોતાના ગામ તરફ પ્રસ્થાન કર્યું.

ગોરખ યોગિની પાસે અંબડ અને ચંદ્રાવતીએ જઇ પ્રેમપૂર્ણ નમન કર્યું. અંબડને ક્ષેમકૂશળ પાછો આવેલો જોઈ ગોરખ યોગિનીએ પોતાનો સંતોષ પ્રદર્શિત કર્યો. અંબડે શતશર્કરા વૃક્ષનું ફળ યોગિનીના પાદપંકજમાં સવિનય અર્પણ કર્યું અને થોડી આડીઅવળી વાતો કરી અંબડ અને ચંદ્રાવતી, ગોરખ યોગિનીના આશ્રમમાંથી નીકળી પોતાને ઘેર ગયા. એ રીતે તેઓ રોજ ભાતભાતના સુખ–વિલાસ ભોગવતા દિવસો નિર્ગમવા લાગ્યા.


# જૈન સસ્તી વાંચનમાળા.

દર વરસે રૂ. ૩) માં ૯૦૦ પૃષ્ટનાં ઇતિહાસીક પુસ્તકો નીયમીત આપે છે, માટે ગ્રાહક થવા વિલંબ ના કરતા—


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# દ્વિતીય આદેશ

એ વાતને થોડા દિવસો થઈ ગયા. ત્યારબાદ એક સુંદર પ્રભાતે અંબડ-ક્ષત્રિયે-ગોરખ યોગિનીના આશ્રમમાં જઇ યોગિનીને પુન: અભિવંદન કર્યું અને ભક્તિભાવ પૂર્વક કહ્યું કે:—

"હે માતા! હવે આપનો બીજો આદેશ સુણાવો. જેમ પ્રથમ આદેશનું પરિપાલન કર્યું તેમ આપના દ્વિતીય આદેશનું પાલન કરવા મન-વચન-કાયથી પ્રયત્ન કરીશ."

"વત્સ! અહિંથી દાક્ષણ દિશામાં, એક વિશાળ સમુદ્રની વચ્ચે હરિછિત્ર નામનો એક દ્વીપ છે, અને તે દ્વિપની અંદર કમલ કાંચન નામનો યોગી વસે છે, તેની આંધારિકા નામની કન્યાને લઇ આવ, એ મારો બીજો આદેશ છે,"

અંબડ હરકોઇ પરાક્રમ કે સાહસ માટે પ્રથમથી જ તૈયાર હતો. યોગિનીના આદેશપાલનથી પોતાનું કલ્યાણ થવાનું છે એવી તેને દ્રઢ આસ્થા બંધાઇ ગઇ હતી. તેથી એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના "તથાસ્તુ" કહી ગગનમાર્ગે, સમુદ્રની મધ્યમાં આવેલા હરિછિત્ર નામના દ્વીપ તરફ ચાલી નીકળ્યો.

ફળ-ફુલ અને વનરાજીથી મનોરમ લાગતા એક વનને વિષે તેણે આરામ લીધો. એ ગાઢા વનની આસપાસ સાગરની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લ્હેરો ઉછાળા મારી રહી હતી. દેવ-દેવીઓને માત્ર રમવા ખાતર જ જાણે આ પ્રદેશ નિર્માયો હોય તેવો તે શાંત અને પવિત્ર લાગતો હતો. અંબડને ખાત્રી થઈ કે ગોરખ યોગિનીએ સમુદ્રની અંદર જે હરિછત્ર નામનો બેટ કહ્યો છે તે જ આ હોવો જોઇએ. પણ જો આ તે જ બેટ હોય તો કમલકાંચન યોગીની કુટીર શી રીતે શોધી કાઢવી એ એક મ્હોટી મુંઝવણ થઇ પડી.

અંબડ બેઠો હતો ત્યાંથી ઉઠીને ઉભો થયો અને કમલયોગીની શોધ કરવા માર્ગ કાપવા લાગ્યો. તે હજી થોડે દૂર જાય છે તેટલામાં સામેથી કોઇ એક પુરૂષ આવતો જણાયો. અંબડ તેને કંઇક પૂછે તે પહેલાં પેલો પુરૂષ જ બોલી ઉઠયો કે:–" અહો અંબડ–ક્ષત્રિય ! ઘણે દિવસે આ વનમાં આપનાં પનોતાં પગલાં થયાં ! "

દૂર દૂરના એકાંત જંગલમાં રહેનારો આ પુરૂષ પોતાનું નામ જાણે છે તે જોઇ અંબડને આશ્ચર્ય તો થયું. પણ મનના એ આશ્ચર્યભાવને મનમાં જ દાબી દઇ તે બોલ્યો:–" અહીં કમલકાંચન નામના એક યોગી વસે છે એમ સાંભળ્યું છે. તો આપ તેમનો આશ્રમ બતાવવાની કૃપા કરશો ? મારે તેમની પાસે બહુ જરૂરનું કામ છે. "

" તમે જે યોગીને શોધવા નીકળ્યા છો તેજ યોગી આજે પોતાની મેળે પગે ચાલીને તમારી પાસે હાજર થઇ ગયો છે. સ્પષ્ટ શબ્દોમાં કહેવાની જરૂર હોય તો તમે જેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મળવા માગો છો એ કમલકાંચન યોગી હું પોતે જ છું." નવા આવનારે પોતાનો આત્મપરિચય આપ્યો.

અંબડ સ્હેજ ઝંખવાણો પડ્યો. પણ તેને આ જાતનો અનુભવ કંઈ પહેલીવારનો ન હતો. તેથી તે તરત જ સ્વસ્થ થયો, અને બીજી કેટલીક આડી અવળી વાતો કરી, મૂળ વાતને વિસારે પાડવાનો પ્રયત્ન કર્યો.

આ પ્રમાણે એક તરફ અંબડ અને કમલકાંચન યોગી વાતચીત કરી રહ્યા છે તેટલામાં નજીકમાં જ કોઈ એક નારી રડતી હોય તેવો રૂદનસ્વર સંભળાયો. કમલકાંચન યોગી તત્કાળ ઉભો થયો અને જઇને જોયું તો પોતાની પુત્રી અંધારિકા, એક ખુણામાં બેસી વલોપાત કરતી આંખમાંના અશ્રુ વહેવરાવી રહી હતી. યોગીએ આમ અચાનક રડવાનું કારણ પૂછ્યું એટલે આંધારિકાએ કહ્યું કે:—

"પિતાજી, આમ અજાણ્યા થઇને મને કાં પૂછી રહ્યા છો? આ અંબડ નામનો ધૂર્ત્ત પુરૂષ મને પકડીને લઈ જવા માટે જ અહીં સુધી આવ્યો છે એ હકીકત શું તમે પોતે નથી જાણતા?" એટલું બોલતાં આંધારિકાનું હૈયું ઉભરાઈ આવ્યું.

"હું જ્યાંસુધી જીવતો-જાગતો બેઠો છું ત્યાંસુધી કોઈની તાકાત નથી કે તને હાથ પણ અડાડી શકે. મારી હૈયાતીમાં તારો વાંકો વાળ કરનારને હું યમધામમાં મોકલી દઉં! આ આખા દ્વીપમાં એક પણ માણસ એવો નથી કે જે મારા બળ-સામર્થ્યની બરાબરી કરી શકે. તો પછી તારે આમ શા સારૂ ગભરાવું જોઇએ તે મને નથી સમજાતું."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યોગી અને તેની આંધારિકા વચ્ચેની આ છુપી વાતચીત, અંબડ આઘે ઉભો ઉભો કાન માંડીને સાંભળી રહ્યો હતો. પોતાના ઉદ્દેશની આ કન્યાને આમ વગરકહ્યે શી રીતે ખબર પડી હશે તેનો તે નિર્ણય ન કરી શકયો. પણ એ વિચારનેં મનમાંથી હાંકી કાઢી તેણે તત્કાળ એટલો નિશ્ચય તો કરી લીધો કે " આ લોકો પુરેપુરા ખબરદાર હોવાથી મારે બહુ સંભાળથી પ્રપંચજાળ પાથરવી પડશે. "

એટલામાં કમલકાંચન યોગી પણ ત્યાં આવી પહોંચ્યો. અંબડે જાણે કાંઇ જ ન સાંભળ્યું હોય અને સાવ નિર્દોષપણે આવી ચડ્યો હોય એવો ભાવ મ્હોં ઉપર આણ્યો. પરન્તુ આ યોગી કંઈ છેક દેખાવ માત્રથી છેતરાય એવો કાચો ન હતો. તેણે અંબડની પાસે આવતાવેંત જ કહી દીધું:-" ગોરખ યોગિનીના આદેશથી તમારૂં અત્ર આગમન થયું છે ને ? "

અંબડે પણ હવે ખરી હકીકત છુપાવવી એ ઠીક નહીં એમ ધારી ઉત્તર આપ્યો:-" તમારૂં અનુમાન બરાબર છે. હું એ યોગિનીના આદેશથી જ આ તરફ આવી ચડયો છું. "

" ભલે, હું તમને મારા અતિથિ તરીકે આવકાર આપું છું. આપ સુખેથી અહીં રહો અને આનંદ કરો. " એમ કહી કમલકાંચન યોગીએ પોતાના એક શિષ્યને સાથે મોકલી અંબડ –ક્ષત્રિયને પોતાના રહેવાના ઘર તરફ રવાના કર્યો. અંબડ પણ યોગીની રજા લઇ પેલા ભોમીયા સાથે ચાલી નીકળ્યો.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કમલકાંચન યોગીને કાગી અને નાગી નામની બે સ્ત્રીયો હતી. આજે અંબડ નામનો એક ક્ષત્રિય અતિથિ આવવાનો છે એમ તે અગાઉથીજ જાણી ગઈ હતી. તે બન્ને જણીઓ ઉંબરામાં ઉભી ઉભી રાહ જોતી હતી તેટલામાં અંબડ ત્યાં આવી પહોંચ્યો.

“ અંબડ તમારૂં જ નામ ને ? ગોરખ યોગિનીના આદેશથી વનમાં ભમનાર તમે પોતે જ કે ? ” કાગી અને નાગી બન્ને સ્ત્રીઓ એકી સાથે બોલી ઉઠી.

આભાર અને આશ્ચર્ય સાથે અંબડે સહેજ મસ્તક નમાવી પોતાની સમ્મતી સૂચવી.

તે પછી કાગી અને નાગીએ અનેક પ્રકારની મીઠી મીઠી વાતો કહી અંબડને સ્નેહથી નવરાવ્યો, ભાતભાતના ભોજન રાંધી અંબડની થાળીમાં પીરસી, આગ્રહ કરી તેને તૃપ્ત કર્યો. પણ આ બધો સ્નેહ, માયા, મમતા કેવળ કૃત્રિમ હતી એનું અંબડને ભાન ન રહ્યું. ઉભય નારીઓની સ્નેહ-જાળમાં તે સપડાયો.

અંબડ જમીને પરવાર્યો અને ઘડીવાર બેઠો એટલામાં તે એક મરદ મટી પામર–અસહાય કુકડો બની ગયો. કાગી ને નાગી નામની દુષ્ટાએ ભોજનની અંદર જ એવી ઔષધી ભેળવી દીધી કે એ ભોજન જમ્યા પછી અંબડ પોતાનો નર-દેહ ગુમાવી બેઠો. ખરેખર નસીબ શું નથી કરતું ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

**आरोहति गिरिशिखरं समुद्रमुल्लंघयति याति पातालं**
**विधिलिखिताक्षरमालं फलति कपालं हि भूपाल—**

વિધિના લેખં કોઇ દીવસ મિથ્યા ન થાય ! વિધિજ પ્રાણી માત્રને પર્વતના શિખરે ચડાવે છે, વિધિજ સમુદ્રની પેલીપાર લઇ જાય છે અને વિધિ જ મનુષ્યોને પાતાળ પર્યંત પહોંચાડે છે. પોતાના બાહુબળથી એક ક્ષણ પહેલાં પૃથ્વીને ધ્રુજાવતો અંબડ–ક્ષત્રિય અત્યારે સાવ નિરૂપાય બની ગયો ! ભલભલા વિદ્યાધરો અને શૂરવીરોની સાથે સ્પર્ધા કરતો અંબડ, એક પામર પક્ષીની કોટીમાં આવી પડયો ! તેનું બળ તેની બુદ્ધિ, તેની વિદ્યા અને તેની કળા–કુશળતા એ સૌ તેને બચાવવાને નિષ્ફળ નીવડયાં ! મ્હોટા મ્હોટા ચમરબંધી પણ કીસ્મત્ પાસે ગરીબ ગાય જેવા બની જાય છે એમ જે કહેવાય છે તે કંઇ ગાંડાનો પ્રલાપ માત્ર નથી; પણ તે અક્ષરશઃ સત્ય છે.

અંબડ કુકડો બન્યો એટલે કાગી નાગી નામની કુલટા સ્ત્રીઓ તેને ક્રૂરપણે પજવવા લાગી. પોતે જાણે બીલાડીઓ હોય અને કુકડારૂપી શીકાર માંડ માંડ હાથ આવ્યો હોય તેમ તે અંબડને પજવવા લાગી. અંબડની દશા ખરેખર દયાજનક હતી. ન તેનાથી માણસની જેમ બોલાય કે ન તેનાથી સામે થવાય. મનમાં સમજીને બેસી રહેવા સિવાય બીજો એકે ઉપાય અત્યારે ન ચાલયો કાગી–નાગીના તોફાન તેણે મુંગે મ્હોઢે વેઠી લીધા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કમલકાંચન યોગી પણ કોઇ કોઇ વાર આ કુકડાની સામે રાષપૂર્ણ નજર કરી જાણે ધિક્કાર વરસાવતો હોય તેમ કહેતો કે અરે! ભલા માણસ? તને બીજુ કંઈ ન સૂઝયું કે તેં મારી આંધારિકાને લઇ જવાનું સાહસ કર્યું? તારી કુબુદ્ધિનાં કડવાં ફળ હવે તુંજ ભોગવ! તને સલાહ આપનારા સૌ આઘે રહ્યા અને તું પોતેજ તારી જાળમાં સપડાઈ ગયો!" અંબડનો આત્મા આ ઊદ્દગાર સાંભળી અંદરખાને તો ઘણોજ ઊકળી આવતો. પણ વાચા વિના તે શી રીતે ઉત્તર આપે?

આવી રીતે દુ:ખમાં ને દુ:ખમાં અંબડે કેટલાક દિવસ કાઢી નાખ્યા! તે હિમ્મત ન હાર્યો કોઇ એક શુભ ક્ષણે પોતે પાછો મનુષ્ય થશે અને આ અમાનુષી અત્યાચારનો બદલો લેશે એવી આશા રાખી મુક્તિના દિવસ ગણવા લાગ્યો.

છેવટે અંબડ નહીં, પણ કાગી નાગી અને કમલકાંચન યોગી આ કુકડાથી કંટાળ્યા. એક દિવસે યોગીએ પોતાની બન્ને પ્રિયાઓને સંબોધીને કહ્યું કે:—" હવે આ પાપને આપણા ઘરમાંથી કાઢીએ તો સારૂં. એનો આખો અવતાર હવે આમ કુકડા પેઠેજ વ્યતીત થવાનો એ ચોક્કસ. તે આપણે ત્યાં પડયો રહે તેના કરતાં જંગલના ટાઢ–તડકા અને ભુખનાં દુ:ખ વેઠે એ જ તેને માટે યોગ્ય સજા છે. માટે ગમે તેમ કરીને તેને વનમાં છૂટો મુકી દ્યો. વનના વિકરાળ પશુ–પક્ષી કાં તો તેને ફાડી ખાશે અને કાં તો ભુખ-તરસથી પીડાઇ કમોતે મરી જશે એટલે આપણે આ નકામી ઉપાધિથી વગર મહેનતે બચી જશું."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાગી નાગીને આ સલાહ ગળે ઉતરી. તે બન્ને જણીએ ગાઢ અરણ્યમાં, જ્યાં માણસનો પ્રવેશ સરખો પણ ન થઇ શકે ત્યાં જઈ આ કુકડાને છૂટો મૂકી આવી.

અંબડનું ભાગ્ય આજ પ્રસંગની રાહ જોતું બેઠું હતું. માણસનું ભાગ્ય ક્યારે અને કેવી રીતે પલટાય છે તે નિશ્ચયપૂર્વક કહેવાને કોણ સમર્થ છે ? ઘણીવાર મનુષ્યો બીજાનું ભૂંડુ કરવા જતાં ઉલટું તેનું કલ્યાણ જ કરતા હોય છે. અંબડને વિષે પણ એમજ થયું. કાગી ને નાગીએ અંબડને રીબાવવા સારૂ વનમાં મુક્યો તો ખરો, પણ ત્યાં અંબડનું ભાગ્ય ચમક્યું.

એક દિવસે કુકડાના રૂપમાં સર્વત્ર વિચરતો અંબડ વનના એક નિર્જન ભાગમાં આવેલી વાવમાં પાણી પીવા ઊતર્યો. તરસ ખૂબ લાગેલી હોવાથી ધરાઇને ગળા સુધી પાણી પીધું. હવે પાણી પીને જેવો બહાર નીકળ્યો કે તરત જ તેં હતો તેવો મનુષ્ય બની ગયો !

તેણે વિચાર કર્યો કે આમ એકાએક મારૂં સ્વરૂપ પલટાઈ જવામાં શું કારણ હશે ? વિચારનાઅંતે નિશ્ચય કર્યો કે આ વાવના પાણીમાં જ એવું કંઈક સામર્થ્ય છે કે જેને લીધે રૂપાંતર પામેલો પ્રાણી પાછો હતો તેવો મનુષ્ય થઇ જાય.

આવો નિશ્ચય કરી પ્રસન્નચિત્તે તે વનમાં આગળ વધ્યો. જતાં જતાં રાત્રી પડવાથી એક વૃક્ષની ઓથે નિદ્રા લેવાના ઇરાદાથી વૃક્ષનાં પાંદડાં આઘાપાછાં કરી સ્હેજ અંગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંભાળ્યું. એટલામાં દૂરથી કોઇ સ્ત્રીનાં કરૂણ રૂદન સ્વર તેના કાને આવતાં હોય એવો ભાસ થયો. બરાબર લક્ષ આપીને સાંભળ્યું તો ખરેખર જ કોઈ અનાથ સ્ત્રી ડુસકા ભરીભરીને રોતી હોય એવી અંબડને ખાત્રી થઇ. પછી તો નિદ્રા નિદ્રાને ઠેકાણે રહી અને અંબડ એક વીર પુરૂષની જેમ તે રૂદનસ્વરવાળી દિશામાં ચાલ્યો.

રસ્તે જતાં જતાં વિચાર કરવા લાગ્યો કે:—" અરેરે ! આ નિર્જન અરણ્યમાં બિચારી કોમળસ્વભાવ નારીને કોણ પજવતું હશે ? જે ઠેકાણે સૂર્યનાં કીરણો પણ ધ્રુજતાં ધ્રુજતાં પ્રવેશ કરે ત્યાં આગળ દુષ્ટ મનુષ્યો કેવાં પાખંડ રચી મનુષ્યત્વને શરમાવે છે !

રૂદન કરતી સ્ત્રીની પાસે જઇ અંબડે પ્રશ્ન કર્યો કે:—" હે સુલોચને ! તું કોણ છે ? અને તારે માથે એવી તે કઇ મ્હોટી આપત્તિ છે કે જેથી રડી રડીને આ વનનાં વૃક્ષને પણ દયાર્દ્ર બનાવી મૂકે છે ? "

વીણાના સ્વરને પણ લજ્જિત કરે એવી મિષ્ટ વાણીમાં પેલી ભયભીત સ્ત્રીએ પોતાનો વૃતાન્ત સંભળાવવો શરૂ કર્યો.

" હે નરપુંગવ ! રોલગપુર પત્તનના રાજા હંસની હું રાજકુંવરી છું. મારૂં નામ રાજહંસી છે. હું ઉમ્મરલાયક થઇ એટલે મારા પિતાએ હરિશ્ચંદ્ર નામના એક રાજકુંવરને મારૂં પાણિગ્રહણ કરવા સારૂ નિમંત્રણ મોકલ્યું. એ નિમંત્રણને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માન આપી લગ્નને દિવસે તે કુંવર આવી પહોંચ્યો. લગ્નની બધી તૈયારીઓ આગળથી જ કરી રાખી હતી. માત્ર અમારો હસ્તમેલાપ થાય એટલી વિધિ જ બાકી હતી. પુરોહિતો અને સગાં-સ્નેહીઓ અમન-ચમન ઉડાવતાં અહીં તહીં ફરતા હતા. હસ્તમેલાપને હવે બહુ વાર ન હતી. હું મારા શયનાગારમાં જઇ ઉંચામાં ઉંચી જાતનાં વસ્ત્રાભૂષણો પહેરવાની તૈયારી કરતી હતી અને હજી તો સૂર્યદેવે પ્રસન્ન થઇ મને સમર્પેલી કંચુકી પહેરી રહું એટલામાં કોણ જાણે ક્યાંથી એક મહા દુષ્ટ પુરૂષ મારા અંતઃપુરમાં અકસ્માત્ દાખલ થયો. તેણે મને ધમકી આપી મારી કંચુકી પડાવી લેવાનો પ્રપંચ કર્યો. પણ હું તેની સામે ઠેઠ સુધી ઝુઝી ! છેવટે બળપૂર્વક મારી કંચુકી ઉતારવાનો પ્રયત્ન કરવામાં પણ તેણે બાકી ન રાખી. પરંતુ મારી દ્રઢ અનીચ્છા પાસે તેનું કંઇ જ ન ચાલ્યું છેવટે તે ક્રોધથી ધમધમી ઉઠ્યો. તેણે મને ત્યાંથી એમને એમ ઉપાડી આકાશમાર્ગે ઉડવા માંડયું. ભયને લીધે મારી આંખો મીંચાઇ ગઇ ! પછી શું બન્યું તે હું નથી જાણતી. એ દુષ્ટ પુરૂષ મને અહીં એકલી મુકીને ગયો છે, પણ જરૂર તે અહીંથી બહુ દૂર નહીં ગયો હોય. મારી આ કંચુકીનો તેને ભારે મોહ લાગ્યો છે. પણ હું મારા પ્રાણના ભોગે પણ આ કંચુકી તેની પાસે જવા નહીં દઉં. આટલામાં જો બીજો કોઇ સત્પુરૂષ વસતો હોય અને મદદ કરે તો હું એ દુષ્ટના પંજામાંથી બચી જઉં એવી આશાથી આ અંધારી રાત્રીએ હું રૂદન કરતી હતી. મારા સદ્‌ભાગ્યે તમે આ તરફ આવી ચડ્યા. ”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજહંસી કઇંક વધુ બોલવા જતી હતી. પણ એટલામાં અંબડ જ બોલી ઉઠ્યો કે:—" સૂર્ય દેવ તમારીપર શી રીતે પ્રસન્ન થયા ? અને તમને આ કંચુકી શા સારૂ આપી ? "

રાજકુમારી સ્હેજ સ્વસ્થ થઇ, આંખમાંના અશ્ર લુછી નાખી પોતાનો જુનો વૃતાન્ત કહેવા માંડ્યો:—

" તે વખતે હું છેક ન્હાની ન હતી. બાલ્યભાવ વટાવી યુવાનીના ઓટલા ઓળંગતી હતી. મારા માતપિતાએ મને સરસ્વતી નામની એક પંડિતાની પાઠશાળામાં ભણવા મોકલી. હું સરળભાવે એ પંડિતા પાસે શાસ્ત્ર–સાહિત્ય વિગેરે શીખતી. મારી સાથે કુલીન કુળની બીજી સાત કુમારિકાઓ પણ એજ પંડિતાની પાઠશાળામાં નિયમિત ભણવા આવતી. અમે સાતે જણીઓ સખીભાવથી પરસ્પરને હેતથી મળતી–હળતી. એક દિવસે અમે આઠે જણીઓએ વિચાર કર્યો કે આજે તો આપણે પાઠશાળામાં જ સૂઈ રહીશું. અમારા માતપિતાને સરસ્વતી પંડિતા પ્રત્યે ખુબ શ્રદ્ધા હોવાથી તેમણે અમારા પ્રસ્તાવ વિષે વાંધો ન લીધો. તે રાત્રીએ અમે પાઠશાળામાં સૂતાં તો ખરાં, પણ પૂર્વે કોઇ દિવસ ન જોયેલું એવું એક મહદ્ આશ્ચર્ય નીરખ્યું. "

રાજહંસીએ આટલું કહી એક ઉષ્ણ નિશ્વાસ મૂકયો. ભૂતકાળના સ્મરણમાત્રથી તેનું કાળજું તડપતું હોય એવાં ચિન્હ તેના વદન ઉપર તરી આવ્યાં.

પુનઃ તે સ્થિર થઇ નિર્ભયપણે કહેવા લાગી:—" અમને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આઠે જણીઓને ભરનિદ્રામાં સૂતેલી સમજી પંડિતાએ એક મ્હોટું માંડલું રચ્યું અને એ માંડલાની અંદર ચોશઠ જોગિણીઓને ક્રિડા કરવા આવાહન કર્યું. આકાશમાં વિજળી ઝળકે તેમ :એક પછી એક એમ ચોસઠ જોગણીઓએ આ માંડલાની અંદર પ્રવેશી રાસડા લેવા માંડ્યા.

સરસ્વતી પંડિતાએ, જોગણીઓની પ્રસન્નતાનો લાભ લેવાના આશયથી પ્રાર્થના કરી કે—" મારા જેવી એક દરિદ્ર દાસીને તમારે એકાદી સિદ્ધિ તો જરૂર આપવી જોઇએ."

એક યોગિનીએ જવાબ આપ્યો—" સિદ્ધિ આપવામાં અમારી ના નથી. પણ વિધિ વિના સિદ્ધિ ન મળે ! જો એમ જ સિદ્ધિઓ વેરવા માંડીએ તો જગત્માં સિદ્ધિની એક કોડી જેટલી પણ કીમત ન રહે. "

" આપ આજ્ઞા કરો તે પ્રમાણે વિધિ કરવામાં મને કોઇ જાતની હરકત નથી. " પંડિતાએ ઉત્સુકતા પ્રકટ કરી.

" પહેલા પ્રાણપિંડ આપ, પછી અમે તને સિદ્ધિ સમર્પીશું. " ચોસઠ જોગણીઓએ એક સાથે ઉચ્ચાર કર્યો.

" પ્રાણપિંડ અથવા તો ભોગ એ જ આપને સર્વને અભીષ્ઠ હોય તો આ આઠે કુમારિકાનાં બલિદાન તૈયાર છે. આપ તે બલિદાનની વિધિ કહો એટલીજ વાર. આપને માટે મારે કંઇ નવાં બલિદાન શોધવા જવું પડે એમ નથી. "

અમારાં આઠ કુમારિકાનાં બલિદાન મળશે એ વાત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાંભળતાં વેંત ચોસઠ જોગણીઓનાં મ્હોંમાં પાણી આવી ગયાં ! તેમણે કહ્યું:—" એને માટે કૃષ્ણ ચતુર્દશીનો, રવિવારનો દિવસ અતિ યોગ્ય થઇ પડશે. તે દિવસે બપોરના સમયે અમે તારે ત્યાં આવશું. તું આ આઠે કન્યાઓને નૈવેદ્ય સાથે તૈયાર રાખજે." એટલું કહીને જોગણીઓ અંતર્હિત થઇ ગઈ.

હવે તમે જ કહો કે આ સંસારમાં મરણ સિવાય બીજી કઈ વસ્તુ ભયંકર છે ? માણસની નજર સામે મૃત્યુ દેખાતું હોય તો તેને રાજવૈભવ પણ ખારાં ઝેર થઇ પડે. અમારાં બલિદાન દેવીને ધરાશે એ વાત સાંભળી અમારાં હૈયાં કમકમી ઉઠયાં ! અમને કોઇને તે રાત્રીએ પૂરી ઉંઘ ન આવી. ક્યારે સવાર પડે અને આ દુષ્ટા સરસ્વતીના ઝુંપડામાંથી નાસી છૂટીએ એ જ ચિંતામાં અમે આખી રાત્રી પસાર કરી.

સવાર થતાં જ અમે આઠે કુમારિકાઓએ ઉઠી, ગત રાત્રિવાળી ઘટના મારા પિતા—રાજાજીને કહેવાનો અને અમારા માથે ભમતા વિઘ્નનું નિવારણ કરવા સૂર્યની આરાધના કરવાનો નિશ્ચય કર્યો.

મારા પિતાને તો આ વાત સાંભળી એટલો બધો ક્રોધ વ્યાપ્યો કે તેમણે તે જ ક્ષણે સરસ્વતી પંડિતાનો વધ કરવા પોતાના અનુચરોને આજ્ઞા દઇ દીધી. પરંતુ મેં મારા પિતાજીને પુરેપુરા વિનય સાથે આજીજી કરી તેવું ઉતાવળું સાહસ કરતાં રોકયા. મેં કહ્યું કે " એ બ્રાહ્મણી બહુ અધમ અને નિષ્ઠુર છે. કોઇ પણ પ્રકારનું ક્રૂર કર્મ કરતાં તેને જરાય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંકોચ થાય એમ નથી. એવાં દુષ્ટ મનુષ્યોને છંછેડવા સિવાય બની શકે તેટલું પોતાનું આત્મરક્ષણ કરી લેવું એ જ હિતાવહ છે. ”

“ પણ એ દુષ્ટાનાં પ્રાણ લીધા સિવાય બીજી શી રીતે આત્મરક્ષણ કરવું એ મારાથી નથી સમજાતું. ” રાજાએ ક્રોધના આવેશમાં ઉદ્‌ગાર કહાડ્યા.

મેં ઉત્તર આપ્યો: “ અમે સૂર્યની આરાધના કરવાનો નિશ્ચય કર્યો છે. અમને ખાત્રી છે કે તેથી અવશ્યમેવ અમારો વિજય થશે. ”

“ તો પછી એ આરાધનામાં હવે એક ક્ષણ જેટલો પણ વિલંબ ન કરવો જોઇએ. ” રાજાએ અમને ઉત્તેજન આપતાં કહ્યું.

ત્યારબાદ અમે પુરેપુરી શ્રદ્ધા–ભક્તિથી આદિત્યદેવની આરાધના કરી અને અમારી ભકિતથી પ્રસન્ન થઈ સૂર્યદેવે સાક્ષાત્ દર્શન આપી મને આ કંચુકી સમર્પણ કરી એટલુંજ નહીં પણ મારી બીજી સખીઓને તેણે એક એક અદ્‌ભૂત ગોળી પણ આપી. વિશેષમાં સૂર્યદેવે અમને સમજણ આપી કે: “ પુત્રીઓ ! જ્યારે પેલી દુષ્ટ સરસ્વતી, જોગણીએ આપેલી સાડી પહેરે ત્યારે રાજકુમારીએ આ કંચુકી પહેરી લેવી અને બાકી તમારે સૌએ મ્હોંની અંદર એક એક ગોળી રાખી મુકવી. એટલું કરશો તો તમારો વાંકો વાળ પણ કોઇથી નહીં થઇ શકે. દુષ્ટ સરસ્વતી પોતે જ પોતાની મેળે પંચત્વ પ્રાપ્ત કરશે. ”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ પ્રમાણે અમને ભલામણ કરી સૂર્યદેવ અદૃશ્ય થઈ ગયા. અમારી આ આરાધના અને વરદાનવાળી વાતનો એક અક્ષર સુદ્ધાં પણ બીજા કોઇના કાને ન ગયો. પ્રથમની જેમ અમે પંડિતાની પાઠશાળામાં ભણવા જવાનું પણ ચાલુ જ રાખ્યું.

એક દિવસે પંડિતાએ અમને પાસે બોલાવીને, માતાના જેવો સ્નેહ દાખવતાં કહ્યું કે—"પુત્રીઓ, તમારી ઉપર કોઇ એક મ્હોટી આપત્તિ ઉતરવાની હોય એમ મને મારા જ્ઞાનમાં સ્પષ્ટ દેખાય છે. એ આપત્તિમાંથી જો તમારે છૂટવું હોય તો હું તમને તેનો એક રસ્તો બતાવું."

અમે પણ એવી જ કૃત્રિમ માયાથી જવાબ આપ્યો કે:—"આ સંસારમાં અમારી વાસ્તવિક માતા જો કોઇ હોય તો તે તમેજ છો. તમને અમારાં સુખ-દુ:ખની જેટલી ચિંતા હોય તેટલી બીજી કોઇ નારીને ન હોય. અમારા શિર ઉપર ભમતી આપત્તિમાંથી અમને મુકત કરવા આપને જે યોગ્ય લાગે તે માર્ગ દર્શાવો. આપની આજ્ઞા એ જ અમારો ધર્મ છે."

સરસ્વતીનું હૃદય આનંદથી ફુલી ગયું. તેણીએ ધીમેથી કહ્યું કે—" જુઓ, આજે રવીવાર છે. આજના જેવો ઉંચો દિવસ ફરીફરીને પ્રાપ્ત થવો દુર્લભ છે. આજે બપોરે તમે આઠે જણીઓ મારે ત્યાં આવજો, તમારે શું કરવું ને શું ન કરવું એ બધું હું તમને તે વખતે સમજાવીશ."

વખતસર બપોરે અમે ત્યાં ગયાં. પંડિતાએ આઠ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુંડાળાં કરી એક એક કુંડાળામા એક કુમારિકા એવી રીતે અમને બેસાર્યાં. પછી, નૈવેદ્ય, પૂજા, મંત્ર વિગેરે પ્રાથમિક વિધિ પતાવી પંડિતા એક ઓરડાની અંદર ચાલી ગઇ. અમે પણ એ તકનો લાભ લઈ, સૂર્યદેવે આપેલી કાંચળી તેમજ ગોળીઓનો ઉપયોગ કરી લીધો. હવે સરસ્વતી પંડિતા જેવી સાડી પહેરીને બહાર નીકળી કે તરતજ અમે આઠે સખીઓએ મળી તેની ઉપર હલ્લો કર્યો અને પેલી સાડી જબરજસ્તીથી ખેંચી લીધી. સાડી એ જ તેનું જીવન હતું, એટલે એ દુષ્ટાએ તત્કાળ ત્યાં ને ત્યાં જ પોતાનો દેહ છોડી દીધો. લોકોને જ્યારે આ બનાવની ખબર પડી ત્યારે તેમણે અમારી ઉપર ધન્યવાદનો ભારે વરસાદ વરસાવ્યો.

રાજકુમારી–રાજહંસી એ રીતે પોતાની પ્રભાવવંતી કાંચળીનો ઇતિહાસ કહેતાં, અંબડની આંખ સામે પુનઃ રડી પડી અંબડે આશ્વાસન આપતાં કહ્યું:—“ હે સુભગે ? તારે હવે ચિંતા કરવાનું કંઈજ કારણ નથી. હું તને મારા પ્રાણના ભોગે પણ બચાવી લઇશ. તારો વાળ સરખો પણ વાંકો કરવાને આ સંસારમાં કોઇ જ સમર્થ નથી.” અંબડે પોતાનું સાચું સ્વરૂપ પ્રકટ કરવા દેવકુમારનું રૂપ ધર્યું. રાજહંસી આ અલૌકિક સૌંદર્ય નિહાળી ઘડીભર દિગ્મૂઢ જેવી બની ગઇ. તેણીને ખાત્રી થઇ કે આ માણસ કંઇ જેવો તેવો નથી. વિદ્યા, બળ ને ઋદ્ધિનો એક ભંડાર જ જાણે પાસે આવી પડયો હોય એવી તેણીને ટાઢક વળી. પરણવું તો આજ પુરૂષને પરણવું, એવો પાકો નિશ્ચય કરી તે બોલી:—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હે સ્વામીન્ ! હું આપના ચરણમાં સદાને માટે દાસી બની રહીશ. આજે જે લગ્નનું શુભ મુહૂર્ત્ત હોવાથી મારૂં પાણિગ્રહણ કરો." અંબડે પણ તત્કાળ તેની સાથે લગ્ન કરી એક અસહાય નારીને આશ્રય આપ્યો. તે પછી ઘણા સુખના દિવસો તેમણે ત્યાં નિર્ગમ્યા.

પણ સુખના દિવસોને વીતતાં કેટલીવાર લાગે ? એક દિવસે રાજ હંસી ભૂલથી એક અજાણ્યા વૃક્ષનું ફળ ખાઇ ગઈ. એ ફળ ખાવાથી તેનો કોમળ નારીનો દેહ કમનસીબે ગર્દભીના રૂપમાં પલટાઈ ગયો.

અંબડને આ કાયાપલટ જોતાં ઘણું દુઃખ થયું. પણ તે એકદમ નિરાશ ન થયો. પેલી વાવનું પાણી અને એ પાણીમાં રહેલી શકિત તે હજી ભૂલી ગયો ન હતો. તે દોડતો જઇને એજ વાવનું પાણી લઇ આવ્યો અને રાજહંસીને પાયું. પાણી પીતાં જ રાજહંસી હતી તેવી થઇ ગઇ.

"આ અદ્ભૂત પાણીની અસર તમે શી રીતે જાણી શક્યા ?" એ પ્રશ્નના ઉત્તરમાં અંબડે પોતાની વીતક કથા કહી સંભળાવી.

"પણ જે ફળ ખાવાથી તમે ગર્દભી થયાં અને પેલી ડુશ્યા પાસેથી જે સાડી કુંટવી લીધી એ બધું કયાં છે તે મને કહેશો ?" અંબડની આ પ્રમાણેની જીજ્ઞાસાનો ઉત્તર વાળતાં રાજહંસીએ કહ્યું કે—"એ ફળ તો મારી પાસે જોઇએ તેટલાં છે. પણ સાડી તો મારા પિતાને ત્યાં—રોલગપુર પત્તનમાં જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડી છે. ત્યાં એકદમ શી રીતે સહિસલામત જવાય એજ ચિંતા મારા મનને મુંઝવી રહી છે."

"એમાં મુંઝાવા જેવું કંઇ જ નથી." એમ કહી અખંડ આકાશગામિની વિદ્યાના બળથી રાજહંસીની સાથે એકદમ ઉડ્યો. અને એકલી રાજહંસીને રાજાના અંતઃપુરમાં મુકી પોતે પાસેના વનમાં ચાલ્યો ગયો. રાજહંસીને જોઇ રાજા-રાણીને કેટલો આનંદ થયો હશે તેનું વર્ણન કરવું નકામું છે. માતપિતા ઘણા ઘણા વ્હાલથી-આંખમાં અશ્રુ આણી પોતાની આંખની કીકી જેવી રાજકુમારીને ભેટયા. એ પ્રાથમિક વિધિ પુરો થતાં રાજાએ પૂછ્યું કે:-"પણ તું અહીં એકાએક શી રીતે આવી શકી ? અમે તો કેટકેટલી ધરતી ખુંદાવી, પણ તારો પત્તો જ ન લાગ્યો."

પિતાના એ પ્રકારના પ્રશ્નનો ઉત્તર આપવા રાજહંસીએ અંબડની સાથેનો મેળાપ અને તે સંબંધી બધી ઇતિકથા સરળભાવે કહી સંભળાવી. પછી રાજાએ ભારે ધામધૂમપૂર્વક અંબડનું સામૈયું કર્યું અને તેને પોતાની વ્હાલી પુત્રી સાથે રાજ્યનો અર્ધો ભાગ પણ પોતાની રાજીખુશીથી અર્પણ કર્યો. રાજહંસીની સાતે સખીઓ કે જે સારા સમૃદ્ધ-સાહસિક વ્યાપારીઓની પુત્રીઓ હતી તેમણે પણ અંબડની વિદ્યા, બુદ્ધિ, બળ ઉપર મુગ્ધ થઇ તેની સાથે પાણીગ્રહણ કર્યું. એ પ્રમાણે અંબડ અને તેનાં સ્ત્રી-પરિવારના કેટલાય દિવસો આનંદ ને સુખશાન્તિમાં નીકળી ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંબડે એક દિવસે કહ્યું:–“ હવે આપણે અહીં ક્યાંસુધી પડી રહીશું ? મને આજે થોડા દિવસથી મારૂં ઘર સાંભરે છે. તમને કોઇને જો કંઇ હરકત ન હોય તો આપણે અહીંથી પ્રસ્થાન કરીએ. ” આઠમાંથી કોઇએ વાંધો ન લીધો. એટલે અંબડે રાજ્યની વ્યવસ્થા કરી, સૌની રજા લીધી અને એક મ્હોટા સૈન્ય સાથે પોતાની જન્મભૂમિ તરફ કૂચ કરી. સૈન્ય બધું પગપાળે ચાલતું, જ્યારે અંબડ પોતે ગગન માર્ગે ગતિ કરતો આગળ જવા લાગ્યો.

માર્ગમાં હરિછત્રદ્વીપ આવ્યું. અંબડના મનમાં પેલો ભૂલાયેલો પ્રસંગ અને પ્રતિજ્ઞા તાજાં થયાં. તેણે એકદમ કમલકાંચન યોગીનું રૂપ ધારણ કર્યું અને એ જ રૂપે કાગી–નાગીના આશ્રમ પાસે જઇને ઉભો રહ્યો. અંબડે પેલું કાયા પલટી નાખનારૂં ફળ અને વાવનું જળ પણ પોતાની સાથે ને સાથે જ રાખ્યું હતું.

પોતાનો સ્વામી–કમલકાંચન યોગી આવ્યો છે એમ માની કાગી–નાગી નામની તેની પ્રિયાઓએ અંબડને અભિ-વંદન કર્યું. અંબડે વધુ કંઇ જ વાત ન કરતાં કહ્યું કે:–“ વનમાંથી આ તાજું જ શાક લઇ આવ્યો છું તે સુધારીને એકદમ ચૂલે મુકી દો. મને બહુ જ ક્ષુધા લાગી છે. મારાથી હવે વધારે વિલંબ નહીં ખમાય. ” શાકની સાથે પેલું ફળ પણ આ અજ્ઞાન અબળાઓના હાથમાં ભેળવી દીધું.

સ્વામીની આજ્ઞાને પહોંચી વળવા કાગી–નાગી એકદમ

P.P. Ac. Gunratnasuri M.S.        Jun Gun Aaradhak Trust

રસોઇ કરવા મંડી ગઇ. બીજી તરફ અંબડે કાગી-નાગીનું સ્વરૂપ ધરી કમલકાંચન યોગી સમિપે જઇ જણાવ્યું કે:– "સ્વામીનાથ! આજે જરા વ્હેલા વ્હેલા પધારી ભોજનાદિ કરી લ્યો તો બહુ સારૂ. આપને માટે આજે ખૂબ સ્વાદીષ્ઠ શાક અમે કાળજીપૂર્વક તૈયાર કર્યું છે. વ્હેલા પધારી ઉન્હું ઉન્હું જમો તો અમારો આત્મા પ્રસન્ન થાય." પ્રિયતમાના મધુરાં વેણ સાંભળી યોગી પણ જમવા જવાને અધીરો થયો. કાગી-નાગીના જવા પછી તેણે પણ તરત જ ઘર તરફ પ્રયાણ કર્યું.

કમલકાંચન યોગી સ્હેજ આઘો ગયો એટલે પાછળથી અંબડે, તેની ઝુંપડીમાં પેસી આંધારિકાને ઉપાડી. આંધારિકા ભયભીત બની બૂમ પાડવા જતી હતી એટલામાં જ અંબડે બે-ચાર તમાચા એવા ચોડી દીધા કે આંધારિકા સીધી દોર જેવી ડાહી-ડમરી થઇ ત્યાં ને ત્યાં જ સ્થિર બની ગઇ. અંબડે તેને ઉપાડી આકાશમાર્ગે પોતાના સૈન્યની અંદર મુકી દીધી. રાજહંસીને કહ્યું કે–"હું પાછો આવું ત્યાંસુધી આ સ્રીની સંભાળ રાખજે. મને બહુ વિલંબ નહીં થાય."

હવે અંબડ પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં કમલકાંચન યોગીને ત્યાં આવીને જુવે છે તો ખૂબ ગમ્મત અને તોફાન મચી રહ્યાં છે. એક મ્હોટા ગધેડાને અને બે ગધેડીઓને ન્હાની શી ઝુંપડીમાં તોફાન કરતાં અને કર્કશ સ્વરમાં ભૂંકતાં જોઇ આસ-પાસના લોકો પણ મ્હોટી સંખ્યામાં એકઠાં થઇ ગયાં હતાં.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"પણ આ યોગી ને યોગિની આમ ગધેડાં શી રીતે બની ગયાં ?" એકજણે પૂછ્યું. બીજો કહે કે:–"ભાઇ ! કર્મની ગતિ જ કંઇક ન્યારી હોય છે !" ત્રીજો કહે કે:– "ગધેડાં બન્યાં તે તો ધૂળ નાખી, પણ આમ અંદર અંદર શા સારૂ પાટુ મારતા હશે ?" ચોથો કહે કે:–"એ તો જ્યારે માણસ હતાં ત્યારે પણ ગધેડા જેવાં જ હતાં તો પછી ગધેડાના સ્વરૂપમાં પાટુ મારે એમાં તો આશ્ચર્ય જેવું જ શું છે ?"

આ પ્રમાણે હજારો પ્રેક્ષકો પોતપોતાના તર્ક અને અનુમાન કરી રહ્યા હતા તે વખતે અંબડે ગંભીર સ્વરે ઉચાર્યું કે:–"હે કમલકાંચન ! હે કાગી–નાગી ? હવે પછી અંબડને કે કોઇને પણ કુકડો બનાવશો કે ?" સૌએ અંબડની તેજોમયી આકૃતિ સામે જોયું અને શાંત થઈ ગયા.

પછી આટલા મ્હોટા સમાજ વચ્ચે અંબડે એ યોગી કુટુંબ ઉપર ભારે ફીટકાર વરસાવ્યો. અને છેવટે પોતેજ આંધારિકાનું હરણ કરી ગયો છે. એમ પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું.

લોકોએ દયાર્દ્ર ચિત્તે અંબડને વિનંતિ કરી કે—"એ દુષ્ટોને તેમને યોગ્યજ સજા થઇ છે. પણ હવે તેમનો ઉદ્ધાર કરો તો બહુજ સારૂ."

લોક પ્રાર્થનાનો છેક અનાદર કરવો એ ઠીક નહીં એમ ધારી અંબડે પોતાની પાસેનું પેલું વાવવાળું પાણી કાઢીને તે ત્રણે જણને પાઇ દીધું. થોડીજ વારમાં એ પાણીના પ્રભા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

80841



વથી યોગી અને તેની બે સ્ત્રીઓ પુનઃ હતાં તેવાં થઇ ગયાં. લોકો આ અતિ આશ્ચર્યકારક ઘટના જોઈ કહેવા લાગ્યા કે:—"ખરેખર ! બળવાનને હમેશાં બળવાન જ મળે, વાદીને હમેશા વાદી જ મળે. અને ગુણીજનોને હમેશાં ગુણીજનો જ મળે એમાં તો લેશ માત્ર પણ અતિશયોકિત નથી. આ અંબડક્ષત્રિયે આજે ઠીક આ અભિમાની કુટુંબનો મદ ઉતાર્યો. શેરને માથે સવાશેર ન હોય તો આ દુનિયાજ ન ચાલે." એ પ્રમાણે વાર્ત્તાલાપ કરતા લોકો પોતપોતાને સ્થાને ગયા. અંબડ પણ પોતાના સૈન્યમાં આવી ભળી ગયો.

છેવટે અંબડ સસૈન્ય પોતાના પુરમાં આવી પહોંચ્યો. તેણે પહેલી જ તકે ગોરખ યોગિની પાસે જઇ નમસ્કાર કર્યા. અને આંધારિકાને પણ ઉપસ્થિત કરી. યોગિનીએ અંબડના બળ અને સાહસના મુક્તકંઠે વખાણ કરતાં કહ્યું કે:—"ધન્ય છે અંબડક્ષત્રિયની જનેતાને ! અંબડ સિવાય આ પરાક્રમ અને સાહસ અન્ય કોઇથી પણ ન સંભવે. આવા પુરૂષોને લીધે જ પૃથ્વીમાતા રત્નની ખાણ તરીકે ઓળખાય છે."

અંબડ પણ પોતાના પરિવાર સાથે સુખ–ભોગમાં જીવન ગાળવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# તૃતીય આદેશ.

ગોરખ યોગિનીએ ત્રીજીવાર અંબડને આદેશ આપ્યો:–

"સિંહલદ્વીપમાં સોમચંદ્ર રાજા વસે છે તેને ચંદ્રા નામની રાણી છે અને તેમને ચંદ્રયશા નામની એક પુત્રી છે. તેમના રાજભંડારમાં જે એક રત્નમાળા છે તે લઈ આવ."

પ્રથમની જેમ આ વખતે પણ અંબડ, યોગિનીનો આદેશ પાળવા તરતજ નીકળ્યો. કેટલેક દિવસે તે અભીષ્ટ-સ્થાન–સિંહલદ્વીપમાં આવ્યો અને વિવિધ પ્રકારનાં ફળ–ફુલથી મ્હેકી રહેલા એક ઉપવનને વિષે એક ઝાડની છાયા નીચે આરામ કર્યો. તે વિચાર કરવા લાગ્યો કે—"દ્વીપમાં તો દાખલ થયો, પણ હવે રાજભુવનમાં શી રીતે પેસવું ?" એટલામાં તેણે એક રૂપવતી યૌવનાને પોતાની પાસે થઇને ચાલી જતી નિહાળી. આ નારી જો બીજી હજારો નારીઓની જેવીજ હોત તો કદાચ અંબડનું ધ્યાન તે તરફ ન ખેંચાત. પણ ખૂબી તો એ હતી કે આ બાઈના કોમળ દેહના માથા ઉપર એક સુંદર ઉદ્યાન વિકસી રહ્યું હતું. અંબડને આ અદ્ભુતદૃશ્ય નિહાળી ઘણું જ આશ્ચર્ય થયું. તેણે મનમાં ને મનમાં જ નિશ્ચય કર્યો કે—"આ સુંદરીજ ઘણું કરીને ચંદ્ર-યશા પોતે હોવી જોઇએ. માથા ઉપર ઉદ્યાન રાખીને ફરનારી બાઇ કંઇ જેવી તેવી ન હોય." આવો વિચાર કરી તેણે કોઇ પણ પ્રકારના પૂર્વપરિચય કે ઓળખાણ–પીછાન વિના જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંબોધન કર્યું કે:—" હે ચંદ્રયશા ? આમ કયાં જવા નીકળ્યા છો ? " પેલી નવયુવતી આ સંબોધન સાંભળી સ્તબ્ધજ થઇ ગઇ. તેણીએ અંબડની મુખરેખા ઉપર તિવ્ર દૃષ્ટિપાત કરતાં ઉત્તર આપ્યો કે:—" ભલા માણસ ! ઓળખ્યા–પારખ્યા વિના કોઇને ચંદ્રયશાના નામથી બોલાવતાં તને કંઇજ સંકોચ નથી થતો ? દુનીયામાં જેટલી નારી છે તે બધી શું તારે મન ચંદ્રયશા જ છે ? ચંદ્રયશા તો રાજપુત્રી છે અને પોતાના અંતઃપુરમાં અત્યારે આરામ કરતી હશે. અલબત્ત, તે મારી સખી છે, પણ મારૂં નામ તો રાજલદેવી છે અને મારા પિતા વિરોચન અહીંના પ્રધાન છે. "

રાજલદેવી ત્યાંથી જવા પગ ઉપાડતી હતી તેટલામાં અંબડે પ્રશ્ન કર્યો કે—" પણ હે સુલોચને ! તમારા માથા ઉપર આ ઉદ્યાન શીરીતે ઉગ્યું તે જરા કૃપા કરીને આ અજાણ્યા પથિકને કહેશો ? " અંબડની વિનયનમ્ર વાણી અને તેની દૃષ્ટિમાંથી નીતરતા સૌજન્યે રાજલદેવી ઉપર અધિકાર સ્થાપ્યો. તે પોતાની આત્મકથા કહેવા લાગી:—

એક દિવસે હું અને મારી સખી ચંદ્રયશા વનમાં ક્રિડા કરવા ગયાં હતાં, ત્યાં એક વૃદ્ધ સ્ત્રીને જોઇ અમને કંઇક ગભરામણ જેવું થયું. પેલી ડોશી અમારાથી દૂર જવાને બદલે ઉલટી નજીક ને નજીક આવતી દેખાઈ. એટલે અમે મનમાં હિમ્મત આણી તેની સામે ગઇ અને એવીજ હિમ્મતથી ઉભી રહી. પછીતો વૃદ્ધાએ જ શરૂઆત કરી:— " હે પુત્રીઓ ? તમે કયાં જાઓ છો ? " અમને સારી મતિ સૂઝી કે બીજું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંઇ અવળું મ્હાનું બતાવવાને બદલે ચોખ્ખું ને ચટ કહી દીધુ કે—“ અમે તો તમારા જ દર્શન કરવા અને તમારાજ પગમાં પડવા આવતાં હતાં. ” ડોશીમાને અમારો ઉત્તર સાંભળવાથી બહુજ સુખ થયું હોય એમ તેના પ્રસન્ન વદન ઉપરથી અમે બરાબર જોઇ શકયા.

માજીએ કહ્યું:—“ હે બાળિકાઓ ? જો તમે બન્ને જણીઓ મારી સાથે આવો તો હું તમને ઇશ્વરદર્શન કરાવું!”

અમે પ્રશ્ન કર્યો—“ માજી ! એ ઇશ્વર કોણ, કયાં રહે છે અને ત્યાં શી રીતે જવાય ”

માજીએ ખુલાસો કરતાં કહ્યું:—“ એ ઇશ્વરને લોકો શંકરના નામથી ઓળખે છે. તે પોતાની પ્રિયતમા પાર્વતી સાથે કૈલાસ પર્વત ઉપર જ વસે છે. ત્યાં જો તમારે દર્શન કરવા આવવું હોય તો હું મારી પોતાની અચિંત્ય શકિતથી તમને સાથે લઇ જઉં, હું પોતે તેમની એક પ્રતિહારિકા છું. ” અમને તો જોઇતું હતું ને વૈદે બતાવ્યું એવો ઘાટ થયો. અમે બન્ને સખીયો માજીની સાથે એકદમ કૈલાસપર્વતના શિખરે આવીને ઉભી રહી. સાક્ષાત્ શંકર ને પાર્વતીજીનાં દર્શન કરી ભારે તૃપ્તિ મેળવી. ઘડીવાર તો જાણે આ બધું સ્વપ્ન હોય એવોજ અમને તો ભાસ થયો. અમે માજીને પૂછયું પણ ખરૂં કે—“ માજી ! આ બધું ઐશ્વર્ય દેખાય છે તે વસ્તુતઃ કૈલાસનું જ છે કે માત્ર ભ્રમ છે. ”

“ આ સર્વ નિર્મળ સત્ય છે. ” એમ માજી કહેવા જતાં હતાં એટલામાં શિવે જ વૃદ્ધા માતાની સામે જોઇ પૂછયું:—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" આ બન્ને કુમારિકાઓ કોણ છે ? " માજીએ ઉત્તર આપ્યો કે—" એ બન્ને બાળાઓ મૃત્યુલોકમાં વસે છે. માત્ર આપના દર્શન કરવા માટેજ અહીં સુધી આવી છે. " મહેશ્વર આ ઉત્તર સાંભળી ભારે સંતુષ્ઠ થયા. તેમણે પોતે રાજકુમારિકાના કંઠમાં એક દિવ્ય રત્નમાળા પહેરાવી અને મને પોતાનો કુર્મદંડ આપી કૃતાર્થ કરી. એ માળા અને દંડના પ્રભાવ વિષે તેમણે સંક્ષિપ્તમાં જ કહી દીધું કે:—" માળાના પ્રતાપે મનનું ધાર્યું રૂપ લઇ શકાશે અને એ માળા પહેરનાર જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં તેનો જયજયકાર વર્ત્તશે ! કુર્મદંડના પ્રભાવે સઘળા શત્રુઓ અને રોગો પણ શાંત થઇ જશે, "

છતાં અમે તો એક જ વાત પકડી રાખી કે:–" હે દેવ ! આપના દર્શન અને ચરણસેવા અર્થે અમે નિત્ય આપની પાસે આવી શકીએ એવી કંઈક વ્યવસ્થા કરો તો જ અમને સંપૂર્ણ સંતોષ થાય. ત્યાં સુધી તો આ માળા અને દંડ પણ અમને શું ઉપયોગી થવાનાં હતાં ? " અમારા શબ્દોથી મહાદેવ ઘણા જ પ્રફુલ્લ થયા. તેમણે તત્કાળ એક ત્રિદંડ નામનું વૃક્ષ અમને ભળાવ્યું અને કહ્યું કે " આ વૃક્ષ રોજ તમને મારા દર્શન કરાવશે. "

પછી તો માજી પોતે અમને મૃત્યુલોકમાં મુકી ગયા. " હવે અમે રોજ નિયમિત સમયે પેલા વૃક્ષ ઉપર ચડી શિવદર્શને કૈલાસમાં જઇએ અને પાછા નીચે ઉતરી વૃક્ષને આંગણાની વચમાં રોપી દઇએ. "

આ આશ્ચર્યકારક વાર્ત્તા સાંભળવાથી કોને વિસ્મય ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થાય ? અંબડને પણ ઘણોજ વિસ્મય થયો. પરન્તુ તેને તો પેલા માથા ઉપર રહેલા ઉદ્યાન વિષે ખુલાસો સાંભળવાની તાલાવેલી લાગી હતી. તેથી પ્રશ્ન કર્યો કે:—" પરન્તુ આ ઉદ્યાન તમારા મસ્તક ઉપર શી રીતે ખીલ્યું ? "

" એ સંબંધે પણ એવી જ એક આશ્ચર્યવાર્ત્તા છે " એમ પ્રસ્તાવનારૂપે કહી, પુનઃ રાજલદેવીએ પોતાનો આત્મ-વૃતાન્ત આ પ્રમાણે કહેવા માંડયો:—

" ત્રિદંડ નામના વૃક્ષ ઉપર બેસી અમે રોજ શિવનાં દર્શને જતાં હતાં એ વાત તો તમે જાણો છો જ. એક દિવસે અમને કૈલાસમાં જતાં જોઈ સૂર્યને શંકા થઇ કે—" અરે આ કોઇ ભયંકર શક્તિ મારો ગ્રાસ કરવા સારૂ તો આ તરફ ધસી આવતી નહીં હોય ને ? " પણ જેવાં અમે તેની પાસે પહોંચ્યા કે તરત જ તેની શંકા શમી ગઇ. તેણે અમને પૂછયું—"તમે રોજ આ તરફ કયાં જાઓ છો ? " ઉત્તરમાં અમે અમારૂં સર્વ વૃતાન્ત વિસ્તારથી કહી સંભળાવ્યું. સૂર્યદેવને થયું કે—" અહો ! આટલી ન્હાની ઉમરમાં આ બાળાઓ પોતાના ઈષ્ટદેવ તરફ કેવી ભક્તિ અને આસ્થા ધરાવે છે ? " એટલે તેણે પ્રસન્નતા પૂર્વક કહ્યું કે—" હે બાળાઓ ! તમારી મહા-દેવ તરફની ભકિત જોઇ હું બહુ પ્રસન્ન થયો છું. તમારે જે વરદાન જોઇતું હોય તે ખુશીથી માગીલ્યો ! " વસ્તુતઃ અમારે કંઇજ માગવાપણું ન હતું. " અમને અમારી ઇશ્વર-ભકિતમાં કોઇ પ્રકારનું વિઘ્ન ન નડે, એ સિવાય અમારી બીજી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક પણ વાંછના કે આકાંક્ષા નથી," આ ઉત્તર સાંભળી સૂર્યદેવ અધિક પ્રસન્ન થયા. એટલે તેમણે પોતેજ રાજકુમારીને એક સરસ તિલકાભરણ પોતાના ભંડારમાંથી ભેટ કર્યું અને મને આ રસાળ ઉદ્યાન સમર્પી કૃતાર્થ કરી. સૂર્યદેવે પોતે સોંપેલા આ ઉદ્યાનનાં ફળ–ફુલ વડે અમે રોજ શિવની આરાધના અને ઉપાસના વિગેરે કરતાં."

તે પછી અંબડ, રાજલદેવી સાથે નગરમાં ગયો. ત્યાં તેણે સરીયાન રસ્તા ઉપર ઉભા રહી નટનું રૂપ ઉપજાવ્યું, અને નાટક ભજવવું શરૂ કરી દીધું. મૃદંગ ઉપરની એક થાપ સાંભળતાં જ એ મધુર સ્વરની મોહિનીથી આકર્ષાઇ સંખ્યાબંધ નગરજનો એકઠા થઇ ગયા. "ખરેખર ! આ નટ કોઇ અદ્દભૂત વ્યકિત છે. આવી નાટ્યકળા તો કોઇ દેવને પણ હજી સુધી નથી વરી." એ પ્રમાણે નગરજનો અંબડરૂપી નટના મ્હોંફાટ વખાણ કરવા લાગ્યા. નાટકની શરૂઆત તો અંબડે એકલાએ જ નટના રૂપથી કરી, પણ જેમ જેમ બીજી નટીઓની જરૂર પડતી ગઇ તેમ તેમ તેણે બરાબર ૩૧ નટડીઓ ઉપજાવી પોતાનો નાટારંભ જમાવી દીધો. આ જાહેર નાટ્યને લીધે જનસંખ્યા એટલી બધી ખેંચાઇ આવી કે ઘરનાઘર અને દુકાનો પણ લગભગ નિર્જન જેવી થઇ ગઇ.

ચંદ્રયશાને પણ તેની કોઇ દાસીએ આ પ્રસિદ્ધ નાટારંભના સમાચાર આપ્યા. એટલે તે પણ ઉતાવળે ઉતાવળે આ નાટ્ય જોવા દોડી આવી. ત્યાં બીજી નટડીઓ સાથે પોતાની પ્રાણપ્રિય સખી રાજલદેવીને પણ નૃત્યગાન કરતી જોઇ ચંદ્ર-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યશા તો છેક આભી જ બની ગઇ ! તેનાથી સહસા બોલાઇ જવાયું—"અરે સખિ ! તને આ શું ગાંડપણ સૂઝ્યું ? કંઇ ભૂત-પ્રેત તો નથી વળગ્યું ને ? આપણાથી તે આમ જાહેરમાં નૃત્ય-ગીત થાય ?"

રાજલદેવીએ નિર્ભયપણે ચોખ્ખો જવાબ સંભળાવી દીધો કે:—"હે સખિ ! અત્યારે લાજ-શરમ રાખવી મને નહીં પાલવે ! નાદ એ તો પાંચમો વેદ છે, સુખીજનોને સુખના કારણરૂપ, દુઃખીઓને વિનોદરૂપ, શ્રવણ અને હૃદયને હરનારા એવા કામદેવના અગ્રદૂત રૂપ તેમજ કામિનીઓને માટે વલ્લભ રૂપ જો કોઇ હોય તો આ સંગીતરૂપી પંચમ વેદ જ છે."

નાટકમાં મસ્ત બનેલી રાજલદેવીનો આ ઉત્તર સાંભળી ચંદ્રયશા કંઇ જ ન બોલી. એટલામાં તો રાજલદેવીનાં માત-પિતા પણ તે જ સ્થળે આવી પહોંચ્યા. તેમણે પોતાની પુત્રીને નાચતી-ગાતી જોઇ, રાજાજી પાસે પહોંચી ફર્યાદ કરી કે—"હે પૃથ્વીનાથ ! કોઇ ધૂતારાએ આવી મારી ગરીબ ને ભોળી પુત્રીને ઠગી લીધી છે અને તેની પાસે જાહેરમાર્ગ ઉપર જ નૃત્ય-ગીત કરાવે છે." રાજાને પોતાને પણ આ ચમત્કાર સાંભળી બહુ લાગી આવ્યું. તે પોતાના અનુચરો સાથે નાટકવાળા સ્થળે સ્વયં હાજર થયો.

આ તરફ અંબડ વિષ્ણુ, મહેશ અને બ્રહ્માના મોહક વેષ લઇ સારી યે મેદનીને વશીકરણ કરી રહ્યો હતો. અંબડના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હાવભાવ, નૃત્ય, ગીત અને સૂર–તાલથી લોકો છેક અંજાઇ જ ગયા હતા એમ કહીએ તો પણ કંઈ જ અતિશયોકિત ન ગણાય. શાંતિ અને ગંભીરતાનું એવું એક છત્રી સામ્રાજ્ય સ્થપાયું કે કોઇને સ્હેજ બેસૂરો શબ્દ પણ લોકોને માથાના ઘા જેવો લાગતો.

છેવટે નાટક પુરૂં થયું ત્યારે જાણે શ્રોતાઓ અને પ્રેક્ષકો એકાદ સરસ સ્વપ્નમાંથી ઉઠતા હોય તેમ જાગ્રત થયા. પોતે નાટક જોવા આવ્યા છે અને માર્ગ ઉપર ઉભા રહ્યા છે એ વાતનું પણ તેમને અત્યાર સુધી વિસ્મરણ જ થઈ ગયું હતું. રાજા પોતે આ નાટ્યપ્રયોગથી બહુજ પ્રસન્ન થયો. તેણે રત્ન, સુવર્ણ, વસ્ત્ર, આભરણ વિગેરે મહામૂલવંતી સામગ્રી વડે અંબડનો સત્કાર કરવાનું ઇચ્છયું, પણ અંબડે રાજાની એક પણ વસ્તુનો સ્વીકાર ન કર્યો. રાજાને અને લોકોને પણ દીલમાં વસી ગયું કે " આ નટ કોઇ સામાન્ય માણસ નહીં પણ વિદ્યાધર અથવા તો સિદ્ધકુમાર જ હોવો જોઇએ. " અને જો એ વાત ખરી હોય તો જેમ કામરહિત પુરૂષને નારી નકામી છે, નિર્લોભીને રાજભંડાર નકામો છે તેમ આ દેવ-પુરૂષને પણ આ બધી કીમતી ભેટો શા કામની ?

રાજા તરફની કે અન્ય કોઇ નગરજનની કિંચિત્ માત્ર પણ ભેટ સ્વીકાર્યા વિના અંબડે પોતાનો નાટ્ય પ્રયોગ સમાપ્ત કર્યો. લોકો તેની કળાકૂશળતાના અને ત્યાગવૃત્તિના વખાણ કરતાં પોતપોતાનાં સ્થાને ચાલ્યા ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજલદેવી પણ અંબડની રજા લઇ પોતાના પિતૃગૃહે ગઇ. તેણીએ ઉંબરામાં જેવો પગ મુકયો કે તુર્ત જ તેનાં માબાપે તેને ઉધડી લીધી. તેઓ કહેવા લાગ્યાં કે—" અરે ભોળી છોકરી ? પેલા ઠગારા નટે ભોળવી ત્યાં સુધી તને તારી કે તારા કુટુંબની લાજ–આબરૂની કંઇજ ખેવના ન થઇ ? તેં હાથે કરીને અમારૂં નાક વઢાવ્યું." રાજલદેવી આ બધા વાકપ્રહાર મુંગે મ્હોઢે સાંભળી રહી. " એક સ્થળે કહ્યું છે કે—ગુરૂજનોના કડવાં વેણ સાંભળી પચાવી લેવા એના જેવું બીજું એક પણ શૂરાતન નથી. પોતાનાજ ઘરના ખોરા જાર–બાજરી હોય તો પણ સ્વતંત્ર સ્વભાવના માણસો તે અમૃત જેવા મીઠાં માનીને આરોગે છે, કોઇના આશ્રયે જીવવું તેના કરતાં મરી જવું એ વધારે સારૂં છે અને ગરીબ માણસો ઉપર દયા કરવા જતાં કદાચ દારિદ્રય પ્રાપ્ત થાય તો તે પણ એક જાતનું ઐશ્વર્ય જ છે."

રાજલદેવી પોતાના માબાપ અને ભાઇ–ભાંડુઓના તિરસ્કાર સાંભળી, આખરે થાકી, તેણીથી બોલાઇ જવાયું કે—" એ ગમે તેવો ધૂર્ત્ત હોય તો પણ મારો તો તે પતિ થઇ ચૂકયો છે. મારે મન એ પ્રભુ છે."

સાયંકાળે જ્યારે તે પોતાની સખી ચંદ્રયશા પાસે ગઈ ત્યારે ચંદ્રયશાએ પણ પહેલો પ્રશ્ન એ જ પૂછયો કે:— " આજે તું જેની સાથે નાટક કરતી હતી તે પુરૂષ કોણ છે ? તેની આવડત અને બાહોશી ઉપરથી તો ખરેખર તે કોઇ કળાકૂશળ હોય એમ જ લાગે છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજલદેવીએ, અંબડ સંબંધી આજ સુધીનો પોતાનો બધો અનુભવ ચંદ્રયશા પાસે નિવેદન કર્યો. ચંદ્રયશા ઉપર એ નિવેદનની એવી તો ઉંડી અસર પડી કે તેનાથી સ્હેજે બોલાઇ જવાયું કે:—" હું પણ હવે વરૂં તો તે પુરૂષને જ વરૂં. આ સંસારમાં બીજા પુરૂષો મારે હવે ભાઇ–બાપ સમાન છે. "

રાજલદેવીએ જવાની રજા માગી એટલે ચંદ્રયશાએ, ગરીબ ગાયની જેમ પ્રાર્થના કરી કે—" બ્હેન ! આજે તે પુરૂષને તું મારા અંતઃપુરમાં મોકલીશ ? " " ભલે " એમ કહી રાજલદેવી પોતાના ઘરે પહોંચી.

થોડીવારે અંબડ પણ રાજલદેવી પાસે આવી હાજર થયો. પછી રાજલદેવીએ, આજે સાંઝે ચંદ્રયશા સાથે થયેલી વાર્તા અથેતિ અંબડને કહી સંભળાવી. વિશેષમાં જણાવ્યું કે— " સોનાના ઝરૂખાવાળા રાજમહેલમાં મારી સખી–ચંદ્રયશા આજે તમારી રાહ જોતી બેસી રહેશે. માટે આજે તમે ત્યાં જઇ તેને શાંત્વના આપી આવો તો બહુ સારૂં. "

રાત્રીનો એકાદ પ્હોર વીતતાં અંબડ રાજસુતાના આવાસે પહોંચ્યો. અંબડને માન–સન્માન વડે વધાવી પ્રસન્ન કરવામાં રાજસુતાએ કોઇ વાતની બાકી ન રાખી. ઘણીવાર સુધી બન્ને સ્નેહીઓએ વિવિધ પ્રકારની વાતો કરી પરસ્પરનાં દીલ જીતી લીધાં.

વિદાયગીરી લેતી વખતે અંબડે પોતાની હાથચાલાકી અજમાવી. તેણે જતાં જતાં રાજસુતા માટે પાનની એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બીડી તૈયાર કરી અને એ બીડીની અંદર પેલા ફળનું બારીક ચૂર્ણ મેળવી દીધું.

અજ્ઞાન રાજસુતાએ અંબડના હાથની પાનની બીડી ભારે પ્રેમ પૂર્વક આરોગી. મ્હોડી રાત્રીએ અંબડ રવાના થયો અને રાજસુતા પણ અનેક વિધ સુરમ્ય સ્વપ્ન અનુભવતી નિદ્રાવશ થઇ ગઇ !

પ્રાતઃકાળમાં ચંદ્રયશાની સખીઓએ આવીને જોયું તો ચંદ્રયશા ન મળે ! તેને બદલે એક ગધેડી આમતેમ આંટા મારતી હતી.

દાસીઓનાં મ્હોં લેવાઈ ગયાં. તેમણે રાજા પાસે જઇ સમાચાર આપ્યા કે—" રાજકુંવરી તો માણસ મટી ગર્દભી થઇ ગયાં છે. "

રાજાએ પોતે આવીને તપાસ કરી તો એ સમાચાર સંપૂર્ણ સત્ય લાગ્યા. પોતાની એકની એક વ્હાલમાં વ્હાલી પુત્રીને અકસ્માત ગર્દભીના રૂપમાં ફરતી જોઇ તેનું હૃદય ચીરાઇ જવા લાગ્યું. પણ શું કરે ? તેનો એકે ઉપાય અત્યારે ચાલી શકે તેમ ન હતું. તે મનમાંને મનમાં જ સમસમીને બેસી રહ્યો. બીજા પણ અસંખ્ય ગામલોકો આવી, કપાળે હાથ મુકી, નિસાસા નાખતાં ચાલ્યા ગયા.

વૈદ્ય, બાવા, ભૂવા, જોશી વિગેરેને બોલાવી મંત્ર તંત્ર, જાપ વિગેરે કરાવવામાં રાજાએ કંઇ જ મણા ન રાખી. એટલું છતાં રાજકુમારી ગધેડી મટીને સ્ત્રી ન થયાં, રાજાની અકળામણ રોજ રોજ વધતી ચાલી. આખરે તેણે ઢંઢેરો પીટાવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાહેર કર્યું કે—" જો કોઇ મારી પુત્રીને આરામ કરી આપશે તો હું તેને એક કરોડ સોનામ્હોરનું દાન આપીશ." આ લાલચ સાંભળી ઘણા ઘણા મંત્ર-તંત્રશાસ્ત્રીઓએ આવી પોતાના ઉપાય અજમાવ્યા, પણ કોઇની કારી ન લાગી.

રાજાનું બધું સુખ સૂકાઈ ગયું તેને આહાર-નિદ્રા અકારાં થઈ પડ્યાં. છેવટે રાજલદેવીએ આવી રાજાને સમજાવ્યો કેઃ—" તમે અર્ધું રાજ્ય અને રાજકુમારી આપવાનો એકવાર ઢંઢેરો પીટાવી જુવો. કુંવરી કરતાં અધિક પ્રિય આપણને બીજું શું હોય ?"

રાજલદેવીની સલાહ પ્રમાણે રાજાએ બીજીવાર ઢંઢેરો પીટાવ્યો કે--" જો કોઇ રાજકુંવરીને હતી તેવી બનાવી દેશે તો હું તેને મારૂં અર્ધ રાજ્ય અને તે કુંવરી પણ સમર્પી દઈશ."

આ સાદ સાંભળી અંબડે એક યોગીનું સ્વરૂપ લીધું, અને ભરસભામાં આવી ઉચ્ચાર્યું કેઃ—" હું પોતે તમારી પુત્રીને સંપૂર્ણ આરામ કરી દઇશ." રાજાને એકદમ વિશ્વાસ તો ન બેઠો. પણ આશાને લીધે તેણે યોગીની માગણી કબૂલ રાખી.

અંબડે ત્રણ દિવસ સુધી રાજપુત્રીના આવાસમાં રહી ભાતભાતના દેવતારાધન અને ઢોંગ કર્યાં. કારણ કે સભામાં, વહેવારમાં, શત્રુઓની વચમાં, સ્ત્રીઓમાં અને રાજકુલમાં એવા આડંબર કર્યા વિના નથી ચાલતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચોથે દિવસે સર્વ સભ્યો અને રાજકુટુંબીઓની હાજરીમાં અંબડે રાજકન્યાને નવો અવતાર કરી. હાજર રહેલાં બધાં જ સ્ત્રી-પુરૂષો આ દેખાવ જોઇ ભારે આશ્ચર્યમાં ડુબી ગયાં. પરસ્પરમાં તેઓ કહેવા લાગ્યા કે—" ખરેખર ! આ માણસ કોઇ સામાન્ય દેહધારી નથી. કાં તો વિદ્યાધર અને કાં તો કોઇ મહા યોગીરાજ તે હોવો જોઇએ. "

રાજાએ ઢંઢેરામાં સૂચવ્યા પ્રમાણે પોતાનું અર્ધ રાજ્ય અને રાજકન્યા અંબડને ભારે સમારોહ સાથે સમર્પણ કર્યાં. રાજલદેવીના માત પિતાએ પણ પ્રસન્ન થઇ પોતાની પુત્રી અંબડને વેરે પરણાવી દીધી !

આ પ્રમાણે ચો તરફ કુશળ-મંગળ પ્રવર્ત્તી રહેવાથી અંબડ પણ થોડા દિવસ ત્યાં જ રોકાઇ ગયો. પછી પોતાની સ્ત્રીઓની સાથે કીમતી રત્નસામગ્રી લઇ રથનુપૂરનગરમાં આવી પહોંચ્યો.

ગામમાં પ્રવેશ કરતાં જ તે સૌ પ્રથમ ગોરખ યોગિની પાસે ગયો અને પ્રણામ કરી પેલી રત્નમાળા તેના ચરણમાં ધરી દીધી. આ વખતે પણ ગોરખ યોગિનીએ પુષ્કળ ધન્યવાદ આપી અંબડને ઉત્સાહિત કર્યો.

અંબડે પોતાના રાજવૈભવ અને રમણીઓ સાથેના સુખ-વિલાસમાં ઘણા દિવસો વીતાવ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ચતુર્થ આદેશ.

ગોરખ યોગિનીને પ્રણામ કરી અંબડ ક્ષત્રિય બેઠો, એટલે યોગિનીએ પ્રસન્નચિત્તે ચતુર્થ આદેશ સંભળાવ્યો:—

“ નવલક્ષ નામના નગરમાં એક મ્હોટો વ્હાણવટી રહે છે તેના ઘરમાં લક્ષ્મીનો પાર નથી. તે ઉપરાંત તેને ત્યાં એક વાંદરી પણ છે. એ લક્ષ્મી અને વાંદરી બન્ને લઈ આવ. ”

યોગિનીનો આદેશ માથે ચડાવી અંબડ ત્યાંથી ચાલી નીકળ્યો. જતાં જતાં માર્ગમાં એક સરસ સુગંધવન નામનું વન આવ્યું. આ વનમાં જાણે સાક્ષાત્ વસંતઋતુ બારે માસ નિવાસ કરતી હોય તેમ સ્વાભાવિક સૌંદર્ય પૂરબ્હારમાં વિકસી રહ્યું હતું. વૃક્ષો અને કુંજો પણ ફળ–ફુલો વડે ઝુલી રહ્યાં હતાં. શૂષ્કતા કે દીનતાનું નામ પણ કોઈને અહીં આવ્યા પછી ન સાંભરે. આ વનસૌંદર્ય નિહાળવાથી અંબડને બહુ જ આનંદ થયો. તે નિરાંતે બેઠો બેઠો આસપાસની વનશ્રી નીહાળે છે તેટલામાં વનશ્રી પોતે જ માર્ગમાં ભૂલી પડી ગઈ હોય તેમ વિજળીના તેજ:પુંજ સમી એક દેદીપ્યમાન બાલિકા ત્યાંથી પસાર થઈ ગઇ. એ સૌંદર્ય ને લાવણ્યના ભારથી છલકતી બાળિકાને નિહાળી અંબડની આંખો અંજાઇ ગઇ ! થોડીવાર સુધી તો તે બાળિકાની પાછળ મીટ માંડી જોઇ રહ્યો. પણ જેવી તે અદૃશ્ય થઇ કે તરત જ પોતાના ભાગ્યને ધિક્કારતો



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંબડ એબાકળો ઉઠીને ઉભો થયો. તેણે આસપાસ તપાસ કરી, પણ વિજળીના વેગે જતી બાળિકાને તે પકડી શકયો નહીં. તે નિરાશ હૃદયે, લમણે હાથ દઇ એક સ્થાને બેસી ગયો. તેની આંખમાંનિરાશા ને ગ્લાનિને લીધે થોડાં અશ્રુબિન્દુ પણ ઉભરાઇ આવ્યાં. અંબડ જેવા એક શૂરવીર ક્ષત્રીયની આંખમાં આંસુ આવ્યાં એ વાત સાંભળી કદાચ તમને આશ્ચર્ય થશે. તમે કહેશો કે "એવા વીર પુરૂષ રોવા બેસે એ વાત ન માની શકાય." અંબડક્ષત્રીય ભારે પરાક્રમી અને કળા કૂશળ હતો એ વાત નિર્વિવાદ છે. પણ કામદેવના બાણે ભલભલા શૂરવીરોની પણ કેવી દુર્દશા કરી છે તેનો વિચાર કરશો તો તમને આ અંબડના રૂદનમાં પણ કંઈજ આશ્ચર્ય નહીં લાગે. કહ્યું છે કેઃ—

विकलयति कलाकुशलं हसति शुचिं पंडितं विडंबयति
अधरयति धीरपुरुषं क्षणेन मकरध्वजो देवः

મકરધ્વજ દેવ કળાકુશળોને પણ અકળાવે છે, પવિત્ર પુરૂષોને હાસ્યાસ્પદ બનાવે છે, પંડિતને પજવે છે અને ધીર પુરૂષો પણ પોતાનું ધૈર્ય હારી જાય છે. એ દ્રષ્ટિએ જોતાં અંબડની આંખમાંથી આંસુ પડે અથવા તેના જેવા પુરૂષ હતાશ થઇ જાય એમાં કંઈ બહુ આશ્ચર્યની વાત નથી.

એ જ વનની મધ્યમાં એક દિવસે અંબડ બેઠો બેઠો કંઈક તર્કવિતર્ક કરતો હતો એટલામાં એક બટુકે આવી તેની પાસે એક સરસ ફળ મૂકયું અને પ્રણામ કરીને વિનયસહિત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહ્યું કે:—" આપ કૃપા કરીને મારી સાથે પધારશો ? આપને અમરાવતી પોતાને ત્યાં મળવા આમંત્રે છે. "

અંબડને આ અમરાવતીનું નામ છેક નવીન હતું તે કોણ છે, ક્યાં રહે છે અને પોતાને શા સારૂ આમંત્રે છે તેનો નિર્ણય તે ન કરી શકયો. બટુકને જ અંબડે પૂછયું:—" પણ એ અમરાવતી કોણ છે ? "

ભાગવાન બટુકે અમરાવતીનો આખો ઇતિહાસ કહેવો શરૂ કર્યો:—" અહીં અગ્નિકુંડ નગરમાં દેવાદિત્ય નામનો રાજા રાજ્ય કરે છે. તેને ઘણી રાણીઓ છે અને પુત્રો પણ પારવગરના છે. સૌ રાણીઓમાં જે પટ્ટરાણી છે તેનું નામ લીલાવતી છે. એક દિવસે એક રાણીએ રાજાને પોતાના મહેલમાં ભોજન કરવા બોલાવ્યા. ભોળો રાજા જમવા ગયો પણ ભોજન કરીને જેવો ઉભો થવા જાય છે તેટલામાં તે પોપટ થઇ ગયો. રાજાએ મનુષ્યનો દેહ પલટી પોપટનું ખોળીયું પહેર્યું તે જાણી આખા નગરમાં હાહાકાર ફેલાઇ ગયો. રાજા પોતે ધાર્મિક અને પ્રજાકલ્યાણની ભાવનાવાળો હોવાથી પ્રજા તેને પોતાના દેવ સમાન લેખતી. પછી તપાસ કરતાં જે રાણીએ રાજા ઉપર કામણ કર્યું હતું તેને પકડી દેશપાર કરી દીધી. પટ્ટરાણી-લીલાવતી એ પોપટનું પોતાના પતિની જેમ જ રીતસર રક્ષણ કરવા લાગી.

એક દિવસે પોપટને વાચા થઇ. તે બોલ્યો:—" હવે તો મને ચિતામાં બાળી નાખો તો આ દુઃખથી મુક્ત થઉં. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાના આ દુઃખોદ્‌ગાર સાંભળી તેમનો આખો પરિવાર શોકસાગરમાં ડુબી ગયો. ખરેખર ! કર્મની ગતિ વિચિત્ર છેઃ-

**रमाराज्यभ्रंशः स्वजनविरहः पुत्रमरणं**
**प्रियाणां च त्यागो रिपुबहुलदेशे च गमनं**
**हरिश्चंद्रो राजा वहति सलिलं प्रेतसदने**
**अवस्था तस्यैषा अहह विषमाः कर्मगतयः**

કર્મની એ વિષમ ગતિને લીધે જ હરિશ્ચંદ્રને રાજપાટ છોડવાં પડયાં, પોતાના સગાઓથી દૂર રહેવું પડયું, વ્હાલા પુત્રનું મૃત્યુ નજર સામે નિહાળવું પડયું, એટલું જ નહીં પણ પોતાની પત્નિનો પણ ત્યાગ કરવો પડ્યો, પોતાના શત્રુઓના દેશમાં જઇ વસવું પડયું અને ચંડાળને ત્યાં પાણી સુદ્ધાં ભરવું પડયું.

દેવાદિત્ય રાજા આગમાં પડી પોતાના દુઃખનો અંત લાવવાની અભિલાષા રાખતો હતો એટલામાં તેના સદ્‌ભાગ્ય યોગે કુલચંદ્ર નામના એક તપસ્વી પુરૂષ આકાશ માર્ગે આ તરફ ઉતરી આવ્યા. તેણે મ્લાનમુખવાળા નગરજનોને સંબોધીને કહ્યું કેઃ—" હવે તમે કોઇ વાતે ફીકર ચિંતા કરશોમાં હું એ રાજાને થોડાજ સમયની અંદર હતો, તેવો મનુષ્ય બનાવી દઇશ. " તપસ્વીનું આશ્વાસન સાંભળી લોકોને બહુ-જ આનંદ થયો. તેણે સાત દિવસની અંદર પોતાન મંત્ર બળથી રાજાને પહેલાના જેવોજ કાંતિવાન મનુષ્ય બનાવી દીધો. પ્રધાને અને પુરજનોએ મળી નિમિત્તે એ ભારે ઉત્સવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યા અને સારા એ શહેરમાં આનંદ–પ્રમોદના પુર ફરી વળ્યા.

રાજાનું મન સ્વભાવિક રીતેજ હવે સંસાર ઉપરથી ઉઠી ગયું હતું. કુલચંદ્ર તપસ્વીએ જતાં જતાં એજ સંસાર વૈરાગ્યને વધુ સુદ્રઢ કરવા ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું:— " આ સંપત્તિ છે તે તો પાણીના એક મોજા જેવીજ છે. આજે અહીં છે ને કાલે તો કોણ જાણે કયાં ચાલી જશે ! યૌવન પણ કંઇ સ્થિર નથી. એ પણ ચાર દિવસની ચાંદની જેવું જ છે એમ માનજે તેજ પ્રકારે શરદ ઋતુમાં ક્ષણે ક્ષણે ચડી આવતા અને પાછા વિખરાઇ જતાં વાદળની જેમ આયુષ પણ ક્ષણભંગુર છે, આ બધામાં ધર્મજ એક માત્ર શાશ્વત અને આદરણીય છે. " તપસ્વીના અસરકારક ઉપદેશથી દેવાદિત્ય રાજાનો જે કંઇ થોડો ઘણો મોહ હતો તે ગળી ગયો ને પોતાના પુત્રને રાજયલક્ષ્મી સોંપી વનમાં તપશ્ચર્યા કરવા ચાલી નીકળ્યો. તેની સાથે તેની પટરાણી પણ વનમાં રહી પોતાના પતિરૂપી તાપસની વિવિધ પ્રકારે સેવા ચાકરી કરવા લાગી. એક દિવસે પોતાની રાણીને સગર્ભા જોઈ રાજાએ પૂછયું —"આપણા તપોવ્રતમાં દૂષણ લાગે એવું તેં આ શું કર્યું ?" રાણીએ શરમાઇને જવાબ આપ્યો કે:—" નાથ ! આ ગર્ભ તો આપણે ગૃહાવાસમાં હતા ત્યારનો છે. તપોવ્રત લેવામાં વિલંબ થાય એ બીકને લીધે મેં તમને એ વાત ન કરી, બાકી આપણા તપમાં દૂષણનો રજમાત્ર પણ ભય રાખવાની જરૂર નથી. " રાજા મૌન રહ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિવસ પૂરા થતાં વનમાં જ રાણીએ એક મહા મનોહર રૂપવતી પુત્રીનો જન્મ આપ્યો. બિચારી રાણી તેનું મુખ જોવાને પણ ભાગ્યશાળી ન થઇ. તે તો સુવાવડમાંજ આ દુનીયાનો ત્યાગ કરી ચાલી ગઈ. રાજાને માથે ઉપાધિનો પાર ન રહ્યો. છતાં તે જંગલી ભેંસો વિગેરેનાં દુધ આણી પુત્રીને ઉછેરી મ્હોટી કરવા લાગ્યો. ધીમે ધીમે પુત્રી પણ યુવાનવયમાં આવતી ગઈ. તે પોતાના પિતા પાસે રહી ઘણા શાસ્ત્ર ભણી એક તો રાજપુત્રી, અને તેમાંય પ્રકૃતિના ખોળામાં ઉછરેલી એટલે તેનું સૌંદર્ય એટલું બધું મનોહર થયું કે તેના દર્શન માત્ર થતાં તપસ્વીના મન પણ ચલાયમાન થઇ જાય.

સંજોગવશાત આકાશ માર્ગે જતો એક ધનદ, આ અમરાવતિના રૂપ ઉપર આશક થયો. આસકિતને લીધે તેણે પોતાની પાસે ત્રણ રત્ન હતા તે પણ પાણિગ્રહણની આશાથી અમરાવતિના પદકમળમાં ધરી દીધાં. એક રત્નના પ્રતાપે પાણીના ઉપદ્રવ શમી જાય, બીજા રત્નના પ્રતાપે અગ્નિના ઉત્પાત શાંત થઇ જાય અને ત્રીજા રત્નના પ્રતાપે ભૂતપ્રેતના ઉપદ્રવ અળગા થઇ જાય એવી એ દરેક રત્નમાં ખાસ ખુબી હતી. ધનદનો પોતાના તરફનો આવો પ્રેમ જોઈ અમરાવતીએ કહ્યું કે:—“ એક ભાઇ તરીકે તેં મને જે ત્રણ રત્નની ભેટ ધરી છે તે સ્વીકારી, મારા અંતરના આશિષ તને સમર્પું છું. આજથી તું મારો સગો ભાઇ અને હું તારી સગી બ્હેન બનું છું. પણ આ એકલા રત્નો લઈને હું શું કરૂં ? મને એવું કંઇક આપ કે જેથી કોઇ મારો પરાભવ ન કરી શકે.”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાને સહોદરના નામથી સંબોધન કર્યું ત્યારથીજ ધનદનો કામરાગ ઉતરી ગયો હતો. તેણે અમરાવતીને પોતાની સગી બ્હેન માની, ખાસ તેના સારૂ એક સજલ સરોવર ઉપજાવી એ સરોવરની અંદર મહામૂલ્યવંતા રત્નોથી પરિપૂર્ણ એક મહેલ રચાવ્યો, અમરાવતી એ સરોવરને વિષે આનંદ પૂર્વક રહેવા લાગી. રાજાએ ધનદને પૂછયું કેઃ—"એ તો બધું ઠીક પણ મારી આ અતિશય પ્રિય પુત્રી કોને વરશે તે કંઇ કહી શકશો?"

ધનદે અવધિજ્ઞાનનો ઉપયોગ મુકી જણાવ્યું કેઃ—"હે તપસ્વી! આ અમરાવતીને મહા કળાવાન્ અંબડ નામનો વર પ્રાપ્ત થશે."

"પણ તે કયારે અને કયાં મળશે એ જાણવું જોઇએ ને?" તપસ્વી રાજાએ બીજો પ્રશ્ન પૂછયો. આ પ્રશ્નના ઉતરમાં ધનદે કહ્યું કેઃ—"આજથી બરાબર સાતમે દિવસે આજ વનમાં બકુલવૃક્ષની નીચે બેઠેલા અંબડને અમરાવતી પોતાની સગી આંખે નીહાળશે."

આટલું કહીને તે બટુક–બાગવાન અંબડને પોતાની સાથે આવવાનો આગ્રહ કરવા લાગ્યો, અંબડ તેની સાથે અમરાવતીના મહેલમાં ગયો. અમરાવતી અંબડને દૂરથી આવતો જોઇને પોતાના આસન ઉપરથી ઉભી થઇ અને પ્રાથમિક વિનય–વિવેક બતાવી તેને બેસવાને સારૂ સિંહાસન આપ્યું. ત્યાર પછી એ બંને સ્નેહીઓએ ઘણો વખત વાર્ત્તાલાપ અને પરસ્પરના કુશળવર્તમાન પૂછવામાં વ્યતિત કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"અરે ! પણ તમારા પિતાના સમાચાર પૂછવા તો રહીજ ગયા ? તેઓ કયાં અને કેમ છે ?" અંબડને જાણે એકદમ કંઈક યાદ આવ્યું હોય તેમ તે બોલી ઉઠ્યો. અમરાવતીએ બાગવાન્ ભણી દૃષ્ટિ કરી સૂચવ્યું કેઃ—"જા ! જલ્દી મારા પિતાજીને અહીં બોલાવ !" બટુક બાગવાન્ તપસ્વી રાજાને બોલાવવા જતો હતો તેની પાછળ પાછળ અંબડ પણ ચાલી નીકળ્યો. અમરાવતીએ તેને તેમ કરતાં વારવાનો પ્રયત્ન કર્યો, છતાં અંબડ પાછો ન વળ્યો, તે તો બટુકની પાછળ પાછળજ જવા લાગ્યો.

સરોવરના પાણીમાં માર્ગ કાપતાં અંબડને એક ભારે અકસ્માત નડ્યો. એક મ્હોટા માછલાએ આવી અંબડનો ગ્રાસ કરી વાળ્યો. પછી તો એ જ માછલું એક બગલાની ચાંચમાં સપડાયું ! બગલું જેવું ઉડવા જાય છે એટલામાં એક ગીધ પક્ષી ઉડતું આવી તેનો કોળીયો કરી અધ્ધર આકાશમાં અદૃશ્ય થઇ ગયું.

આ તરફ બટુકે પોતાની પાછળ આવતા—અંબડની ઘણી તપાસ કરી, પણ અંબડનો, ક્યાંઇ પત્તો ન લાગ્યો. તેનું મ્હોં લેવાઇ ગયું. તેણે અમરાવતી પાસે જઈ ધ્રુજતા ને કંપતા સ્વરે અંબડના એકાએક અદૃશ્ય થવા સંબંધી બધા સમાચાર નિવેદન કર્યા. અમરાવતીને માથે જાણે અચાનક વિજળી પડી હોય તેમ તેના હોશ—કોશ ઉડી ગયા. તે અચેતનવત્ બની ત્યાં ને ત્યાં જ ધરતી ઉપર ઢળી પડી. રાજર્ષિને આ વાતની જાણ થતાં તે પણ ઉતાવળે ઉતાવળે ત્યાં આવી પહોંચ્યો અને મૂર્છા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામેલી પોતાની પુત્રીને ભાતભાતના શીતોપચાર વડે સાવધ કરી. હોશમાં આવવા છતાં યે અમરાવતીના આંસુ ન સૂકાયાં. રાજર્ષિ પિતાએ તેને ઘણી ઘણી રીતે સમજાવી, પણ મરમના ઘા કંઇ એમ રૂઝાય ? એક પ્રાચિન કવિએ .કહ્યું છે તેમ:—

દિન જાયે જણવત્તડી, પણ રતડી નવી જાય,
એક રાગી તે રોગીયાં સહજ સરીખાં થાય.

વિયોગના દર્દથી રીબાતા પુરૂષોના દિવસ તો કદાચ લોકોની સાથે હળવામળવાથી અને વાતચીત વિગેરે કરવાથી વીતી જાય, પણ તેમની રાત તો કેમે કરતાં વીતતી નથી. ખરેખર ! રાગાંધ સ્ત્રી-પુરૂષો અને દર્દીઓમાં ખરૂં જોતાં કંઇ જ ફેર નથી હોતો.

હવે આ તરફ અંબડનું શું થયું તે જોઇએ. ગીધ પક્ષીએ બગલું ગળ્યું તો ખરૂં, પણ તે જીરવવું ભારે થઇ પડયું. તે એક ઝાડ ઉપર બેસી પાંખો ફફડાવતું હતું એટલામાં એક પારધીનું સણસણાટ કરતું કારમું તીર તેના કાળજામાં ભોંકાયું અને મૃતવત્ થઇ પૃથ્વી ઉપર પડયું. ગીધ તો પડયું, પણ તેની સાથે તેના પેટમાં ગયેલો બગલો પણ બ્હાર નીકળી પડ્યો, બગલાની સાથે તેના પેટમાં પ્રવેશેલું પેલું માછલું પણ તડપતું તડપતું ઉછળી આવ્યું અને માછલાને પારધીએ ચીર્યું કે તે જ ક્ષણે તેના જઠરમાં એક પુરૂષ પડેલો દેખાયો. માછલાના જઠરમાં એક પુરૂષને સૂતેલો જોઇ પારધી ઘણું જ આશ્ચર્ય પામ્યો. તેણે તે પુરૂષને બ્હાર કાઢી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાણીથી સારી રીતે સાફ કર્યો. પછી પંખા વતી હવા નાખી એટલે તેણે જાળવીને પોતાની આંખ ઉઘાડી. ક્રમે ક્રમે તે શુદ્ધિમાં આવ્યો અને પોતાની વિતક કથા પારધીને સંભળાવી. પારધી તેને સારો માણસ સમજી પોતાને ઘેર લઇ ગયો અને શુદ્ધ આહારાદિથી સંતુષ્ટ કરી એક સ્વચ્છ ઓરડામાં ઉતારો કાઢી આપ્યો.

મધ્ય રાત્રી વીતતાં અંબડ પોતાની પથારીમાંથી ઉઠી. નવ લક્ષપત્તન નિહાળવાની ઇચ્છાથી બ્હાર નીકળ્યો. સ્હેજ આગળ જતાં તેણે પેલા પારધીની પુત્રીને ક્યાંઈક જતી જોઇ અંબડ બોલ્યાચાલ્યા વિના તેની પાછળ પાછળ ચાલ્યો. થોડે દૂર ગયા પછી વ્યાધપુત્રીને નાગિની નામની એક ક્ષત્રિય બાળા, સોહી નામની બીજી વણિકબાળા અને રામતી નામની ત્રીજી બ્રાહ્મણબાળા એમ ત્રણ બાળાઓ આવી મળી. ચારે કુમારિકાઓ એ રીતે મધ્યરાત્રિએ ચૂપચાપ આગળ ધપવા લાગી.

વ્યાધપુત્રી એક સ્થળે અચાનક થંભી અને બોલી:— "સખીઓ ! આજ તો આપણે ચૌટામાં થઇને પેલા વહાણવટીને ત્યાં જવાનું છે, ખરૂં ને ?" સખીઓએ ઇસારા વડે જ તેનો હકારમાં જવાબ વાળ્યો.

પછી ચારે સખીઓએ બકરીનાં રૂપ લીધાં અને ચૌટાના માર્ગે ચાલ્યાં. ચાર બકરીઓની જેમ અંબડ પણ બકરાનું રૂપ લઇ તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. ચારે જણીઓ આ નવા બકરાને પોતાની પાછળ આવતો જોઇ ગભરાઈ અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના પેટમાં પાપ હતું તેને લીધે ભય પણ પામી. પરિણામે ચારે સખીઓએ જવાનું માંડી વાળી પોતાના ઘર તરફનો રસ્તો લીધો.

સવારમાં સખીઓએ એકત્ર થઇ વિચાર કરવા માંડયો કે:—“ આ બકરો કોણ અને કયાંથી આવી ચડયો હશે ? એમાં કંઇક રહસ્ય જરૂર હોવું જોઇએ.” અંબડ છાનોમાનો ઉભો રહી આ સખીઓની અંદર ચાલતો વાર્ત્તાલાપ સાંભળી રહ્યો હતો. એક સખીયે કહ્યું કે:—“ આપણે આ રહસ્યનો તાગ લેવો જોઇએ. કહો યા ન કહો, પણ એમાં ગર્ભિત રહસ્ય તો છે જ.” બીજી સખીએ ઉચ્ચાર્યું કે:-“ આપણે પોતે જ એ બકરાને સાચેસાચું કહી નાખવાની ફરજ ન પાડી શકીએ ? ઉંડા પાણીમાં ઉતરવા કરતાં એ રસ્તો શું ખોટો છે ? ” ત્રીજી સખી આનો જવાબ આપવા જતી હતી એટલામાં અંબડ પોતે જ ત્યાં આવીને પ્રત્યક્ષ થયો, અને કહ્યું કે:— “એ બકરો હું પોતેજ હતો. તમારે જે પુછવું હોય તે સુખેથી મને પૂછો.”

દેવ જેવી કાંતિવાળા એક પુરૂષને પોતાની સામે ઉભેલો જોઇ સર્વ સખીઓ વિમાસણમાં પડી ગઇ. થોડી વાર સુધી તો કોઇના મુખમાંથી એક શબ્દ સરખો પણ ન નીકળ્યો. પણ બે એક ક્ષણ પછી એક સખીએ હિમ્મત લાવી અંબડને પ્રશ્ન કર્યો:-“ હે દેવ ! અમે આપનો શું અપરાધ કર્યો છે ? અમને નાહકના શા સારૂ પજવો છો ? ” બાળાઓનાં આવાં દીન વચન સાંભળી અને તેમનાં પડી ગયેલાં મ્હોં નિહાળી અંબ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ડને દયા ઉપજી તેણે જવાબ આપ્યો કે "જો તમે મારૂં એક કામ કરી આપો તો હું તમને જવા દઉં."

"ખુશીથી કહી નાંખો" એકી સાથે ચારે સખીઓએ ઉત્સાહપૂર્વક ઉત્તર આપ્યો.

અંબડે કહ્યું—"જુઓ ત્યારે, સાંભળો. અહીંઆ આ જ નવલક્ષ નામના શહેરને વિષે એક વહાણવટીની રૂપિણી નામની પુત્રી વસે છે. મારે તેને હરકોઈ રીતે મળવું છે. તમે પોતે જો મને ત્યાં લઈ જાઓ તો હું તમને કદિ પણ ન પજવું." સખીઓએ એ જવાબદારી પોતાને માથે લઈ લીધી અને અંબડે પણ હવે પછી તેમને કોઇ રીતે ન પજવવાનું વચન આપ્યું.

જે રૂપિણીને ત્યાં જવા અંબડ તલસતો હતો તેના મહેલની આસપાસ પાંચ–પાંચ હજાર જેટલા સશસ્ત્ર સુભટો રાત દિવસ પહેરો ભરતા હતા. સેંકડો ધજા–પતાકાઓ તે સાત માળની હવેલીની ઉપર નિરંતર ફરકયાજ કરતી હતી. મહેલ આસપાસ એક તાંબાનો ગઢ હતો અને એ ગઢનું રક્ષણ કરવા એક ઉંડી ખાઇ સદા પાણીથી પરિપૂર્ણ રહેતી. મહેલની અંદર હીરા–રત્નથી શણગારેલા કોડીયામાં સુગંધી દીપ સતત્ સળગ્યા કરતા.

ચાર બકરીઓ અને પાંચમો બકરો એ મહેલમાં આવી પહોંચ્યા, તે વખતે રૂપિણી એક કનકમય ગૃહને વિષે બેસી પોતાની મર્કટી સાથે મનસ્વી પણે ગેલ કરી રહી હતી. રૂપિ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ણીએ આંખના અણસારા વતી ચારે સખીઓને આવકાર આપ્યો. પણ પાંચમા બકરાને જોતાં જ તે રોષ યુક્ત સ્વરે બોલી:—" સાચેસાચું કહી દેજો ! મેં કોઇ દિવસ નહીં જોયેલો એવો આ બકરો તમે કયાંથી લાવ્યા ? મને જો છેતરવાનો પ્રયત્ન કરશો તો યાદ રાખજો કે તમારા મસ્તક ધડથી જુદાં થઇ જશે ! "

એક દાસીએ એવાજ જુસ્સાથી જવાબ આપ્યો:—"એમ ગુસ્સો કરવાથી અમે ડરી જઇએ એટલાંબધાં કાચાં ન સમજતાં. અલબત્ત આ બકરો નવીન છે, પણ અમારા કરતાં તો તે તમને જ વધારે સારી રીતે ઓળખે છે. તમે અહીં રહો છો અને તમારૂં નામ રૂપિણી છે એ વાત પણ ચોખ્ખા શબ્દોમાં જો અમને કોઇએ કહી હોય તો આ જ બકરાએ, અને છતાં જો તમારે કંઈ વિશેષ પૂછવું હોય તો આ બકરાને જ પૂછી જુઓ."

ભયભ્રાંત બનેલી રૂપીણીએ અભિમાનનો ત્યાગ કરી ગળગળા અવાજે અજની સામે દ્રષ્ટિપાત કરી વિનંતિ કરી કે—" આપ અજના રૂપમાં કોણ છો તે હું નથી જાણતી. મારા અવિનય બદલ ક્ષમા આપી આપનું યથાર્થ સ્વરૂપ પ્રકટ કરો એવી મારી નમ્ર યાચના છે." સમય વિચારી અંબડે પોતાનું વાસ્તવિક સ્વરૂપ પ્રકટ કર્યું. તેના અતિ મનોહર રૂપને જોઇ રૂપિણી એકદમ તેના પગમાં નમી પડી અને સંક્ષિપ્તમાં જ પૂછી લીધું કે–" હે દેવ! આપ કોણ છો અને આપ કયા નિમિત્તે અત્રે પધાર્યા છો ? "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંબડે ઉત્તર આપ્યો:—"મારૂં નામ અંબડ અને હું ગોરખ યોગિનીના પ્રતાપે જ આ બધી સિદ્ધિઓ મેળવી શક્યો છું. આખું વિશ્વ અત્યારે મારી હથેળીમાં છે અને હું નચાવું તેમ નાચે એટલું સામર્થ્ય મારામાં છે."

આ અણધાર્યો ઉત્તર સાંભળી રૂપિણી આશ્ચર્યમાં ડુબી ગઇ. તેણીએ કહ્યું:—"આજથી આપ જ મારા સ્વામી છો. આપની સેવામાં મારૂં સર્વસ્વ અત્યારથીજ સમર્પી દઉં છું."

"મને બીજી કોઇ વસ્તુની જરૂર નથી. તારી આ લક્ષ્મી અને મર્કટી–વાંદરી મને સોંપી દે." અંબડે પોતાનો ઉદ્દેશ કહી દીધો.

"આપને સર્વસ્વ સોંપી દીધા પછી, ખરૂં જોતાં કોઇ વસ્તુ ઉપર મારો અધિકાર નથી રહેતો. પણ આ વાંદરી મને શી રીતે પ્રાપ્ત થઇ છે અને તેની સાથે મારે કેવા પ્રકારનો નિકટનો સંબંધ છે તે એકવાર આપ કૃપા કરીને સાંભળો. પછી આપ જે આજ્ઞા કરશો તે હું માથે ચડાવી લઇશ." અંબડ તો મૌન જ બેસી રહ્યો. રૂપિણીએ પોતાની કથા આગળ લંબાવી. "મેં એકવાર ચંદ્રદેવની આરાધના માંડી. ચંદ્રદેવે પોતે પ્રસન્ન થઇ મને આ વાંદરીની ભેટ આપી. તેમણે એ વાંદરીનો પ્રભાવ વર્ણવતાં કહ્યું કે જ્યાં સુધી આ વાંદરી તારી પાસે રહેશે ત્યાં સુધી તારા સૌભાગ્યનો વાળ સરખો પણ કોઈજ વાંકો નહીં કરી શકે. આ ઉપરથી આપ જોઇ શકશો કે એ વાંદરી મારૂં જીવન છે. છતાં આપ કહો તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારા જીવન અને સૌભાગ્યના ભોગે પણ આ મર્કટી આપને સોંપ-વા તૈયાર છું.” રૂપિણીનું સૌભાગ્ય એટલે અંબડનું પોતાનું જીવન અંબડ મુંજવણમાં આવી પડયો. તેને સ્થીરભાવે ત્યાં બેઠેલો જોઈ રૂપિણીએ પુનઃ કહેવા માંડયું:—“આ મર્કટીમાં મારૂં અને આપનું જીવન સમાયેલું છે એટલુંજ નહીં પણ તે રોજ બબ્બે લાખ રૂપીયાની કીમતના રત્નો પણ આપે છે.” થોડી વાર બન્ને જણા વિચારમાંજ બેસી રહ્યાં.

જાણે કંઇક યાદ આવ્યું હોય તેમ રૂપિણીએ કહ્યું:— “આ બધી ગુંચવણનો એકજ માર્ગ મને સૂઝે છે. આપ મારી સાથે લગ્ન કરો અને એમ કરશો તો આપણી સાથે આ વાંદરી પણ સુખેથી રહી શકશે.”

“તો પછી એમાં વિલંબ કરવો નકામો છે. આજે ને આજે જ આપણે વિધિપૂર્વક લગ્ન કરી નાંખીએ. તું તારા પિતાને સમજાવી લગ્નની બધી તૈયારી કરાવી લે.” અંબડે પોતાનો ઉતાવળો અભિપ્રાય વ્યક્ત કર્યો.

રૂપિણીના વદન ઉપર સ્હેજ સ્મીત ફરકયું. કહ્યું:— “પુરૂષો ઘણીવાર એવી સાહસિકતા અને અવિચારીપણાને લીધેજ હાથે કરીને પોતાના માથે મ્હોટી આપત્તિઓ વ્હોરી લે છે.” “सहसा विदधीत्त न क्रियाम्, अविवेकः परमापदां पदम् એ કથનમાં રહેલો ઉંડો ભાવ રૂપિણીએ પોતાના ઉદ્-ગારમાં પ્રકટ કર્યો.

“આ તો તું બન્ને કોરથી મને મુંઝવી મારે છે. વાંદરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આપવી નથી અને લગ્ન પણ કરવા નથી.” અંબડ જાણે ભારે સંકડાશમાં આવી પડયો હોય તેમ બોલ્યો.

“ ઉતાવળે આંબા ન પાકે પ્રથમ તો તમે અહીંના મલયચંદ્ર રાજાની વીરમતી પુત્રી સાથે વિવાહાદિ પતાવી નાખો. પછી હું પણ નિર્વિઘ્ને તમારી સાથે લગ્ન કરી શકીશ.” રૂપિણીએ એક નવી લાલચ બતાવી.

“ પણ તે કેમ બને તેનો ખુલાસો પણ તમે જ કરી નાખો.” અંબડનો આવેશ ધીમે ધીમે ઉતરવા લાગ્યો.

“ જેની પાસે અજવિદ્યા હોય તેને માટે કંઇજ અસાધ્ય નથી. તમે રાજાને એ વિદ્યાના બળથી બકરો બનાવી શકશો. અને રાજા બકરો બન્યો એટલે કળાકુશળતાથી વીરમતીની સાથે તેનું રાજ્યપણ પચાવી શકશો.” રૂપિણીની આ યુક્તિ અંબડના દીલમાં વસી ગઇ.

કર્મસંયોગે તે વખતે મલયચંદ્ર રાજા અશ્વ ઉપર બેસી નગર નિરીક્ષણ કરવા નીકળ્યો હતો. અંબડે અજવિદ્યા મુકી તત્કાળ તેને બકરો બનાવી દીધો. નગરજનો પોતાના રાજાને બકરો બનેલો જોઇ બહુજ દુઃખ પામ્યા. રાજગોરો અને પ્રધાન વિગેરે આવી કપાળ કૂટવા લાગ્યા. એ વાર્તા જેમ જેમ પ્રસરતી ગઇ તેમ તેમ ગામમાં શોકનું ઘોર વાદળ છવાઇ ગયું. હવે આ રાજ્યનું શું થશે તેની ચિંતામાં સૌ કોઇ પોતપોતાના ઘરબાર સંભાળી છાનામાના બેસી રહ્યા.

હવે અંબડે વખત વિચારી પોતાની બહુરૂપિણી વિદ્યાના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બળથી એક મ્હોટું સૈન્ય ઉભું કર્યું. અને તેમાંના થોડા સુભટોને નગરના સિંહદ્વાર તરફ રવાના કર્યા. આ સિંહદ્વાર પ્રધાને ચાલાકી વાપરી આગળથી જ બંધ કરાવી દીધા હતા. કે જેથી કોઇ દુશ્મન એકદમ નગરમાં પેસી હાહાકાર ન વર્તાવી શકે. નગરપાલકોએ પ્રધાન પાસે જઇ સમાચાર આપ્યા કે રથનુપુર નગરનો રાજા પોતાના સુભટો સાથે સિંહદ્વાર પાસે આવી દરવાજા ઉઘાડવાનો આગ્રહ કરી રહ્યો છે. તે કહે છે કે અમારે નગર જોવા માટેજ માત્ર આવવું છે. તો આપની આજ્ઞા હોય તો દરવાજા ઉઘાડીએ.” પ્રધાને દીર્ઘદૃષ્ટિ વાપરી, દ્વારપાળને દરવાજા ઉઘાડવાની આજ્ઞા આપી.

અંબડ અને તેનું સૈન્ય નગરમાં આવી પહોંચ્યું. પ્રધાન પોતે અંબડનું સ્વાગત કરવા પગે ચાલીને તેની સામે ગયો. અંબડ જાણે કંઈ જ ન જાણતો હોય તેમ સાવ નિર્દોષપણે પ્રધાનને પૂછવા લાગ્યો કે:—“ આવું સરસ નગર છતાં છેક સૂનકાર જેવું કેમ ભાસે છે ? ” પ્રધાને બધો વૃતાન્ત સજળનેત્રે કહી સંભળાવ્યો. અંતમાં તેણે કહ્યું કે દુનીયાનો રીવાજ જ એવો છે કે:—

વિરલા જાણંતિ ગુણા વિરલા પાલંતિ નિદ્ધણા નેહા,
વિરલા પરકજ્જ કરા પરદુઃખે દુખીયા વિરલા.

અર્થાત્ ગુણને જાણનારા તો કોઇ વિરલાજ હોય છે, તેજ પ્રમાણે નિર્ધનોની સાથે સ્નેહ નીભાવનારા પણ કોઈ વિર-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લાજ મળે છે, અને પરગજુ માણસો તથા પારકાં દુઃખે દુઃખી એવા માણસો દુર્લભ જ સમજવા.

" અરે, પણ આટલી નજીવી વાતમાં તમે બધા કેમ ગાંજી જાઓ છો ? રાજાને મારી પાસે લઇ આવો બકરામાંથી રાજાને તેના મૂળ સ્વરૂપમાં લાવવો એમાં મ્હોટી વિસાત જ શું છે ? " થોડી ક્ષણ પર્યંત મૌન રહી અંબડે ઉમેર્યું. "પણ હું બકરામાંથી રાજાને પ્રથમની જેમ હતો તેવો બનાવું તેથી મને પોતાને શું લાભ ? "

" અમે તમને તેના બદલામાં અર્ધું રાજ્ય તેમજ રાજકન્યા વીરમતી આપવા તૈયાર છીએ. એથી અધિક તમારે શું જોઇએ ? " પ્રધાને ખુલાસો કર્યો.

પછી અંબડે પોતાના વિદ્યાપ્રભાવથી રાજાને હતો તેવો મનુષ્ય બનાવ્યો. નગરજનો જેવા ઉદ્વિગ્ન થયા હતા તેવાજ પાછા હર્ષોન્મત્ત થઇ ગયા. અંબડે પણ પોતાનું વાસ્તવિક સ્વરૂપ પ્રકટ કરી સૌના આનંદમાં ઉમેરો કર્યો. સંતુષ્ઠ થયેલા રાજાએ તત્કાળ પોતાનું અર્ધરાજ્ય અને વીરમતિ કન્યા અંબડને અર્પી દીધાં. પછી તો રૂપિણી વિગેરે પેલી પાંચ કન્યાઓએ પણ અંબડ સાથે લગ્ન કરી જયજયકાર વર્ત્તાવ્યો. આ પ્રમાણે પુષ્કળ સંપત્તિ અને કન્યારત્નો મળવા છતાં અમરાવતીના વિરહને લીધે અંબડનો અંતરાત્મા અંદર ને અંદર સળગી રહ્યો હતો. તેજ પ્રમાણે અમરાવતી પણ સુગંધવનમાં રહી નિરંતર ઝુર્યા કરતી હતી. અંબડના અદૃશ્ય થવા પછી તેને આહાર-પાણી અને ઉંઘ અકારાં થઇ પડ્યાં હતાં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંબડ અમરાવતીની શોધમાં ફરતો ફરતો પુનઃ એ વનમાં ગયો. ત્યાં અચાનક જ પેલો બટુક બાગવાન તેને ભેટયો બટુકે અંબડને ઓળખ્યો અને દોડતો જઇને રાજર્ષિને બોલાવી લાવ્યો. અંબડે રાજર્ષિના પદમાં વંદન કરી પોતાની વીતકકથા વિસ્તારપૂર્વક સંભળાવી, રાજર્ષિએ પણ પ્રસંગોપાત અમરાવતીની વિરહવ્યથા વર્ણવી થોડાં આંસુ પાડ્યાં.

હવે વધુ વિલંબ કરવો એ ઠીક નહીં એમ ધારી રાજર્ષીએ પોતાની કન્યા—અમરાવતી સાથે અંબડના વિવાહ કરી નાખ્યા. અંબડે પણ સર્વ સ્ત્રીઓની મધ્યમાં અમરાવતીને પોતાની પટ્ટરાણી કરી સ્થાપી. એ રીતે અમરાવતી અને અંબડ દીર્ઘકાળની વિરહવ્યથામાં બળતા બચ્યાં અને અંતે રાજર્ષિની રજા લઇ તેઓ સર્વ અંબડની જન્મભૂમિ તરફ રવાના થયા.

અંબડે ગોરખ યોગિની પાસે જઇ લક્ષ્મી અને મર્કટી રજુ કર્યાં. એટલુંજ નહીં પણ મર્કટી પ્રાપ્ત કરતાં કેટકેટલા પ્રપંચ કરવા પડયા તે સર્વ હકીકત શાંતિથી કહી સંભળાવી. અંબડની વીરતા અનુભવી યોગિનીના મુખમાંથી પણ ભારે પ્રશંસાના ઉદ્દગાર નીકળ્યા. જગતમાં અંબડનું નામ વીર શિરોમણી તરીકે તે દિવસથી સર્વત્ર પ્રસિદ્ધ થયું પછી યોગિનીને નમસ્કાર કરી તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માન્યો અને આનંદ—વિનોદમાં બાકીનો વખત વીતાવવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પંચમ આદેશ.

થોડા દિવસ પછી ગોરખ યોગિનીએ આ પ્રમાણે પંચમ આદેશ આપ્યો:—" સૌરાષ્ટ્ર દેશમાં દેવપત્તન નામના શહેરમાં દેવચંદ્ર નામનો એક રાજા છે અને તેને વૈરોચન નામનો પ્રધાન છે. એ પ્રધાનને ત્યાં રવિચંદ્ર નામનો એક દીવો છે તે લઇ આવ."

યોગિનીને નમસ્કાર કરી અંબડ સૌરાષ્ટ્ર દેશમાં આવી ઉપસ્થિત થયો. માર્ગમાં એક બ્રાહ્મણ મળ્યો તેને અંબડે પૂછ્યું:—" અરે વિપ્ર ! આમ ક્યાંથી કઇ તરફ પધારો છો ? " બ્રાહ્મણે જવાબમાં જણાવ્યું કે—" હું દેવપત્તન નગરમાંથી જ રવાના થઇ અહીં સુધી આવ્યો છું. હવે ક્યાં જવા માગું છું તે ટુંકામાં કહીશ તો તમે કદાચ નહીં સમજી શકો. એટલે મારો ઉદ્દેશ સવિસ્તર સાંભળો એમ ઇચ્છું છું."

અંબડની તત્‌વિષયક તત્પરતા અનુભવી બ્રાહ્મણે કહેવા માંડયું:—અહિંથી ઉત્તર દિશામાં મહાદુર્ગ નામનો એક પર્વત છે અને તેનીજ પાસે સિંહપુરી નામની એક નગરી છે. ત્યાં સાગરચંદ્ર રાજા રાજ્ય કરતો. તેને સમરસિંહ નામે પુત્ર અને રોહિણી નામે પુત્રી છે. રાજા પોતે પરકાય પ્રવેશિની વિદ્યા બહુ સારી રીતે જાણતો. તે વૃદ્ધ થવાથી રાજપાટ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિગેરે પોતાના પુત્રને સોંપી વનમાં ચાલ્યો ગયો. સાંભળવા પ્રમાણે તેણે પોતાની પુત્રીના આગ્રહને તાબે થઇ પરકાય-પ્રવેશિની નામની વિદ્યા પોતાની પુત્રી–રોહિણીને શીખવી છે; એટલું જ નહીં પણ એ વિદ્યા બીજા કોઇ ગમે તેવા માણસને ન શીખવવાનો ખાસ આગ્રહ પણ કર્યો છે. તેમજ પોતાના ભાઇ–ભાંડુ વિના અન્ય કોઈ પુરૂષનું મ્હોં સુદ્ધાં ન જોવાની એ પુત્રીને ભલામણ કરી છે. તે ઉપરાંત આ વિદ્યા શીખવતી વખતે રાજાએ રોહિણીને કહી રાખ્યું છે કે ભવિષ્યમાં "જેને તું આ વિદ્યા શીખવે તેની જ સાથે તારે પાણિ ગ્રહણ કરવું." રોહિણીએ રાજીખુશીથી એ પ્રતિજ્ઞા સ્વીકારી છે. હવે તો એ રાજા પોતે ક્યારનોય મૃત્યુ પામ્યો છે. નગરમાં સમરસિંહની આણ ચાલે છે. રોહિણી પોતાના પિતાની શય્યા સાચવતી બેસી રહે છે અને કોઈ વાર પર્વતના શિખરે, કોઈ વાર ગુફામાં તો વળી કોઇ વાર પોતાના મહેલના ખૂણામાં છાનીમાની બેસી પોતાનાં જીવનનાં દિવસો વીતાવે છે. હું પોતે તેની પાસે પેસી પરકાયપ્રવેશિની વિદ્યા શીખવા ત્યાં જઉં છું.

અંબડે એ સર્વ વૃતાન્ત શાંતિથી સાંભળ્યો. અને પછી જાણે કંઇ ઉંડા વિચારમાંથી જાગ્યો હોય તેમ એક પરમ હિતૈષી તરીકે પ્રશ્ન કર્યો:—"એ તો બધું ઠીક. પણ તમારી પાસે એવી કંઇ અલૌકિક વિદ્યા છે કે અમથા જ હાલી નીકળ્યા છો? શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે:—

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

**विनयेन विद्या ग्राह्या पुष्कलेन धनेन वा ।**
**अथवा विद्यया विद्या चतुर्थं नैव दृश्यते ॥**

ત્રણ પ્રકારે વિદ્યા મેળવી શકાય. વિનય વડે, પુષ્કળ ધન વડે, અથવા સામી વિદ્યા આપીને. એ સિવાય વિદ્યા પ્રાપ્ત કરવાનો ચોથો માર્ગ નથી. ”

વિપ્ર મહારાજ આ પ્રશ્ન સાંભળી જરા ફુલાઇ ગયા. તેમણે કહ્યું. “ અમથા તો કોઇ થોડા જ હાલી નીકળે ! મારી પાસે મોહિની વિદ્યા છે એ વિદ્યા આપી તેના બદલામાં પેલી વિદ્યા મેળવી લઇશ. ”

“ વિદ્યા આપીને વિદ્યા લઇશ એ તો બરાબર છે. પણ એ રાજકન્યા તારૂં મ્હોં જોવા જ નહીં ઇચ્છે તો શું કરશે ? ” અંબડે બીજી બારીકી શોધી કહાડી, અને તેના ટેકામાં શાસ્ત્રીય શ્લોક પણ ટાંકયો કે:—

**ग्रामो नास्ति कुतः सीमा, पत्नी नास्ति कुतः सुतः**
**प्रज्ञा नास्ति कुतो विद्या, धर्मो नास्ति कुतः सुखं?**

અર્થાત્ ગામ ન હોય તો હદ તો ક્યાંથી જ હોય ? સ્ત્રી ન હોય તો પછી પુત્રાદિ પરિવાર પણ શેનો હોય ? બુદ્ધિ ન હોય તો વિદ્યા આવડે જ શાની અને ધર્મ ન હોય તો પછી સુખની આશા રખાય જ કેમ ?

વિપ્ર મહારાજ મુંઝાયા. તેમણે ટુંકામાં જ જવાબ આપ્યો—“કંઇક પ્રપંચ કરવો પડશે. એ વિના કામ નહીં પતે.”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિપ્રને મુંઝવણના મહાસાગરમા ગળકાં ખાતો જોઈ અંબડે એક અવલંબન ધર્યું. તેણે કહ્યું:—“ મારી પાસે અક્ષય લક્ષ્મી આપનારી એક સરસ વિદ્યા છે—”

એટલામાં બ્રાહ્મણ બોલી ઉઠ્યો:—“ આપણે આપણી વિદ્યાની અદલાબદલી કરીએ તો કેમ ? ”

અંબડને તો એટલું જ જોઈતું હતું. તેણે એ દરખાસ્ત સ્વીકારી લીધી અને વિદ્યાની અદલાબદલી કરી વાળી. પછી બન્ને જણા થોડે દિવસે ચાલતાં ચાલતાં સિંહપુરનગર પાસે આવી પહોંચ્યા.

અંબડે વિચાર કર્યો કે બ્રાહ્મણની સાથે સાથે રહેવાથી કાર્યસિદ્ધિ નહીં થાય. નગરમાં ગયા પછી યુક્તિ-પ્રયુક્તિ રચવી પડે તેમાં કોઈ ત્રાહિત માણસની દખલગીરી હોય તો રખેને ઘડ્યું સોનું ધુળમાં મળી જાય. તેથી તેણે બ્રાહ્મણને જૂદે રસ્તે જવાનું સૂચવ્યું અને પોતે પણ જૂદેજ માર્ગે શહેરમાં દાખલ થયો.

અંબડે નગરમાં આવી તપસ્વિનીનું રૂપ લીધું, અને જ્યાં ચાર રસ્તા મળતા હતા તેવા એક ચોકમાં આસન જમાવ્યું. મોહિની વિદ્યાના પ્રતાપે ગામનાં માણસો અંબડ ઉપર આફરીન થવા લાગ્યાં. તપસ્વિનીએ નગરજનોને સંબોધીને કહ્યું કે:—“ હે પુરવાસીઓ ! હું સર્વ પ્રકારનાં નિમિત્તો સમજી શકું છું, કોની કાર્યસિદ્ધિ ક્યારે અને કેવા પ્રકારે થશે તે હું લીલામાત્રથી કહી શકું છું. ” આ વાત ફેલાતી ફેલાતી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પેલા બ્રાહ્મણ મહારાજના કાને જઇ પહોંચી. તેણે તપસ્વિની પાસે આવી વિનયપૂર્વક પૂછયું:—

" હે ભગવતિ ! મેં મારા મનમાં જે કાર્ય ધારી રાખ્યું છે તે સિદ્ધિ થશે કે નહીં ? "

" તું એક નવી વિદ્યા મેળવવા અહીં સુધી આવ્યો હો એમ જણાય છે, પણ તને એ વિદ્યા નથી મળવાની એ ખાત્રીપૂર્વક માનજે. " તપસ્વિનીએ વિપ્રના ભાગ્યનો છેલ્લો ફેસલો કહી નાખ્યો.

બ્રાહ્મણને આ ફેસલો સાંભળી ઘણું આશ્ચર્ય થયું. તે એકદમ નિરાશ ન થયો. તેણે ઘણા ઘણા પ્રયત્નો કરી જોયા. પરન્તુ પુણ્યના ઉદય વિના આખર સુધી એ વિદ્યા ન મળી. પછી તો તે બધી હિંમત હારી, પોતાના દેશમાં ચાલ્યો ગયો.

કાળક્રમે તપસ્વિનીવાળી વાત રોહિણીના સાંભળવામાં આવી. તેણીએ પોતાની દાસીને આજ્ઞા કરી કે—" ગમે તેમ કરીને પણ એ તપસ્વિનીને મારી પાસે લઇ આવ ? "

દાસીએ તપસ્વિની પાસે આવી કહ્યું કે:—" હે માતા અમારી નૃપપુત્રી–રોહિણી આપને ઘણા જ સન્માનપૂર્વક સંભારે છે અને આપ ત્યાં પધારો એમ ઇચ્છે છે. આપનાં દર્શન કરવા તે બહુજ ઉત્સુક છે. મારે પોતાને મુખે એ રાજપુત્રીનો પરિચય આપવો એ ઠીક નહીં, છતાં કહું છું રોહિણી જેવી રાજકન્યા સંસારમાં બીજી નહીં હોય તે પોતે બધી કળામાં કુશળ છે અને તેથી આપના જેવી કળાવતી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તપસ્વિનીના દર્શન વાંછે એ સર્વથા સ્વાભાવિક જ છે. કહ્યું પણ છે કે:—

હંસા રજ્જંતિ સરે, ભમરા રજ્જંતિ કેતકીકુસુમે;
ચંદનવને ભુઅંગા, સરસા સરસેણ રજ્જંતિ.

હંસને નિર્મળ સરોવરમાં જ રહેવું ગમે, ભમરા કેતકીના પરાગમાંજ મસ્ત બની રહે, સરપો ચંદનવન મળે ત્યાંસુધી બીજે ન જાય તેમ રસિક માણસોને રસિકની સાથે જે આમોદ અને આનંદ મળે છે તે બીજે કોઈ સ્થળે ન મળે.

દાસીના મુખમાંથી નીકળેલા શબ્દોએ તપસ્વિનીનું હૃદય હરી લીધું. તે તત્કાળ પોતાના આસન ઉપરથી ઉઠીને ઉભી થઈ અને રોહિણી પાસે આવી પહોંચી.

અંબડે તપસ્વિનીનું રૂપ લીધું હતું એ વાત તો તમે કદાચ નહીં ભૂલી ગયા હો. તપસ્વિનીના વેશમાં અંબડે રોહિણીનું ચિત્ત ચકડોળે ચડાવી દીધું. તપસ્વિનીનાં આછાં અલંકાર, તેજસ્વી મુખમુદ્રા અને નયનમાંથી ઝરતા અમીએ રોહિણી ઉપર એક પ્રકારની જુદુંજ અસર કરી. રોહિણી તેનું સ્વાગત કરવા સામે ગઈ, એટલુંજ નહીં પણ ભારે સન્માનપૂર્વક એક સુવર્ણમય સિંહાસન ઉપર વિરાજવાની અભ્યર્થના કરી. તપસ્વિનીએ પણ હા-ના કર્યા સિવાય રોહિણીનું સન્માન સાભાર સ્વીકારી લીધું.

પ્રારંભમાં પરસ્પરના કુશળ-વર્તમાન પૂછ્યા બાદ કેટલીક વાતચીત થઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જમવાનો સમય થવાથી રોહિણીએ તપસ્વિનીને ભોજન સ્વીકારવાની પ્રાર્થના કરી. પણ તપસ્વિનીએ એ પ્રાર્થના મંજુર ન રાખી તેણીએ કહેવા માંડયું કે:—" સંસારીઓની જેમ ભોજનનો વિલાસ એ અમારે માટે કંઇ આનંદની વસ્તુ ન ગણાય તપશ્ચર્યા એજ અમારા જીવનનો મુદ્રાલેખ હોય છે. તપ વિના ધર્મ ન સંભવે દેહદમન સિવાય આત્મશુદ્ધિ અશકયવત્ સમજવી અને ધર્મ તેમજ આત્મશુદ્ધિ વિનાનું જીવન એ વસ્તુતઃ જીવન નહીં પણ નરી વિટંબણા જ ગણાય.

**रम्येषु वस्तुषु मनोहरतां गतेषु**
**रे चित खेदमुपयासि कथं वृथैव**
**पुण्यं कुरुष्व यदि तेषु तवास्ति वांछा,**
**पुण्यैर्विना नहि भवंति समीहितार्थाः**

રમ્ય વસ્તુઓ વિષેની મનોહરતા જ્યારે ઉડી જાય છે, ત્યારે મુગ્ધ સંસારીઓ ખિન્ન બની વલોપાત કરે છે. પણ એ ખિન્નતા કે વલોપાત છેક નકામાં જાણવાં. ખરેખરી રમ્યતા અને મનોહરતા માણવી હોય તો જેમ બને તેમ પુણ્યનો ખુબ સંચય કરવો એજ પ્રાણી માત્રનું કર્તવ્ય બની રહે છે. પુણ્ય વિના આ જગતમાં કોઇની ઈષ્ટસિદ્ધિ થઇ નથી અને થાય એવો સંભવ પણ નથી. અમારાં જેવાં તપસ્વી અને સંયમીઓ માટે તો તપશ્ચર્યા–સંયમ–વૈરાગ્ય એજ શાશ્વત ધન–ઐશ્વર્ય છે. અમને ગમે ત્યાં, ગમે તેવા સ્વાદિષ્ટ ભોજનો લેવાં એ ન શોભે. "

P.P. Ac. Gunratnasuri M.S.　　Jun Gun Aaradhak Trust

તપસ્વિનીનો આ ઉપદેશ રોહિણીએ તલ્લીનતા પૂર્વક સાંભળ્યો. આટલી ન્હાની વયમાં, આવા અનુપમ કોમળ દેહને તપશ્ચર્યા વડે બાળી નાખવા આ બાળા કેમ તૈયાર થઇ હશે ? એ શંકાથી રોહિણીના વદન ઉપર ભારે શ્યામતાની રેખાઓ અંકિત થઈ. યથાસ્થિત વૃતાન્ત જાણવાની ઇચ્છાથી તેણીએ રોહિણીને એ પ્રશ્ન પૂછયો પણ ખરો. પરંતુ તપસ્વિનીએ વાતને ટાળી દેવાની ભાવનાથી કહ્યું કેઃ—" હે રાજસુતે ! મારા વૈરાગ્યનું નિમિત્ત મને ન પૂછો તો બહુ સારૂં. અમે અમારા પૂર્વાશ્રમની હકીકતને લગભગ પૂર્વજન્મ જેવીજ માનીએ છીએ. એ સંબંધી વધારે આગ્રહ ન કરો એમ ઇચ્છું છું. " આટલું છતાં રાજસુતાએ પોતાનો આગ્રહ ન છોડયો, એટલે તપસ્વિનીએ પોતાનો આત્મવૃત્તાંત કહેવા માંડયોઃ—

" સુરીપુર નગરને વિષે મારા પિતા-સૂરસેન રાજ્ય કરતા હતા. હું તેમને ત્યાં પુત્રી તરીકે જન્મી. બાળપણમાં જ મારી માતા સ્વર્ગવાસ પામી. જે વખતે માતાની ખરેખરી જરૂર હોય તેજ વખતે મારી માતા ચાલી નીકળી તેથી અમારા આખા રાજકુટુંબ ઉપર એક મ્હોટી આફત ઉતરી હોય એમ અમને લાગ્યુંઃ—

**बालस्स मायमरणं, भज्जामरणं च जूव्वणारंभे,**
**वुड्ढस्स पुत्तमरणं तिन्निवि दुरक्खाइ गुरुआई—**

બાળપણમાં માતા મરી જાય, યુવાનીના આરંભમાં ભાર્યા મરી જાય, વૃદ્ધ વયમાં પુત્ર મરી જાય તેના જેવી દુઃખદ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાત બીજી એક પણ નથી. એવી હું, પિતાની સારસંભાળ નીચે પાઠશાળામા જવા–આવવા લાગી. એટલામાં એક દિવસે કોણ જાણે કયાંથી મણિભદ્ર નામના વિદ્યાધરની દ્રષ્ટિ મારી ઉપર પડી. મને જોતાં જ તે મદનપરવશ બન્યો. એક ક્ષણની પણ રાહ જોયા વિના તેણે મને ત્યાંથી એકદમ ઉપાડી, ગગન-માર્ગે વૈતાઢયપર્વત ઉપર ઉતારી, શરૂઆતમાં તેણે ગૌરી, પ્રજ્ઞપ્તિ નામની બે વિદ્યાઓ મને શીખવી. પછી અમે જેવી લગ્નની તૈયારી કરતાં હતાં તેટલામાં એ મણિભદ્રના પુત્ર સુભદ્રવેગને દુર્બુદ્ધિ ઉપજવાથી તેણે પોતાના પિતાનો ત્યાં ને ત્યાં જ જીવ કાઢી લીધો. આથી વિદ્યાધરોના સમાજ વચ્ચે હાહાકાર મચી ગયો.

સુભદ્રવેગે પોતાના પૂજ્ય પિતાનું ખૂન કર્યું તેમાં મારૂં રૂપ કારણભૂત હતું એમ હું જોઇ શકી. મને મારા પોતાના સૌંદર્ય અને કામવિકાર તરફ બહુ ભારે તિરસ્કાર છુટયો. સુભ-દ્રવેગ પોતાની નીચ માગણી મારી પાસે રજુ કરે તે પહેલાં જ કિરણવેગ નામના ત્રીજા એક વિદ્યાધરે આવી તેને હણી નાખ્યો. એક રૂપલાલસાએ આંખનાં પલકારામાં કાળો કેર વર્તાવ્યો! હું આ દ્રશ્ય નિહાળી ધ્રુજી ઉઠી. બ્હેન! એ વખતે મારા હૃદયમાં જાણે દાવાનળ સળગતો હોય એમ જ મને તો લાગ્યું. હવે અહિંથી કયાં નાસી જઉં અને શું કરૂં એનો વિચાર કરવા લાગી. છેવટે ગમે તે પ્રકારે આત્મઘાત કરી, આ સૌંદર્ય અને જીવનનો અંત આણવો એવો નિશ્ચય કરી, એક મહાન્ અરણ્યમાં આવીને ઉભી રહી. ઝંપાપાત કરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મરવું, જીભ કરડીને મરવું કે પાણીમાં ડુબીને મરી જવું એવી તર્કપરંપરા ચાલતી હતી તેટલામાં પાણીથી ભરપૂર એવી એક મ્હોટી વાવ મારા જોવામાં આવી. વાવની ઉપર એક ઘટાદાર વડલો છવાઇ રહ્યો હતો. એ વડલા ઉપર ચડી પેલી વાવમાં પડતું મૂકવા જઉં છું એટલામાં પાછળથી અકસ્માત્ કોઇએ આવી મારો હાથ પકડયો. પાછળથી હું જાણી શકી કે મને આત્મહત્યા કરતાં અટકાવનાર આ પણ એક વિદ્યાધર જ હતો અને તેનું નામ કિરણવેગ હતું.

કિરણવેગ મને અંતરના ઉંડાણમાંથી ચાહે છે એવી પ્રતીતિ થતાં મેં મારી જાત તેનેસમર્પી દીધી. તે મને પોતાને ત્યાં લઇ આવ્યો અને અમે ભાતભાતની રતિ-ક્રિડા કરી અમારા સુખના દિવસો વીતાવવા લાગ્યાં. પરન્તુ બ્હેન ! પુરૂષોનો પ્રેમ હંમેશા અસ્થિર હોય છે અને શિકારીની જેમ તેઓ નિત્ય નવા ઉપભોગની શોધમાં જ ફરતા હોય છે એમ આપણે બીન અનુભવી અબળાઓ શીરીતે સમજી શકીએ ? કિરણવેગને હું અત્યાર સુધી મારો પોતાનો માનતી હતી એ માન્યતામાં છેતરાણી. મેં તેને એક બીજ જ સ્ત્રીમાં આશક્ત થયેલો પ્રત્યક્ષ જોયો. શરૂઆતમાં વિનવણી-પ્રાર્થના-આજીજી વિગેરે કરી તેને સન્માર્ગ ઉપર લાવવાનો પ્રયત્ન કર્યો. પણ તેમાં મને નિરાશા શિવાય બીજું કંઇજ ન દેખાયું આજસુધી હૃદયમાં વૈરાગ્યરસની જે ધારા મંદમંદપણે વહી રહી હતી તેમાં નવો વેગ આવી મળ્યો. વૈરાગ્ય અને આત્મશુદ્ધિ સિવાય સંસારમાં કોઇ કોઇનું સગું નથી એવી પાકી ગાંઠ વાળી લીધી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

शास्त्रं सुनिश्चल धिया परिचिंतनीयं
आराधितोऽपि नृपतिः परिशंकनीयः
आत्मीयकृतापि युवतिः परिरक्षणीया
शास्त्रे नृपे च युवतौ च कुतः स्थिरत्वं ?

નિશ્ચલબુદ્ધિવાળા મનુષ્યોએ પણ શાસ્ત્રના અર્થ વિષે એકાન્ત નિર્ણય કરી લેવો ન ઘટે—શાસ્ત્રના અર્થ જેમ જેમ વિચારતા જઇએ તેમ ઉંડું ઉંડું રહસ્ય સમજાવવા લાગે. રાજાની ગમે તેટલી મહેરબાની હોય તોપણ તે વિષે હંમેશા નિઃશંક ન રહી શકાય. રાજા કેયારે બગડી બેસશે તે આગળથી કહેવાને કોણ સમર્થ છે ? તેજ પ્રમાણે યુવતિ ગમે તેટલી આત્મીય હોય તોપણ તેની સતત્ સંભાળ તો રાખવી જ. કારણકે શાસ્ત્ર, નૃપ અને યુવતિમાં સ્થિરત્વ જેવું ભાગ્યેજ હોય છે. આ પ્રમાણે વિચાર કરી હું ગંગાકીનારે જઇને રહેવા લાગી. ત્યાં તપસ્વીતા સ્વીકારી થોડો સમય વીતાવ્યો. પછી તીર્થયાત્રા કરતાં ફરતી ફરતી આજે અહીં આવી ચડી."

તપસ્વિનીનું જીવનવૃત્તાંત સાંભળી રોહિણીનું હૃદય પણ સહાનુભૂતિથી દ્રવવા માંડયું. તપસ્વિની ઉપર તેને મમત્વ સ્ફુર્યું. પ્રસંગોપાત પોતાના પૂર્વજીવનની ઘટનાઓ વર્ણવી રાજસુતાએ કહ્યું કે:—" આજે તમારા જેવા સત્પાત્રના દર્શન થવાથી હું મને ભાગ્યશાળી માનું છું. મારી પ્રતિજ્ઞા આજે સંપૂર્ણ ફળીભૂત થઇ હોય એમ મને લાગે છે. મારી વિદ્યા આપ અંગીકાર કરો એવી મારી નમ્ર પ્રાર્થના છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તપસ્વિનીએ ઉત્તર આપ્યો:—"અમને સંન્યાસિનીઓને એવી વિદ્યાની કંઇજ જરૂર નથી હોતી." છતાં રાજકુમારીએ પોતાની ઇચ્છાથી, પરાણે તપસ્વિનીને પરકાયપ્રવેશિની વિદ્યા શીખવી.

થોડીવાર રહીને રાજકુમારીએ પૂછ્યું:—"હે માત ? આપના જેવો કળાવાન્—વિચક્ષણ અને વીરતાવાળો કયો પુરૂષ મારો ભરથાર થશે એ સંબંધે જો જરા સ્પષ્ટીકરણ કરો તો મને નિરાંત થાય."

તપસ્વિનીના ચ્હેરા ઉપર આનંદ અને સંતોષનાં ચિન્હ તરી આવ્યાં. સમાધિનો થોડો ખોટો ડોળ કર્યો અને જ્ઞાનદ્રષ્ટિ વડે જાણે માંડ માંડ ભવિષ્યના અંધકારમાં નિહાળતી હોય તેમ કહ્યું:—"હે રાજકન્યા ! તમારૂં ભાગ્ય તો ભારે ઉજળું દેખાય છે. થોડા દિવસની અંદરજ તમને ખુબ રૂપ–કાંતિ અને ગુણના સમુહરૂપ ભર્ત્તાર મળવો જોઇએ."

"પણ તેની પ્રથમ નિશાની શી રીતે જાણવી ?" રાજકુમારીએ એક ઉત્સુક નારીને શોભે તેવી જીજ્ઞાસા દર્શાવી.

"હે સુલોચને ? તમારો એ ભવિષ્યનો ભર્ત્તાર, તમારા જ માળી મારફતે તમને ઘેર બેઠા પુષ્પની કાંચળી પહોંચાડશે. એ નિશાની ઉપરથી જ તમારે જાણી લેવું કે તમારો ભાગ્યવિધાતા હવે થોડા જ વખતમાં તમને આવી મળશે." એ પ્રમાણે કહી તપસ્વિનીએ પોતાના ઉતારે જવાની ઇચ્છા દર્શાવી. પરંતુ રાજકુમારીને તપસ્વિનીની વાતમાં એવો તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રસ પડતો હતો કે તે વારંવાર અતિ આગ્રહ કરી. તેમને ત્યાં ને ત્યાંજ રહેવાની પ્રાર્થના કરવા લાગી. તપસ્વિનીએ પોતાની સ્થિતિ સ્ફુટ કરતાં કહ્યું કેઃ—“ અમારાં જેવાં તપસ્વીઓએ સંસારીઓનો સહવાસ વધારે પડતો ન રાખવો જોઇએઃ—

સ્ત્રી પીયર નર સાસરે, સંજમિયા સહવાસ;
પગ પગ હોય અળખામણાં, જો માંડે થિરવાસ.

સ્ત્રી જો પોતાના બાપને ઘેર–પીયરમાં લાંબો વખત રહે, પુરૂષ પોતાના સાસરે પડી રહે અને સંયમીઓ એક સ્થળે થિર થઇને વસે તો પગલે પગલે તેમનું અપમાન થાય.

અંતે રાજકુમારીની રજા લઈ, બ્હાર નીકળી, તપસ્વિનીનું રૂપ ત્યજી દીધું અને અંબડના સ્વાભાવિક વેશમાં દેવપત્તન પહોંચ્યો, ત્યાં રાજાનો એક માળી રહેતો હતો અને તેને દેમતી નામની એક ઘણી જ કુશળ પુત્રી હતી. અંબડના અતિ સુંદર રૂપ ઉપર દેમતી મુગ્ધ બની એટલુંજ નહીં પણ પોતાની મોહિનીવિદ્યાના પ્રતાપે તેણે નગરજનોને મંત્રમુગ્ધ જેવા બનાવી દીધા. દેમતીની માતા પોતાની પુત્રીના મનોભાવ સમજી અંબડ પાસે આવી કહેવા લાગી કે–“ હે પ્રતાપી પુરૂષ ! આપને જોતાં જ–પ્રથમ દર્શને, મારી પુત્રી આપને પોતાનું સર્વસ્વ અર્પી ચુકી છે, માટે જો આપ કૃપા કરીને તેનું પાણિગ્રહણ કરો તો અમારો ઉદ્ધાર થાય. ” અંબડે તે માગણી સ્વીકારી લીધી. કારણ કે આ માળીની પુત્રી તેને પોતાની ઉદ્દેશસાધનામાં ઘણી રીતે ઉપયોગી થાય તેમ હતું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક દિવસે માળીની પુત્રીએ અંબડને કહ્યું:—"રાજા અને નગરના બધાં માણસો આશ્ચર્યમુગ્ધ બની જાય એવો કંઇક પ્રયોગ કરી બતાવો તો તમારો ચમત્કાર જોઈ લોકો નમસ્કાર કરવા પ્રેરાય."

"અવસર આવે એ બધું બની રહેશે." અંબડે ટુંકામાં જ જવાબ આપ્યો.

બીજે દિવસે માળણ, ફુલના હાર–તોરા લઇ રાજસભામાં જતી હતી. તે વખતે અંબડે તે હાર જોવા માગ્યા. પછી જાળવીને એ હારની અંદર મંત્રેલુ ચૂર્ણ નાખ્યુ અને હાર પાછા સોંપતાં કહ્યું:—"આ હારમાંનો એક તું રાજસભામાં જઇ ખુદ રાજાને આપજે, અને બીજો હાર પ્રધાનને આપજે."

માળણે રાજસભામાં જઇ રોજના નિયમ પ્રમાણે એક-હાર રાજાને અને બીજો હાર પ્રધાનને આપ્યો એટલે તેમણે પોતપોતાના હાર માથે ચડાવ્યા અને તેની સુંદર સુવાસ લઇ આનંદ પામ્યા.

ફુલહાર આપી માલણ પોતાને ઘેર આવી. અંબડે બીજું થોડું ચૂર્ણ મંત્રી થોડું થોડું ચૂર્ણ, રાજાના, પ્રધાનના અને નગરના કીલ્લાની ઉપર નાખ્યું. એ મંત્રેલા ચુર્ણના પ્રતાપથી અંત:પુરનો ગઢ, પ્રધાનના મહેલનો ગઢ અને નગરની આસપાસનો કીલ્લો, પવનમાં જેમ વસ્ત્ર ફરકે તેમ એકાએક ધ્રુજવા લાગ્યા. કીલ્લાઓને કંપતા જોઇ નગરજનો વિગેરે ભય



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામી ઘરમાં સંતાઈ ગયા અને નગરમાં ચારેકોર હાહાકાર વર્તી ગયો ? તેઓ અંદર અંદર વાતો કરવા મંડ્યા કે:—"ખરેખર, આ નગર ઉપર ભૂત, પ્રેત, યક્ષ કે રાક્ષસનો કોપ ઉતર્યો છે, કાંતો નગર ઉજ્જડ થઇ જશે અને કાંતો આખું નગર ભૂગર્ભમાં સમાઇ જશે."

કોઇ ડાહ્યા માણસે કહ્યું:—"આપણે અંદર અંદર બડબડ્યા કરીએ તે કરતાં રાજાજી પાસે જઇ ફરીયાદ કરીએ તો આ દૈવી આફતમાંથી બચવાનો કંઇકે માર્ગ મળી આવે. બાકી ભયથી ઘરમાં ભરાઇને બેસી રહેવાથી કંઇ અર્થ નહીં સરે."

આ દરખાસ્ત ઘણા સુજ્ઞજનોના ગળે ઉતરી. તેમણે રાજા પાસે જઇ ફરીયાદ કરી કે:—"રાજા ! આ ઉપાધિમાંથી અમારૂં રક્ષણ કરો ! અમે આ પ્રકંપથી ગભરાયા જેવા થઇ ગયા છીએ."

નગરજનોની પ્રાર્થના સાંભળી, રાજા તેનો ઉત્તર આપે તેટલામાં તો રાજા અને પ્રધાન બન્ને જણાં, પેલા ચૂર્ણના પ્રભાવથી મૂર્છિત થઇ નિશ્ચેટ જેવા બની ગયા.

નગરવાસીઓની અનાથદશા ઓર વધી પડી. જેમની પાસેથી રક્ષણની આશા રાખતા હતા તેજ રાજા-પ્રધાનની આવી દુર્દશા નિહાળી તેઓની નિરાશા પારવિનાની વધી ગઇ. વૈદ્ય-હકીમ-ભૂવા-ઓઝા વિગેરેને બોલાવી ઘણા ઘણા ઉપચારો કર્યા. પણ સ્થિતિ ન સુધરી.

બીજે દિવસે રાજા અને પ્રધાન શીયાળની જેમ ભયાનક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કીકીઆરી પાડી પોતાની અનાથદશા પોકારવા લાગ્યા. ત્રીજે દિવસે તે બન્ને નાગાં થઇ નૃત્ય કરવા લાગ્યાં અને ચોથે દિવસે કીચડ તથા ધૂળમાં આળોટતાં ભારે કઠોર સ્વરે ભસવાનું શરૂ કર્યું. પાંચમે દિવસે છેક ભાનભૂલેલાની જેમ મૃદંગ બજાવી બેસુરા તાન આલાપવા લાગ્યા અને છઠ્ઠે દિવસે પરસ્પરને ભેટી અતિ કરૂણસ્વરે પોક મુકીને રડવા લાગ્યા.

સાતમે દિવસે અંબડે માળણને પૂછ્યું:—"ગામમાં નગરજનોની શી દશા છે ?" માળણે સારા યે શહેરમાં વ્યાપેલી વ્યાકુળતા અને ગમગીનીનું હૈયાફાટ વર્ણન કર્યું. છેવટે ઉમેર્યું કે:—"હવે કૃપા કરીને જો આ બધો ઉપદ્રવ શાંત કરો તો નગર ઉપર આપનો મ્હોટો ઉપકાર થાય. લોકો આપનો ચમત્કાર જોઈ, મૃત્યુથી માણસજાત બીએ તેમ હેબતાઈ ગયા છે."

પછી અંબડે કીલ્લાઓની સામે ઉભા રહી એક એવો મંત્ર ઉચ્ચાર્યો કે તે જ ક્ષણે કીલ્લા, હતા તેવા—પર્વતની જેમ અચળ બની ઉભા રહ્યા. લોકો પણ સમજી શક્યા કે—આ પુરૂષ કોઇ સામાન્ય કોટીનો નથી—ખરેખર જ તે એક સિદ્ધ-પુરૂષ છે, અને જો તે મન ઉપર લે તો શહેરના તમામ ઉપદ્રવ આંખના એક પલકારામાં ટાળી દે.

નગરજનો અંબડને આજીજી કરવા લાગ્યા કે:—"હે સત્પુરૂષ ! નગર અને રાજા આદિનું રક્ષણ કરો અમને બચાવો !"

અંબડે તેમને જવાબ આપ્યો:—"તમો ન કહો તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ તમારાં મનની વ્યથા હું બરાબર સમજી શકું છું. મારા ઇસારા માત્રથી બધી બગડેલી બાજી સુધરી શકે તેમ છે. પણ હું તમને પૂછવા માગું છું કે તમે મારા શ્રમના બદલામાં હું માગું તે આપી શકશો ખરા ? ”

લગભગ એક અઠવાડીયાના દુઃખભારથી કંટાળેલા નાગરિકો સમસ્વરે પોકારી ઉઠ્યા:—“ આપ માગશો તે અમે પાતાળના છેક છેલ્લા ખુણામાંથી પણ લાવીને હાજર કરી આપશું. ”

“ હું તમને એટલીબધી તકલીફ આપવા નથી માગતો મને તો અર્ધું રાજ્ય અને રાજકુંવરી મળે એટલાથી જ સંતોષ માની લઇશ. અને—” પ્રધાન તરફ દ્રષ્ટિ કરી અંબડે ઉચ્ચાર્યું. “ આ પ્રધાનના ઘરમાં રવિચંદ્ર નામની જે દીવી છે તે પણ મને બદલા તરીકે મળે એવી મારી મનઃકામના છે. ”

આ માગણી સાંભળી લોકો જરા વિચારમાં પડી ગયા. અંબડ તેમની મનોદશા પામી ગયો છતાં પોતાના દીલની નિર્મળતા અને નિખાલસતા સમજાવવા તેણે કહેવા માંડયું કે મારી માગણી કદાચ તમને વધારે પડતી ભાસશે, માગણી કરવામાં વિવેક ભૂલી ગયો છું એમ પણ તમારામાંના કોઈને લાગે તો તે સ્વાભાવિક છે. પરંતુ શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે:-

**धन धान्य प्रयोगेषु विद्या संग्रहणेषुच ।**
**आहारे व्यवहारेच त्यक्तलज्जः सुखी भवेत् ॥**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધનધાન્યના વિષયમાં, વિદ્યા મેળવવામાં અને આહાર વ્યવહારમાં જેઓ લાજ-શરમ છોડી ચોખ્ખા શબ્દોમાં વાતચીત કરે તેને પાછળથી પસ્તાવાપણું નથી રહેતું. હું પણ એ જ શાસ્ત્રીય દૃષ્ટિને પ્રધાન ગણી તમારી સાથે આ શરત કરી રહ્યો છું.

અંબડની નીખાલસતા અને દૃઢતા અવલોકી નાગરિકોએ તેની માગણી સ્વીકારવાનું અભિવચન આપ્યું.

તે પછી થોડો ધ્યાનનો આડંબર કરી અંબડે પોતાની વિદ્યાના પ્રતાપથી રાજા તેમજ પ્રધાનને સ્વસ્થ કર્યા, નગરમાં ઘેર ઘેર મહોત્સવ મંડાયા, રાજા અને પ્રધાને જ્યારે આ સંબંધી સર્વ વૃત્તાંત સાંભળ્યો, ત્યારે તેમનાં હૈયાં પણ ઉપકારભારથી ગળગળાં થઈ ગયાં. રાજાએ પોતાનું અર્ધું રાજ્ય અને મદિરાવતી નામની પુત્રી અંબડને સમર્પણ કર્યાં, તેમજ વૈરોચન મંત્રીએ રવિચંદ્ર નામની દોવી સાથે પોતાની કરમંજરી નામની પુત્રી પણ અંબડને પરણાવી. માળીની પુત્રી દેમતિ પણ આ બે યુવતીઓ સાથે આવી સામેલ થઈ અને અંબડ એ ત્રણે કુળલક્ષ્મીના સહવાસમાં રહી આનંદવિનોદ કરવા લાગ્યો.

થોડા દિવસ એ પ્રમાણે સુખ વૈભવમાં નીકળી ગયા. તે પછી અંબડે પોતાની સમૃદ્ધિ અને કલત્ર સાથે સિંહપુર તરફ જવા પ્રયાણ કર્યું. એક દિવસે, માર્ગમાં ચાલતાં ચાલતાં એક નારી હૈયાફાટ રૂદન કરતી તેના જોવામાં આવી. આ સ્ત્રીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખંભા ઉપર એક બાળકનું શબ પડયું હતું. અને બાઇના નેત્રમાંથી ચોધાર આંસુ વહી રહ્યા હતા. અંબડે તેને વિલાપ કરતી જોઇ બહુજ અનુકંપા અને પ્રેમભાવથી પૂછયું કે:—"હે સુભગે ! તું કોણ છે અને આમ વનમાં શા સારૂ આક્રંદ કરી વ્યર્થ દુ:ખ પામે છે ?"

બાઇએ જવાબ આપ્યો:—"હે સત્પુરૂષ ! હું એક બાળણ છું. મને મારા માબાપે આ ગામમાં પરણાવી હતી. વખત જતાં હું એક પુત્રની માતા થવા ભાગ્યશાળી થઇ. એક વાર મારા માબાપને મળવા હું પીયર ગઈ હતી એટલામાં મારા દુર્ભાગ્યે મારી ગેરહાજરીમાં જ આ પુત્ર મૃત્યુ પામ્યો, મને તેનું છેલ્લું વેણ સાંભળવાનું કે છેલ્લા મુખદર્શન કરવાનું પણ સદ્ભાગ્ય પ્રાપ્ત ન થયું. આ પુત્રના મરણથી મને મારા જીવન ઉપર એટલો બધો કંટાળો આવ્યો છે કે પુત્રવિરહે જીવવું તેના કરતાં એ પુત્રના શબની સાથે ચીતામાં બળી મરવું એ મને વધુ ઇષ્ટ લાગે છે."

માતાને આપઘાત કરવા તૈયાર થયેલી જોઇ અંબડે એક ધર્મોપદેશની જેમ કહેવા માંડયું:—"અરે ! ભલી બાઇ ! આ સંસારમાં તમે સર્વત્ર તપાસ કરી જુઓ, મૃત્યુએ કોઇને આજ સુધીમાં માફી આપી છે ? રાજાથી રંક સુધીના તમામ મનુષ્યો ઉપર તેનો અબાધ અધિકાર ચાલે છે. બ્રહ્માથી માંડી ઇંદ્ર, સૂર્ય, ચંદ્ર, લોકપાળ, સુરપતિ, બુદ્ધ, અને નારાયણ સુધીના સર્વ જીવધારીઓ મૃત્યુની હકુમતમાં જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસે છે. શિકારની પાછળ પારધી જેમ દોડે તેમ મૃત્યુ પણ આપણી સૌની પાછળ દોડી રહ્યું છે. તેમાંથી છુટવાનો કે કોઈને છોડાવવાનો પ્રયત્ન કરવો એ સાવ નિષ્ફળ છે. અને જ્યાં માણસથી લઈ દેવ–દાનવ કે દેવેંદ્રનો અધિકાર પણ ન ચાલતો હોય ત્યાં આક્રંદ કે વિલાપ કરવાથી શું વળે ? ”

શોકમગ્ન નારીના અંતરમાં નવો પ્રકાશ ઉતર્યો હોય તેમ તે સહેજ સ્વસ્થ થઈ. તેણીએ કહ્યું:—“ મૃત્યુ અન્યથા ન થાય એ હું આપના ઉપદેશથી સમજી શકી છું. પણ મારા દીલને વિષે એક જ કાંટો ખુંચી રહ્યો છે. જે વખતે મારો આ પુત્ર મૃત્યુ પામ્યો તે વખતે હું તેની પાસે ન હતી, તેથી હું તેની સાથે છેલ્લીવારની વાતચીત કરી હૃદયને મનાવવાની સરસ તક મેળવી શકી નથી. આપ જો જરા કૃપા કરો અને આ બાળક સાથે મને થોડો વાર્ત્તાલાપ કરાવો તો હું આત્મહત્યા કરવાનું માંડી વાળું. ”

આત્મઘાતના મહાપાપમાંથી એક અબળાને બચાવવા અંબડે બાળકનું શબ, સ્ત્રીના ખંભા ઉપરથી નીચે ધરતી ઉપર મુકાવ્યું. પછી પોતાની પરકાય પ્રવેશિની વિદ્યાના બળથી તેના દેહમાં દાખલ થઈ પેલી માતાને કહ્યું:—“ હે માત ! તું નકામી રૂદન કરી શા સારૂ તારા આત્માને મલીન કરે છે ? મારૂં આયુષ ખુટવાથી–મારા પોતાના કર્મયોગે જ મૃત્યું પામી સંસારમાંથી ચાલી નીકળ્યો છું. તું તારે ઘરે જા અને શાંતિ–સમાધિમાં રહી ધર્મકૃત્ય કરી તારૂં જીવતર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાર્થક કર " આ સાંભળી માતાના રોમ રોમ પુલકિત થયાં તે ત્યાંથી ચાલી પોતાના ઘરે આવી અને તેના અતિ આગ્રહને લીધે અંબડ પણ થોડા દિવસ તે માલણને ત્યાં રહ્યો.

માળણે અંબડની સોળ સોળ પ્રકારની પૂજા-ભક્તિ કરવા માંડી. એક દિવસે અંબડે માલણને પૂછ્યું:—" રાજાને ત્યાં તમે ફુલ વિગેરે આપવા જાઓ છો કે નહીં ? " માલણે તેનો હકારમાં જવાબ આપ્યો. તે વખતે તો અંબડે એ વાત એટલેથી જ પતાવી દીધી.

માલણના મૃત્યુ પામેલા પુત્રને બોલતો કર્યો એ પુરૂષ કંઇ જેવો તેવો ન હોય એ મતલબની વાત ગામમાં વાયુવેગે પ્રચાર પામી ગઇ. ધીમે ધીમે એ વાત રાજકુંવરી રોહિણીના સાંભળવામાં આવી. એક વાર એકાંત સાધી રાજકુંવરીએ પેલી માલણ પાસેથી એ પુરૂષ સંબંધી અથેતિ હકીકત મેળવી. માલણ પણ ભકિતભાવવાળા શબ્દોથી અંબડની સરસ ઓળખાણ કરાવી. રોહિણીને તે સાંભળી અત્યંત આનંદ થયો. તેણીએ માલણ મારફતે અંબડને પોતાના પ્રણામ કહેવરાવ્યા.

બીજે દિવસે અંબડે રાજકુંવરીના પ્રણામના જવાબરૂપે માલણ મારફત પુષ્પમય કંચુકી રાજકુંવરીને મોકલી આપી. એ કંચુકી જોતાં જ રોહિણીને પેલી તપસ્વિનીવાળી વાર્તાનું આલ્હાદક સ્મરણ થયું, પોતાનો અંબડ નામનો ભરથાર આવી પહોંચ્યો છે એમ જાણી તેની રોમરાજી ખીલી ઉઠી !

રાજકુંવરીએ તત્કાળ પોતાના ભાઇ પાસે જઇ બધો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૃતાન્ત નિવેદન કર્યો અને અંબડની સાથે પોતાના લગ્ન કરી આપવા વિનતી કરી. ભાઇએ પણ ભારે સમારોહ પૂર્વક લગ્ન-ઉત્સવ કર્યો અને પોતાની બ્હેન અંબડ વેરે પરણાવી.

કેટલાક દિવસ ત્યાં ને ત્યાં જ રહી, અંબડ પોતાના કલત્ર સાથે પોતાની જન્મભૂમિ તરફ રવાના થયો. જન્મભૂમિમાં પહોંચતાં જ તેણે ગોરખ યોગિની પાસે આવી સવિનય પોતાનો યાત્રાવૃત્તાંત નિવેદન કર્યો. યોગિનીને આ પરાક્રમોનો પરિપૂર્ણ વૃતાંત સાંભળી ઘણો જ હર્ષ થયો, અંબડને આશીર્વાદ આપી ઘર તરફ વિદાય કર્યો. તે પછી ઘણા દિવસો અંબડે સુખ-શાંતિ અને ધર્મધ્યાનમાં વીતાવ્યા,

---


# તાકીદે મંગાવી લેશો.

વિધિયુક્ત પંચપ્રતિક્રમણ જે વાંચી જવાથી પ્રતિક્રમણ થઈ શકે છે. પૃષ્ટ ૧૭૫ પાકું બાઇડીંગ છતાં કિં. રૂા. ૧-૪-૦.

લખો—

**જૈન સસ્તી વાંચનમાળા.**

રાધનપુરીબજાર-ભાવનગર.


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ૫૪ આદેશ.

"સૌવીર દેશમાં, સિંધુ નામના પર્વત પાસે કાડિન્ન નામના નગરમાં દેવચંદ્ર રાજા રાજ્ય કરે છે. ત્યાં વેદવેદાંગ પારંગામી સોમેશ્વર નામના એક બ્રાહ્મણ પાસે સર્વાર્થસિદ્ધિ નામનો દંડ છે તે લઈ આવ." એ પ્રકારનો છઠ્ઠો આદેશ ગોરખ યોગિની પાસેથી મળતાં અંબડ સૌવીર દેશ તરફ ચાલી નીકળ્યો.

માર્ગમાં એક સ્થળે નદીના જળ પ્રવાહ ઉપર એક નાજુક ઝુંપડી તરતી જતી હોય એમ અંબડને લાગ્યું. બરાબર નિરીક્ષણ કરીને નિહાળવાથી એક યોગી એ ઝુંપડીની અંદર નિરાંતે બેઠો બેઠો એક મૃગલીને પંખાવતી હવા નાખતો હોય એવો દૃશ્ય પ્રત્યક્ષ થયો. ઝુંપડીને કેળના થંભ તથા આસોપાલવના તોરણ વડે શણગારવામાં આવી હતી. અંદર બેઠેલી મૃગલીનું રૂપ જાણે સૂર્યના કીરણ સાથે સ્પર્ધા કરતું હોય તેમ આખી ઝુંપડીમાં અજવાળાં ઝોકાર પથરાઈ ગયાં હતાં.

અંબડને આ ઘટનામાં કાંઈક અસાધારણતા હોય એવી ખાત્રી થઈ તે લેશ માત્ર પણ વિલંબ કર્યા વિના આકાશમાર્ગેથી સડસડાટ નીચે ઉતરી આવ્યો અને ભારે ભયંકર રૂપ ઉપજાવી પેલા યોગીને ઝપાટામાં લીધો. ઝુંપડીને ત્યાં ને ત્યાંજ થંભાવી દઈ, અંબડ પેલા જોગીને આકાશમાં અધ્ધર ઉપાડી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગયો. વ્યોમને વિષે એ બન્ને સમર્થ પુરૂષો વચ્ચે તુમુલ યુદ્ધ જામ્યું, તેમાં જોગી ઘવાયો અને આખરે મરાયો.

ઝુંપડીની અંદર દાખલ થઇને જોયું તો પેલી મૃગલી એક સોનેરી સાંકળ વડે બંધાયેલી બેઠી બેઠી ઉંડા નિઃશ્વાસ નાખી રહી હતી. પાસે જ રત્નમય કુંડળવાળો એક સુવર્ણમય પુરૂષ પડયો હતો અને તેની પડખોપડખ શ્વેત અને લાલરંગની નેતરની સોટીઓ પડી હતી. આ બધી આશ્ચર્યકારક વસ્તુઓનો ખુલાસો કરવા અંબડે મૃગલી ઉપર દબાણ કર્યું. પણ વાચા વિના તે શી રીતે પોતાના મનોભાવ પ્રકટ કરી શકે?

અંબડે આવેશમાં આવી જઈ એક સોટી મૃગલીની પીઠ ઉપર પછાડી સોટીનો સ્પર્શ થતાં જ મૃગલી, રંભા સમાન રૂપવતી એક યુવતીના સ્વરૂપમાં ઊઠીને ઉભી થઇ! અંબડ આ નવયુવતીનો રૂપરાશી જોતાં ઘડીભાર અંજાઈ ગયો.

"હે ચંદ્રવદને? તમે કોણ છો? અને આ યોગીના પંજામાં શી રીતે સપડાયાં? તેમજ અહીં સોનાનો જે પુરૂષ પડયો છે તેમાં શું રહસ્ય સમાયલું છે તે મને કહી દ્યો." અંબડે સત્તાવાહી સ્વરમાં નવયૌવનાને પ્રશ્ન કર્યો.

પ્રશ્ન સાંભળતાં બાળિકાની આંખમાં જળજળીયાં ઉભરાઇ આવ્યાં, છતાં ધૈર્ય રાખીને તે બોલવા લાગી કેઃ—"હે પરોપકાર શિરોમણી! હે ગુણાકર! તમે મારી વીતકવાર્તા ધ્યાન આપીને સાંભળો. બંગદેશમાં ભોજકટક નામનું એક નગર છે. ત્યાંના વૈરસિંહ રાજાની હું પુત્રી છું. એક દિવસે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પિતાની આજ્ઞા મેળવી હું વિલાસકૂપમાંથી પારદ લેવા, અશ્વ ઉપર સ્વાર થઇને બ્હાર નીકળી. મારા કમનસીબે અશ્વને શિક્ષણ જ ઉધું મળ્યું હતું. તે મારા અંકુશમાં ન રહ્યો અને મને એક ગાઢ વનમાં લઈ ગયો. એક દુર્ભાગ્ય બીજા દુર્ભાગ્યને તાણી લાવે તેમ આ યોગી મને ભાળી ગયો. ત્યારથીજ મને પુરેપુરી શી રીતે સપડાવવી તેની તે વેતરણ કરવા લાગ્યો.

એક દિવસે સારૂં મુહૂર્ત જોઈ તે યોગી મારા પિતાના દરબારમાં આવી હાજર થયો. ત્યાં તેણે સૌની અજાયબી વચ્ચે એક સુપલ્લવિત કેળને થંભ ઉપજાવ્યો. મારા પિતાએ અને બીજા દરબારીઓએ તેને મહાત્મા માની સારો આદરસત્કાર આપ્યો.

એ કરતાં પણ વધુ અદ્‌ભૂત પ્રયોગ કરી બતાવવાની મારા પિતાએ પ્રાર્થના કરી એટલે યોગીએ પેલો કેળનો થાંભલો ચીરવાની આજ્ઞા કરી મારા પિતાએ હાથમાં તલવાર લઇ જેવો એક ઘા કેળના થાંભલા ઉપર કર્યો કે તેજ ક્ષણે જાણે કેળના સંખ્યાતિત દળમાં એક અપ્સરા યુગોના યુગો થયાં પોતાના સૌંદર્યને વિકસાવતી બેઠી હોય તેમ એક નવયૌવના પ્રત્યક્ષ થઇ ! મારા પિતા અને સભાજનો પણ આ દેવાંગનાના સ્વરૂપને જોઇ દિગમૂઢ જેવા થઇ ગયા. રાજાએ યોગીની સામે આતૂર દ્રષ્ટિપાત કરી પૂછ્યું કે:—“ હે યોગીરાજ ! હું આ દ્રશ્ય જોઇ રહ્યો છું તે વસ્તુત: સત્ય છે કે માત્ર ઇંદ્રજાળ જ છે ?”

યોગીએ ઉત્તર આપ્યો:–“ આમાં હાથચાલાકી જેવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કાંઇ જ નથી આ યુવતિ તે બીજી કોઇ નહીં, પણ મણિયોગ વિદ્યાધરની પુત્રી રત્નમાળા પોતેજ છે અને તમે જાણીને આનંદ પામશો કે તમને પરણાવવા માટેજ મેં તેણીને આ ભરસભામાં આણી છે.

આ વૃત્તાંન્ત સાંભળીને રૂપથી મુગ્ધ બનેલા રાજાજીને કેટલો આનંદ થયો હશે તેની તો તમારેજ કલ્પના કરી લેવી પડશે રાજાને કામવાસનાથી ઉન્મત્ત બનેલો નિહાળી યોગીએ પોતાની પ્રપંચજાળ પાથરવી શરૂ કરી દીધી તેણે કહ્યું:— "પણ મારી એક શરત તમારે પાળવી પડશે."

વાસનાપરવશ બનેલા માણસો એક શરત તો શું પણ આવી પાંચ પચીશ શરતો કરવાને કબુલ થાય એમાં તો કંઇ પુછવાનુંજ ન હોય, મારા પિતાએ શરત પાળવાની સમ્મતિ દર્શાવી એટલે યોગીએ છટાથી કહેવા માંડયું કે—"હું જે એક મહાન્ સાધના કરી રહ્યો છું તેની સમાપ્તિ આવતી આઠમને દિને સાયંકાળે થવાની છે. તમારે તે દિવસે બરાબર તે જ સમયે શ્રીપર્ણા નદીના કીનારે તમારી પુત્રી રત્નવતીને સાથે લઇને ત્યાં પધારવું." રાજાએ વગર વિચાર્યે એ શરત મંજુર રાખી. યોગી પણ રાજા પાસેથી વચન લઇ પોતાના સ્થાને ચાલ્યો ગયો.

મંત્રી વિગેરેએ જ્યારે આ શરતવાળી વાત સાંભળી ત્યારે તેઓ બહુજ ખિન્ન થયા. તેમને આ શરતમાં કપટ હોય એમ દેખાઇ આવ્યું મારા પિતાને વિનવણી કરતાં તેઓ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહેવા લાગ્યા કે—" હે સ્વામીન્ ! આપ જેવા સુજ્ઞ કુશળ પુરૂષે આ પ્રપંચમાં ફસાવું ન જોઈએ. આવા ચમત્કારો કરનારા યોગીઓ મ્હોટે ભાગે હમેશાં ધુર્ત અને મહા નિર્દય હોય છે. આપે રાજકુંવરી સાથે ત્યાં જવું એ કોઈ રીતે વ્યાજબી ન ગણાય."

રાજાએ ઉત્તર આપ્યો:–તમે કહો છો તે વાત સંપૂર્ણ સત્ય હોય તોપણ મેં જે વચન આપ્યું છે તે મિથ્યા ન થાય. રાજ્ય અને લક્ષ્મી કાલે જતાં હોય તો ભલે આજે જ ચાલ્યા જાય, પણ એકવાર મુખમાંથી જે વચન નીકળ્યું તે તો પ્રાણાંતે પણ પાળ્યે જ છૂટકો."

અષ્ટમીની સાંઝે યોગી પોતે મારા પિતાજીને બોલાવવા આવ્યો. વસ્ત્રાલંકાર પહેરી મારા પિતા બ્હાર નીકળ્યા એટલે યોગી બોલી ઉઠ્યો. " પણ રાજકુમારી ક્યાં ? "

" સાધનામાં કુંવરીની શી જરૂર છે ? હું એકલો બસ છું ! " રાજાએ અપરાધીની જેમ ઉદ્ગાર કહાડયા.

" રાજન્ ! જો વચનભ્રષ્ટ થવાનો પ્રયત્ન કરશે તો તેનું પરિણામ વિપરીત આવશે ! રાજકુંવરી વિના સિદ્ધિ અશક્ય છે " યોગીએ ક્રોધના આડંબરવાળો ઉત્તર આપ્યો.

ન છુટકે રાજાએ મને પોતાની સાથે લીધી. પછી અમે બધાં શ્રીપર્ણા નદીના તટે પહોંચ્યાં. માર્ગમાં જતાં જતાં યોગીએ શ્વેત અને લાલ રંગની આ બે નેતરની સોટીઓ વનમાંથી લઇ લીધેલી તે હું જોઇ શકી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમારી સાથે તે એક ગુફામાં ગયો. ત્યાં અગ્નિકુંડ પ્રજળતો હતો તેની સમીપ બેસી તે હોમની ક્રિયા કરવા લાગ્યો. ગુફાની અંદરનો રોમાંચકારી દેખાવ જોતાંજ મારા પિતાને થયું કે આ યોગીનો વિશ્વાસ કર્યો તેનું પરિણામ સારૂ નહીં આવે. પણ આવી ભરાણા પછી એવા વિચાર શા કામના?

ખરેખર ! તે યોગીના રૂપમાં એક પિશાચ જ હતો એમ કહું તો ચાલે. તેણે મને એક શ્વેત નેતરની સોટી મારી હું તત્કાળ મૃગલી બની ગઇ ! પછી મારા પિતા પાસે જઇને તેણે કહ્યું કે—" રાજન્ ! તમે આ ત્રણ ગોળીયો છે તે આ અગ્નિકુંડમાં નાખો અને મને પગે લાગો. " મારા પિતાજીથી અત્યારનાં સંયોગોમાં કોઇ જાતનું પરાક્રમ થઇ શકે તેમ હતુંજ નહીં. એક બંદીવાનની જેમ તેમણે દીનવદને ગોળીયો કુંડમાં નાંખી અને યોગીના પગમાં નમી નમસ્કાર કર્યો. મારા પિતાનું મસ્તક જેવું નમ્યું કે તે જ ક્ષણે એ દુષ્ટે તેમને ઉપાડી અગ્નિકુંડમાં નાખી દીધા. જોતજોતામાં મારા પિતાજી સોનાની પ્રતિમા સમા નિશ્ચેતન બની ગયા.

એ પ્રમાણે પોતાની કાર્યસિદ્ધિ થવાથી યોગીએ પેલો સુવર્ણદેહ અને મને પોતાને દોરીથી બાંધી આ ઝુંપડીમાં મુક્યાં અને ઝુંપડીને નદીના પ્રવાહમાં વ્હેતી મુકી દીધી. તે પછી શું બન્યું એ બધી હકીકત તમે પોતે બહુ સારી જાણો છો. આપે એ નર પિશાચને હણી મારી ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે એમ ન કહું તો હું અકૃતજ્ઞ ગણાઉં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંબડ આ છેલ્લું વાકય સાંભળવા તૈયાર ન હતો. તેણે વાતને પલટાવવાનો ડોળ કરતાં પૂછ્યું—"પણ આ કુંડળ સંબંધી વૃતાંત તો રહીજ ગયો ?"

"કાલિકાદેવીની આરાધના કરવાથી દેવીએ પ્રસન્ન થઈ આ બે કુંડળ આપ્યાં છે. એનો મહિમા એવો છે કે જો એક કુંડળ આકાશ તરફ ફેંકયું હોય તો એક વર્ષ લગી ચંદ્રની જેમ તે પોતાનો ઉજ્જવળ પ્રકાશ સતત્ વર્ષાવ્યાજ કરે અને બીજું કુંડળ ફેંકયું હોય તો બરાબર બે વર્ષ લગી સૂર્યની જેમ પ્રકાશના પૂર ઉભરાવ્યા કરે !"

એ રીતે અગત્યના બધા ખુલાસા થઇ જવાથી અંબડે પોતાનું સ્વાભાવિકરૂપ પ્રગટાવ્યું. અંબડની દેદીપ્યમાન દેહ-કાંતિ જોતાંજ રાજકુંવરી તેની તરફ મંત્રમુગ્ધની જેમ તાકી રહી. તે વિચારવા લાગી કે:—"આ પુરૂષ ખરેખર, કોઈ અસા-માન્ય કોટીનોજ હોવો જોઇએ," મહા મહેનતે તે પોતાની લાગણીને શમાવી દઇ અંબડ તરફ નેત્રપાન કરી કહેવા લાગી:—"હે સ્વામિન્ ! દયા કરીને આ દાસીને આપની અર્ધાંગના બનાવો તો મારૂં જીવન સાર્થક થાય." અંબડે પણ કુંવરીના અત્યાગ્રહને લીધે તત્કાળ ત્યાંને ત્યાંજ ગાંધર્વ લગ્ન કરી નાખ્યા.

એક દિવસે રત્નવતિએ કહ્યું:—"સ્વામિન્ ! મારા પિતાના રાજ્યમાં આજે મારો ભાઇ–સમરસિંહ રાજ્ય ચલા-વતો હશે. મારા પિતાની શી દશા થઈ છે અને હું કેવી સ્થિ-

P.P. Ac. Gunratnasuri M.S. • Jun Gun Aaradhak Trust

તિમાં છું એ વાતથી મારો ભાઈ છેક અણુવાકેફ છે. હવે જો આપણે બનતી વહેલી તકે ત્યાં પહોંચી જઇએ અને બધું વૃતાન્ત કહી દઈએ તો તેને પોતાનો માર્ગ સૂઝે અને આપણે પણ આપણા કર્તવ્યથી છૂટા થઇ શકીએ. ”

અંબડને આ પ્રસ્તાવ બુદ્ધિસંગત લાગ્યો. તે રત્નવતીને લઇ અકાશમાર્ગે એકદમ ભોજકટક નગરની પાસે આવી પહોંચ્યો.

પણ ભોજકટક નગરની આજે શી દશા ? તેની ઉપર દુશ્મનોની સેના ચડી આવી હતી. સંખ્યાબંધ સૈનિકો નગરના કીલ્લાની આસપાસ ઘેરો નાખી પડયા હતા. રત્નવતિએ અંબડને ઉદ્દેશી કહ્યું:—“ નાથ ! અમારા ભાયાતોજ મારા પિતાના અવસાનનો લાભ લઈ આ રાજ્ય પડાવી લેવા મથી રહ્યા છે. સારૂં થયું કે આપણે બરાબર વખતસરજ અહીં આવી પહોંચ્યાં. હવે આપ આપની અદ્ભૂત શકિતનો ઉપયોગ કરી આ રાજ્યને છિન્નભિન્ન થતું બચાવો ! ”

તે પછી અંબડે ભારે વિકરાળ સ્વરૂપ ધર્યું. હાથમાં મુદ્દગર લઇ શત્રુની સેના ઉપર સાક્ષાત્ યમદૂતની જેમ તે કૂદી પડયો. આખી શત્રુસેના આ યોદ્ધાને જોઇ શિથિલ થઇ ગઇ. જેને જેમ ફાવ્યું તેમ નાસતાં નાસતાં ઘરના ખુણામાં જઈ સંતાઇ ગયા.

નગરને છેક નિરૂપદ્રવ બનાવી રત્નવતી પોતાના ભાઈ



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમરસિંહને મળી. સમરસિંહ એકતો આ અણધાર્યા વિજયથી ભારે આનંદમગ્ન થયો હતો અને તે ઉપરાંત ઘણા વખતથી વિખુટી પડેલી બ્હેન આવી મળી તેથી તેને અનવધિ આનંદ થાય એમાં કંઇ આશ્ચર્ય નથી. રત્નવતીએ અંબડનો પરિચય પણ પોતાના ભાઇને કરાવ્યો. સમરસિંહે ભારે ધામધૂમ સાથે અંબડનું સામૈયું કર્યું અને પોતાની બ્હેન પણ વિધિપૂર્વક પરણાવી.

એક રાત્રાયે રત્નવતીને સૂતી મૂકીને અંબડ ગગનમાર્ગે કૂર્મક્રોડ નગરના પાદરમાં જઈ પહોંચ્યો. પ્રાત:કાળને બહુ વાર ન હતી. અંબડે ત્યાં જઇને, સોમેશ્વર દ્વિજનું ઘર શોધવાની હીલચાલ શરૂ કરી. ભાગ્યયોગે એક માણસ મળ્યો તેને અંબડે પૂછ્યું; " આ ગામમાં સોમેશ્વર મહારાજ ક્યાં રહે છે ? " પેલા રાહદારીએ જવાબ આપ્યો કે:–" અહીં સોમેશ્વર નામના માણસો એક કહેતાં એકવીસ મળી આવશે. તમારે કયા સોમેશ્વરનું કામ છે ? " અંબડ આ પ્રશ્નનો ઉત્તર આપવા તૈયાર ન હતો. તેથી તે નિરાશ થઈ પ્રાત:કાળ થતાં સુધી પાસે આવેલા કામદેવ–યક્ષના મંદિરમાં જઇને બેઠો.

થોડીવાર થઈ એટલે એજ મંદિરમાં એક યુવતી આવતી હોય તેવાં પગલાં સંભળાયાં. અંબડની આંખમાં ઉંઘનું તો નામ પણ ન હતું તેણે જાળવીને–છાનામાના તપાસ કરી તો ખરેખર જ કોઈ નવયુવતી મંદિરમાં નિર્ભયપણે ચાલી આવતી હતી. અંબડે એક શબ્દ સરખો પણ ઉચ્ચાર્યા વિના પોતાના સ્થાને જ બેસી રહેવાનું વધુ પસંદ કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પેલી યુવતી મંદિરને છેક નિર્જન સમજી એક પાષાણ પુતળી પાસે જઇ ઉભી રહી. તેજ ક્ષણે માણસની જેમ આ પાષાણમુર્ત્તિને પણ પારાવાર ક્રોધ ઉભરાઇ નીકળ્યો હોય તેમ ધરતી ઉપર ઢળી પડી. ક્રોધથી કંપતા સ્વરે તે પુતળી બોલી:–" અરે ચંદ્રકાંતા ? આજે તેં આટલું બધું અશુરૂં શા સારૂ કર્યું ? "

" મારા પિતા સોમેશ્વરજીને રાજાની પાસેથી ઘેર આવતાં આજે જરા વધારે વાર થઇ ગઇ તેથી મારે પણ ધાર્યા કરતાં કંઇક વધુ વિલંબ થઇ ગયો.

તે પછી એ બન્ને સખીઓએ નૃત્ય–ગીત શરૂ કર્યા અને કામદેવની આગળ અનેક પ્રકારના વિનોદ કરી આખા મંદિરનું વાતાવરણ પલટાવી દીધું. નૃત્ય–હાસ્ય–ગીતના સુરથી મંદિરનાં ખુણેખુણામાં વિનોદનો ભાવ ફરી વળ્યો. અંબડ હવે ધીરજ ન રાખી શકયો. ને સ્હેજ સ્મિત કરતો પેલી બાળાઓ પાસે જઇ પૂછવા લાગ્યો:—" બાળાઓ ! તમે કોણ છો ? "

એક અજાણ્યા પુરૂષના આકસ્મિક આવિર્ભાવથી બાળાઓનાં મ્હોં ફીક્કાં પડી ગયાં. છતાં ચંદ્રકાંતા હિમ્મત ધરીને બોલી:–" હે સત્પુરૂષ ? પ્રથમ તમે જ કહો કે તમે કોણ છો? "

" મારૂં નામ તો પંચશીર્ષ છે. " અંબડે નવો જ વેશ ભજવવો શરૂ કર્યો.

ચંદ્રકાંતા પણ જાણે કે કંઇ સાંભળતી જ ન હોય એવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાવ મુખ ઉપર આણી, પોતાની પુત્તલીકારૂપી સખી સામે જોઇ કહેવા લાગી. “બ્હેન ! જો તને હરકત ન હોય તો આજે આપણે પ્રિય સખી વાસવદત્તાને ત્યાં જવાનો ઉદ્યમ કરીએ.”

“જવામાં તો કંઇ હરકત નથી, પણ સારથી વિના આપણને એટલે દુર કોણ લઇ જશે ?” પુત્તલિકાએ પોતાની મુશ્કેલી દર્શાવી.

“સારથી વિના આજસુધી કોઇનું થોડું જ પડી રહ્યું છે ? આ પંચશીર્ષ પોતે આપણો સારથી બનશે !” પંચશીર્ષ સામે જોઇ ચંદ્રકાંતાએ કહ્યું:—“કેમ, પંચશીર્ષ ? સારથી તરીકે અમને પાતાલપુરીમાં, અમારી સખી પાસે લઇ જશો ને ?”

ચંદ્રકાંતાના શબ્દોમાં અને શૈલીમાં ચોખ્ખી મસ્તી દેખાઇ આવતી હતી. પણ અંબડ જેવો કૂશળ માણસ એટલેથી જ પરાભવ ન પામે. તેણે કહ્યું:—“પાતાળમાં તો શું, પણ પાતાળની યે પેલી તરફ લઇ જવાને હું તો તૈયાર છું, પરન્તુ તમારે મને તમારી મનોવાંછિત વિદ્યા શીખવવી પડશે.”

સખીઓએ એ માગણી કબુલ રાખી. મંદિરની બ્હાર, બાળકોને રમવા યોગ્ય એક ન્હાની ગાડી પડી હતી તેની ઉપર બન્ને સખીઓ ચડી બેઠી અને અંબડને ઉદ્દેશી કહેવા લાગી:–“પંચશીર્ષ ? ચાલો, ગાડી ચલાવો.”

અંબડે આસપાસ જોયું, પણ ક્યાંઈ બળદ બાંધ્યા હોય એમ ન લાગ્યું, તેણે જવાબ આપ્યો:—“સારથી તરીકે મેં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કામ કરવાનું વચન આપ્યું છે, પણ બળદ વિના ગાડી શી રીતે ચલાવવી ? ”

અંબડની આ પ્રકારની મુંઝવણ સાંભળી બન્ને સખીઓ ખડખડ હસી પડી, ચંદ્રકાંતા બોલી:–“ બળદ હોય તો ન્હાનું છોકરૂં પણ ગાડી હાંકે, આ તો રેતીમાં વ્હાણ હાંકવાના છે ! કેમ, બની શકશે ને ? ”

અંબડ પણ આ મસ્તીખોર સખીઓને એક પાઠ ભણાવવા માંગતો હતો. તેણે કહ્યુ:–“ બળદ વિના આ જરી–પુરાણું ગાડું આપણાથી તો નહીં હંકાય ! ”

ચંદ્રકાંતા અભિમાનપૂર્વક બોલી:–“ તમે નિશ્ચિંત થઇને એકવાર આ ગાડી ઉપર બેસી જાઓ. અમારામાં કેવા પ્રકારનું બળ છે તેની હવેજ તમને ખાત્રી થશે. ” અંબડ મુંગે મ્હોઢે ગાડી ઉપર બેઠો. ચંદ્રકાંતાએ પોતાની વિદ્યાના જોરથી ગાડીને અદ્ધર ઉડાડવાનો ઘણોય પ્રયત્ન કર્યો, પણ કાદવમાં પૈડાં ખુંતી ગયા હોય તેમ તે ગાડી જરા પણ ન ખસી. ચંદ્રકાંતા અને પુત્તલિકા પણ મુંઝાણી. તેમના અભિમાન ગળી ગયાં. અંબડે આ તકનો લાભ લેવાના ઈરાદાથી કહ્યુ;–“ ક્યાં ગઇ તમારી વિદ્યા ? ક્યાં ગયું તમારૂં અભિમાન ? ” સખીઓને ખાત્રી થઈ કે પોતાની વિદ્યાને વ્યર્થ બનાવનાર આ પંચશીર્ષ પોતે જ ગાડી થંભાવીને બેઠો છે. તેઓ કરગરીને કહેવા લાગી કે:– “ હે દેવપુરૂષ ! નાહકના અમને શા સારૂ પજવો છો ? ”

“ કોઇને પજવણી કરવી એ મારા સ્વભાવથી વિરૂદ્ધ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ તો તમારૂં અભિમાન ભવિષ્યમાં તમને ન નડે એટલા સારૂ તેનાં મૂળ ખોદી રહ્યો છું, હવે તો એક સરતે આ ગાડું આગળ ચાલવા દઉં—વગર બળદે ગાડી હાકવાની વિદ્યા મને શીખવો. ” અંબડના બાણ જેવા શબ્દો એ સખીઓનાં કાળજાંમાં ઉંડાં ઉતરી ગયાં. તેમણે એ વિદ્યા અંબડને શીખવી અને અંબડપણ તેમને પાતાળપુરીમાં, વાસવદત્તાના આવાસ પાસે લઈ આવ્યો.

વાસવદત્તાએ પોતાની સખીઓનો સારો સત્કાર કર્યો. તેણીએ ફળ—ફુલ વિગેરેની જે ભેટ ધરી તે બધી ભેટો ચંદ્રકાંતાએ અંબડની પાસે સવિનય ઉપસ્થિત કરી. ચંદ્રકાંતાનો આ વિનય અને ભક્તિભાવ જોઈ વાસવદત્તાએ પૂછ્યું:—“ આ નવીન પુરૂષ કોણ છે ? ”

“ અમારો નવો સારથી છે. ” ચંદ્રકાંતાએ સંક્ષિપ્તમાં જ પતાવ્યું-

એજ પાતાળપુરીમાં નાગશ્રી નામની તેમની બીજી એક સખી પણ રહેતી હતી. તેણીના આગ્રહથી તે ત્રણે સખીઓ અંબડ સાથે નાગશ્રીને ત્યાં ગઇ. નાગશ્રીએ પોતાની બ્હેનપણીઓને સારો આવકાર આપ્યો, અને તેઓ પરસ્પરના કુશળ વર્તમાન પૂછી અલક—મલકના વાતો કરવામાં ગુંથાયાં.

બીજી તરફ અંબડે એ સૌને માટે પાનની બીડીઓ તૈયાર કરવા માંડી, અને કોઈ ન જાણવા પામે તેવી હાથ ચાલાકી વાપરી દરેક પાનપટ્ટીની અંદર પેલું ફળનું ચુર્ણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભેળવી દીધું સખીઓએ ભોજનાદિકથી નિવૃત્ત થઈ જેવાં પાન ચાવવા માંડયાં કે તરત જ તે ત્રણે સખીઓ મૃગલીઓ બની ગઇ ! સારી યે પાતાળભૂમિમાં, આ સમાચાર સાંભળી, હાહાકાર થઇ રહ્યો.

અંબડનો રસ્તો ધીમે ધીમે સાફ થવા લાગ્યો. તેણે મૃગલીરૂપી ચંદ્રકાંતાને લઈ નગર તરફ પ્રયાણ કર્યું અને તેણીને તેના બાપને ત્યાં પહોંચાડી દીધી. પુરોહિતને જ્યારે ખબર પડી કે પોતાની પ્રિય પુત્રી કર્મસંયોગે મૃગલી બની ગઇ છે ત્યારે તેનું અભિમાનથી ઉછળતું ગરમ લોહી ઠંડુગાર બની ગયું. રાજાના જાણુવામાં એ વાત આવી એટલે તે પણ બીજા હજાર કામ પડતાં મુકી પોતાના પુરોહિતને ત્યાં જવા ચાલી નીકળ્યો. માર્ગમાં જતાં જતાં રાજાએ અંબડને બળદ વિનાનું ગાડું હાંકતો જોયો. ઘડીભર તો રાજા આશ્ચર્યમુગ્ધ બની તેની સામે તાકી રહ્યો, પછી તેણે અંબડની પાસે જઇ પૂછ્યું:—“ હે સિદ્ધપુરૂષ ? આપ કોઇ દેવ અથવા વિદ્યાધર હો એમ જ લાગે છે ! એ સિવાય બળદ વિનાનું ગાડું ચલાવવાની બીજા કોઈમાં તાકાત ન હોય ! કૃપા કરીને કહો કે આપ કોણ છો ? ”

“ તમારૂં અનુમાન સત્ય છે. હું એક વિદ્યાધર છું ” એમ કહી અંબડે પોતાનું ત્રિભુવન મોહક સ્વરૂપ પ્રકટ કર્યું લોકોના આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો.

રાજાએ અંબડને સંબોધી કહ્યું:—“ હે સિદ્ધપુરૂષ !

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારા એક પુરોહિતની દેવાંગના જેવી પુત્રી કમભાગ્યે મૃગલી બની ગઇ છે તેનો ઉદ્ધાર કરો તો હું અને મારો પુરોહિત પણ આપના સદાને માટે દાસનુદાસ બની રહીશું. ”

“ બનતાં સુધી તો અમે એવી સાંસારિક ખટપટમાં નથી પડતાં, છતાં તમારો આગ્રહ જ હોય તો ચાલો આપણે એ સોમેશ્વર પુરોહિતને ત્યાં જઇ એ વિષે નિર્ણય કરીએ. ” અંબડે રાજાના હૃદયની અનંત આશાના તાર ઝણઝણાવ્યા.

સોમેશ્વર પુરોહિતને ત્યાં જઈ અંબડે મૃગલીરૂપ ચંદ્રકાંતાનું બરાબર નિરીક્ષણ કર્યું અને રાજાને સંબોધીને કહ્યું કે:—“ આ ચંદ્રકાંતાને પ્રથમની જેમ યુવતી બનાવવી એ શકય છે. પણ સહજ વાત નથી. જો મને તેના બદલામાં કંઇક મળી શકે તેમ હોય તો પ્રયત્ન કરી જોઉં. ”

“ આપ જે માગશો તે આપીશું. ” રાજાએ ગંભીરભાવથી જવાબ આપ્યો.

“ હું કોઇ અસંભવિત વસ્તુ નહીં માગું. મને તો આ પુરોહિતના ઘરમાં રહેલો સર્વાર્થસિદ્ધિ નામનો દંડ મળે તો પણ મારે માટે ગનીમત છે. ” અંબડે લાગ જોઇ પોતાનું તીર છોડયું.

રાજા અને પુરોહિતને માટે અત્યારે કોઈ વસ્તુ અદેય ન હતી.

તેમણે અંબડની માગણી કબુલી. પછી અંબડે પણ પેલી લાલ નેતરની સોટી ચંદ્રકાંતા ઉપર ઉગામી, મંત્રોચ્ચાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરતાં કરતાં, તેણીના અંગ સાથે અફળાણી. તે જ ક્ષણે મૃગલા-રૂપે હરતી-ફરતી ચંદ્રકાંતા એક દેવાંગના રૂપે ખડી થઇ ગઇ!

સોમેશ્વરના આનંદનો પાર ન રહ્યો તેણે સર્વાર્થસિદ્ધિ નામનો દંડ અંબડને આપ્યો એટલુંજ નહીં પણ પોતાની કન્યા પણ અંબડને વેરે જ પરણાવી દીધી. પછી ચંદ્રકાંતાના આગ્રહથી અંબડે પાતાલમાં જઇ પુત્તલિકા, નાગશ્રી તેમજ વાસવદત્તાનો પણ ઉદ્ધાર કર્યો.

એ પ્રમાણે થોડા દિવસ શાંતિમાં વીતાવી અંબડ, ચંદ્રકાંતાને લઇ કોડિન્ન નગરમાં આવ્યો અને દેવચંદ્ર રાજાની આજ્ઞા લઈ ભોજકંટક નગરમાં રાખેલી સર્વ વસ્તુઓ ભરી પોતાના રથનુપૂર નામના જન્મસ્થાનમાં પહોંચ્યો.

નિયમ પ્રમાણે, આ વખતે પણ અંબડ સૌ પ્રથમ ગોરખ-યોગિનીની પાસે હાજર થયો અને આ છઠ્ઠા આદેશનું પાલન કરવા જતાં કેટકેટલા કડવા-મીઠા અનુભવ થયાં તે બધું કહી સંભળાવ્યું. યોગિનીએ એ વૃતાંત સાંભળી અંબડને ભારે ધન્યવાદ આપ્યો. પછી અંબડ યોગિનીની રજા લઇ, રાજ-સુખ ભોગવતો જીવનના ભાગ્યમય દિવસો વિતાવવા લાગ્યો.

---

પંચપ્રતિક્રમણ—પોકેટ સાઇઝ પૃષ્ઠ ૩૦૦ પાકું રેશમી પુંઠું નવસ્મરણ ઉપરાંત બીજાં સ્તોત્રો, છંદો, રાસ સાથે છતાં કિં. રૂા. ૦-૧૦-૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# સપ્તમ આદેશ

" આપના છ આદેશ તો મેં બરાબર પાળ્યા છે. હવે છેલ્લો એક જ આદેશ બાકી છે તે સુખેથી ફરમાવો. "

" દક્ષિણ દિશામાં સોપારક નામનું નગર છે. ત્યાં ચંડીશ્વર નામનો રાજા રાજ્ય કરે છે. તેના મુકુટમાં જે એક વજ્ર રહેલું છે તે લઇ આવ. " ગોરખ યોગિનીએ વીર અંબડને એ પ્રમાણે સાતમો આદેશ સંભળાવ્યો.

અંબડ યોગિનીને નમસ્કાર કરી સોપારક નગર ભણી ચાલી નીકળ્યો. માર્ગમાં એક સુંદર વન આવ્યું. અસંખ્ય વૃક્ષ–લતાઓ ફળ–ફુલના ભારથી લચી રહી હતી. તેમાંય એક વૃક્ષ તો મનોહર ફળથી એવું તો રળીયામણું લાગતું હતું, કે કોઇ પણ પ્રવાસીને તેના તરફ આકર્ષણ થયા વિના ન રહે. અંબડે એ વૃક્ષ આહલાદપૂર્વક નીરખ્યું. અજાણ્યા વૃક્ષનું ફળ નહીં વાપરવું જોઇએ એ સિદ્ધાંત જાણવા છતાં અંબડ પોતાની મનોવૃત્તિને અંકુશમાં રાખી શકયો નહીં. તે પોતાનો હાથ લંબાવી એક ફળ તોડવા જતો હતો, એટલામાં એ જ વૃક્ષની શાખામાં છુપાઇ રહેલો એક વાંદરો બોલી ઉઠયો:— " હે સત્પુરૂષ ! તને ફળ તોડવાની હું ના નથી પાડતો, પણ તેનું પરિણામ સારૂં નહીં આવે. " અંબડની મીઠી આશા ઉપર જાણે કુહાડાનો કારમો ઘા પડયો હોય તેવી તેને વેદના થઈ. તે પેલા વાંદરાને કઇંક જવાબ આપવા જતો હતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલામા વાંદરાએજ કહેવા માંડયું:—"આ બાગની દક્ષિણ બાજુએ તુંબગિરિ નામનો એક પર્વત છે, અને એ પર્વતની ઉપર એક મનોહર આમ્રવૃક્ષ છે. પહેલાં એ વૃક્ષનાં ફળ લઈ આવ, પછી તું ખુશીથી આ વૃક્ષનાં ફળ તોડી શકશે."

વિસ્મય પામેલો અંબડ, વિનોદની ખાતર તુંબગિરિ પર્વત ઉપર આવેલા આમ્રવૃક્ષ પાસે પહોંચ્યો. ત્યાં જઈને જેવો તે ફળ તોડવા જાય છે એટલામાં તો છેક નજીક લાગતી ડાળી જાણે ઉંચે ને ઉંચે જતી હોય એમ તે સ્પષ્ઠ જોઈ શકયો. પૃથ્વી સાથે લગભગ વાત કરતી ડાળીઓ પણ અંબડના હાથનો સહજ સ્પર્શ થતાંજ રીસાઇ જતી હોય તેમ દૂર ને દૂર જ રહેવા લાગી. અંબડ મુંઝાયો તો ખરો, પણ તે કાયરની જેમ કંટાળીને મુકી દે તેવો કાચો પુરૂષ ન હતો. તે છલાંગ મારી વૃક્ષ ઉપર જ ચડી બેઠો. તેની સાથે એ વૃક્ષ પણ મૂળ સાથે સડસડાટ કરતું આકાશમાર્ગે ત્વરિત ગતિએ ઉડવા લાગ્યું. ફરતું ફરતું એ વૃક્ષ નંદનવનમાં જઈને ઉભું રહ્યું. વૃક્ષને સ્થિર થએલું અનુભવી અંબડ થાકયોપાકયો નીચે ઉતર્યો, અહીંઆ આટલે દૂર આવવા છતાં પણ આશ્ચર્યમય જગત્ તેની જ રાહ જોતું બેઠું હોય એમ તેને લાગ્યું.

તે સ્થળે એક બાજુએ અગ્નિકુંડ સળગતો હતો, એક પછી એક એમ વિવિધ રૂપ–અલંકાર વડે દીપતી યુવતીઓ વારંવાર આવ–જા કરી રહી હતી. મૃદંગ અને વીણાના સુર–તાલથી વાતાવરણ ગુંજી રહ્યું હતું. અંબડ આ પરિસ્થિતિનો અર્થ સમજવાનો પોતાની મેળે પ્રયત્ન કરતો હતો તેટલામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક દિવ્યપુરૂષ અંબડની પાસે આવી ઉભો રહ્યો. ને અંબડને જોઈ એકદમ ખડખડાટ હસી પડયો. હસતાં હસતાં પણ તેના મ્હોમાંથી “ હા....હા...પેલો વાનર, હા....હા....પેલું આમ્ર-વૃક્ષ....કેવી મજા ! ” એવા ઉદ્‌ગાર નીકળી પડયા.

“ તમારે હસવું જ હોય તો ખુશીથી પેટ ભરીને હસી લ્યો. પણ આ બધું શું છે તેનો કંઈ ખુલાસો કરો ! ” અંબડે કંટાળીને પેલા દિવ્યપુરૂષને પૂછ્યું.

અંબડના વદન ઉપર છવાયેલી ગંભીરતાએ દિવ્યપુરૂષને પણ થોડી જ ક્ષણોમાં મ્હાત કરી દીધો. તે બોલ્યો:—“ હું કોણ છું ? પેલો વાનર કોણ હતો, પેલું ઉડતું વૃક્ષ વસ્તુત: શું હતું અને અહીં આગળ આ બધું નાટક શા સારૂ ભજવાઈ રહ્યું છે ? ” એ જ હકીકત જાણવા માગો છો “ ને ? સાંભળો ત્યારે.... ”

આ પ્રમાણે પ્રસ્તાવના કરી, દિવ્યપુરૂષે સમસ્ત રહસ્યનો ભેદ કહેવા માંડયો:—

“ પાતાળલોકને વિષે લક્ષ્મીપુર નામનું નગર છે, ત્યાં હંસ નામનો રાજા રાજ્ય કરે છે. એ હંસ રાજા હું પોતે અને વાનર તથા આમ્રવૃક્ષનું રૂપ ધરી તમને અહીં સુધી લઈ આવનાર પણ હું જ છું, હવે આ નાટક વિગેરે શાં કારણથી થાય છે તેનો ખુલાસો સાંભળો. અહીં શિવંકર નામનું નગર છે, તેનો શિવંકર નામનો રાજા અપુત્રક હોવાથી તેણે પુત્ર મેળવવા ઘણી ઘણી બાધાઓ, માન્યતાઓ કરી. પણ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેના મનોરથ ન ફળ્યા. એક દિવસે વિશ્વદીપક નામના તપસ્વીએ રાજાની ભક્તિથી પ્રસન્ન થઇ તેને એક ફળ આપ્યું અને ' આ ફળ તમે તમારી સ્ત્રીની સાથે બેસી આરોગશો તો જરૂર તમને પુત્ર થશે ' એમ કહી રજા લીધી.

શિવંકર રાજાએ એક મૂર્ખાઇ કરી. તેણે પોતાની સ્ત્રીની સાથે એ ફળ ખાવાને બદલે, એકલાએ જ ખાઇ લીધું. તપસ્વીના મંત્ર કેમ નિષ્ફળ થાય ? મંત્રના પ્રભાવ પાસે પુરૂષ કે સ્ત્રીના ભેદ નથી ટકી શકતા. થોડા દિવસ વીત્યા એટલે રાજાના પેટમાં ભારે દુઃખાવો થવા લાગ્યો. વૈદ્યોએ આવી નિદાન કર્યું તો રાજાના પેટમાં ગર્ભ રહ્યો હોય એવી સૌની ખાત્રી થઇ. અરેરે ! કર્મનો વિપાક પ્રાણીમાત્રને કેટકેટલી રીતે કનડે છે ? કર્મ જ આ સંસારમાં આટલીબધી વિચિત્રતાઓ જન્માવે છે, કર્મનીજ મહાશક્તિ રાજાઓનાં રાજપાટ ઉથલાવી નાખે છે, પુરૂષોને સ્ત્રી જેવાં કંગાળ બનાવી દે છે અને એ જ કર્મશક્તિ કલ્પનામાં પણ ન આવે એવાં પ્રસંગો જન્માવે છે.

રાજા હવે કોઇને પોતાનું મ્હોં બતાવી શકે તેમ ન રહ્યું. તે ઉદરની પીડાથી રીબાતો રીબાતો પોતાના ધવલગૃહની અંદરજ પડી રહેવા લાગ્યો. વખત જતો ગયો તેમ એ ઉદરવ્યાધિ ઘટવાને બદલે નિરંતર વૃદ્ધિ પામતો ચાલ્યો. પ્રજામાં પણ બધે અરેરાટી પ્રસરી ગઇ. સૌને ખાત્રી થઇ કે હવે રાજા આ અકુદરતી ઉપાધિને લીધે લાંબું આયુષ્ય નહીં ભોગવી શકે. સાત મહીના થયા એટલે તો રાજાને અને મૃત્યુને માત્ર બે તસુનું જ છેટું રહ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ દુઃખદાયક વાર્ત્તા ધીમે ધીમે વિદ્યાધરોના કાન સુધી જઇ પહોંચી. તેમને પણ, એક પુરૂષના પેટમાં ગર્ભ રહ્યાની વાતથી ઘણી નવાઇ લાગી. તેમણે નિર્ણય કર્યો કે ગમે તેમ કરીને પણ આપણે બિચારા ભોળા રાજાને આ દુઃખથી છોડાવવો જોઇએ.

એક વિદ્યાધરે કહ્યું:—"એ દુઃખ ટાળવાનો મને તો એક રાજમાર્ગ દેખાય છે. રાજા જો ધરણેંદ્ર દેવની આરાધના કરે તો આંખના એક પલકારામાં આ બધી ઉપાધિ ટળી જાય."

બીજા વિદ્યાધરે પોતાનો અભિપ્રાય આપ્યો. કે:—"આજે તો એ રાજા એટલો બધો બેશુદ્ધ છે કે તેની દ્વારા ધરણેંદ્રદેવનું સ્મરણ કરાવવું એ પણ અશકયવત્ છે."

શિવંકર નૃપનો ભાઈ તે વખતે ત્યાં ઉપસ્થિત હતો. તેણે પોતાના ભાઇનાં સુખ તથા કલ્યાણને માટે ધરણેંદ્રનું ધ્યાન ધરવાની કબુલાત આપી. અંતઃકરણપૂર્વકની આરાધના કોઇ દિવસ પણ નિષ્ફળ ન જાય. સાતમે દિવસે ધરણેંદ્રનું આસન ડગ્યું, તેણે પોતે પ્રત્યક્ષ થઈ આવી ઉગ્ર આરાધના આદરવાનું કારણ પૂછ્યું. તેના ઉત્તરમાં શિવંકરના ભાઇએ જણાવ્યું કે—"હું બીજી કંઈ ઋદ્ધિ કે સમૃદ્ધિ માટે આપનું આરાધન નથી કરી રહ્યો. મારા ભાઇની વેદના દૂર થાય એટલું જ હું આપની પાસે વિનીતભાવે યાચું છું." ધરણેંદ્રે એ દુઃખ અને દુઃખનાં કારણ બરાબર જાણી લીધાં. પછી તે શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનું સ્નાત્રજળ લઇ આવ્યા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને કહ્યું કેઃ–" આ પાણી તમારા ભાઇને આપવાથી તત્કાળ તેને આરામ થઈ જશે." ધરણેંદ્રદેવ એટલું કહીને અદૃશ્ય થઇ ગયા.

અને ખરેખર બન્યું પણ એ જ પ્રમાણે. સ્નાત્રજળ પીતાંવેંત જ રાજાની કારમી વેદના એકદમ શમી ગઇ.

રહી રહીને પાછી સાડાઆઠ મહિને રાજાના ઉદરમાં ભારે વ્યથા ઉપડી. પરંતુ તે વખતે પણ ધરણેંદ્ર દેવનું આરાધન કરવાથી પ્રથમની જેમ સ્નાત્રજળના પ્રતાપે એ વેદના શમી. અને નવમે મહીને કૌમુદીના મનોહર પ્રકાશ શમો, રૂપરૂપના ભંડાર જેવો એક પુત્ર અવતર્યો. શિવંકર રાજા તો પ્રસૂતીમાં જ મરણ પામી પરલોકમાં ચાલ્યો ગયો.

બાળ–કુંવરની સાર–સંભાળ લેવાની બધી જવાબદારી ધરેણેંદ્ર ઉપર આવી પડી. તેમણે પોતે આવીને કુંવરને ગાદીએ બેસાડ્યો અને તેનું નામ ધરણેંદ્ર ચૂડામણી તરીકે જાહેર કરી દીધું. આજે જે આ પાતાલપુર આપ જુઓ છો તે ધરણેંદ્રે પોતેજ પ્રતિષ્ઠિત કર્યું છે. અહીં અગ્નિકુંડ સળગી રહ્યો છે એ જ કુંડની અંદર ત્યાં પહોંચવાનો એક સરસ રાજમાર્ગ છે. પ્રજાને પણ તે ધરણેંદ્રે જ વસાવી છે.

"ધરણેંદ્ર દેવનો એ ઉપકાર કંઇ જેવો તેવો ન ગણાય." અંબડે આનંદના આવેશમાં આવી વચમાં જ કહી નાંખ્યું.

" પણ તે સૌ ઉપકાર કરતાં યે ચડે એવો એક બીજો ઉપકાર પણ તેણે અમારા ઉપર કર્યો છે અમારે માટે તેણે એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખાસ સ્વર્ણમય જીનમંદિર બંધાવી આપ્યું છે એટલુંજ નહીં પણ તેની અંદર પ્રભાવશાલી, સર્વ વિઘ્નોને નિવારવા શક્તિ-શાલી એવી શ્રી પાર્શ્વનાથ પ્રભુની એક પ્રતિમા પણ તેણે જ પધરાવી આપી છે. "

" પ્રતિમાજીની પૂજા-ભક્તિ પણ રોજ નિયમિત રીતે થતી હશે. " અંબડે વધારામાં જાણવા ઇચ્છયું.

" અરે, ધરણેંદ્ર દેવે પોતે જ એવી આજ્ઞા ફરમાવી છે કે સોળ વર્ષની ઉપરનો કોઇ પણ વિદ્યાધર પ્રભુની પ્રતિમાના દર્શન કર્યા વિના આહાર ન લઇ શકે. પર્વતિથિના દિવસોમાં તો જો કોઇ પાર્શ્વનાથ પ્રતિમાને નમસ્કાર કર્યા વિના ભૂલેચૂકે પણ ખાઇ લે તો તે પોતાની સઘળી વિદ્યાઓથી ભ્રષ્ટ થાય જ, તેની સાથે તે કોઢના ભયંકર રોગથી પણ દુઃખી થયા વિના ન રહે. " રાજા ધરણેંદ્ર ચુડામણિ પાસે ચંદ્રકાંત મણિવાળું જે અનુપમ સિંહાસન છે તે પણ એ જ ધરણેંદ્ર દેવે સમર્પ્યું છે. આજે તમે જે સ્નાત્ર, નૃત્ય-ગાન-ઉત્સવ વિગેરે જુઓ છો તેનું એજ કારણ છે કે આજે અષ્ટમીનો પવિત્ર દિવસ હોવાથી સર્વ વિદ્યાધરો સાથે મળી પ્રભુની પૂજા-ભક્તિ-ઉપાસના કરી રહ્યા છે, "

અંબડના મનની મુંઝવણ ધીમે ધીમે ઓસરાવા લાગી. તેણે કહ્યું:—" મને એ પ્રતિમાજી તથા મંદિરના દર્શન કરાવશો ? "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંબડની વિનંતિથી તેઓ બન્ને જણા ચૈત્યને વિષે ગયા. શ્રી પાર્શ્વનાથ પ્રભુની મનોહર–કાંતિમય પ્રતિમાજી જોતાંજ અંબડનો ભક્તિસાગર સહસા ઉછળી આવ્યો. હંસભૂપ નૃપતિને પૂછયું કે:—“રાજન્ ! આ દેવનું લક્ષણ તો આપ જાણુતા જ હશો ! મને કૃપા કરીને એ વાત સમજાવશો ?”

હંસ રાજાએ પાર્શ્વનાથ પ્રભુના જન્મથી લઇ નિર્વાણ સુધીનું સર્વ પ્રભાવશાલી જીવનવૃતાંત અંબડને સંભળાવ્યું. અને ઉપસંહાર કરતાં કહ્યું કે—“દુનીયામાં દેવ–દેવીઓ તો પાર વિનાનાં છે. પણ જે દેવને ક્રોધ માન–માયા–લોભ–આદિ અંતરંગ વૈરીઓનો લેશ માત્ર પણ સંગ ન રહ્યો હોય એવા દેવ તો કેવળ જીનદેવ જ હોય છે ! તેમને બીજા દેવ–દેવીઓની જેમ હાસ્ય, ગીત, કાંતા કે પુત્ર–મિત્ર કે શત્રુ જેવી કોઇ ઉપાધિ નથી હોતી. પ્રાણીમાત્રને તારવાનું સામર્થ્ય જેવું જીનદેવમાં છે તેવું અન્ય કોઇમાં નથી હોતું.” આ પ્રમાણેનું માર્મિક વિવેચન સાંભળી અંબડનાં અંતરદ્વાર ઉઘડવા લાગ્યાં. તેણે પોતે પણ સર્વજ્ઞ દેવનું સ્વરૂપ સમ્યક્પણે અવધારી તેમનું સ્તવન કર્યું. તે ઉપરાંત પ્રભુની આગળ નૃત્ય–ગીત કરી પોતાની ભક્તિની ઉછળતી ઉર્મીઓ પ્રકટ કરી.

અંબડના મુખની રેખાઓ ઉપરથી જ દેખાઇ આવ્યું કે તેને શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરિત્ર શ્રવણ તથા દર્શનથી ભારે સંતોષ અને સુખ ઉપજ્યું હતું. તેને આ પ્રકારના આનંદ–ઉ-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્વાસમાં નિમગ્ન થએલો જોઇ હંસ રાજાએ પોતે જ બાકીનો વૃતાંત કહેવો શરૂ કર્યો:—

"પણ તમને અહીંઆ શા સારૂ આમંત્ર્યા એ વાત તો હજી હવે કહેવાની છે. વાત એવી બની કે જે ધરણેંદ્ર ચુડામણી વિષે મેં આપને હમણા વાત કહી તેઓ એક દિવસે-પર્વની પવિત્ર તિથિના પ્રસંગે જ આ જીન પ્રતિમાને નમસ્કાર કરવાનું ભૂલી ગયા અને પ્રમાદને વશ બની ભોજન કરી લીધું. તે દિવસથી રાજાની બધી વિદ્યાઓ નાશ પામી એટલું જ નહીં પણ તેમના શરીરમાં ભારે ભયંકર કોઢનો રોગ ફાટી નીકળ્યો. તેમણે ધરણેંદ્રનું સ્મરણ કર્યું એટલે ધરણેંદ્રદેવે પ્રત્યક્ષ થઈ જણાવ્યું કે 'મારી આજ્ઞાનો તેં લોપ કર્યો તેનું જ આ પરિણામ તું સહન કરી રહ્યો છે. હવે તને કોઇ પણ પ્રકારની મદદ કરવી એ મારે માટે અસંભવિત થઇ પડયું છે:—

**आज्ञाभंगो नरेंद्राणां, महतां मानखंडनं**
**मर्मवाक्यं च लोकानां, अशस्त्रो वध उच्यते—**

નરેંદ્રની આજ્ઞાનો ભંગ કરવો, મ્હોટા પુરૂષનું અપમાન કરવું, અને કોઈને મરમના વાગ્બાણ મારવા એ વસ્તુત: વગર શસ્ત્રે તેમનો વધ કરવા બરાબર છે.' એમ કહી તે દેવ અદ્રશ્ય થઈ ગયા. ધરણેંદ્ર ચુડામણિ રાજાની રાણીને પણ આ અણધારી આપત્તિને લીધે બહુજ દુ:ખ થયું. તેણે ચારે પ્રકારના આહારનું પ્રત્યખ્યાન કરી ભારે તપશ્ચર્યા કરવા માંડી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એકવીસ દિવસના ઉપવાસ થયા—અને કંઠે પ્રાણ આવવા જેવી દશા થઈ ત્યારે ધરણેંદ્રદેવે સ્વપ્નમાં આવી રાણીજીને કહ્યું:—"હે સુંદરી! તારી પતિભકિત અને ધર્મશ્રદ્ધાથી હું પ્રસન્ન થયો છું. તારા પતિને જો સુખે જીવતો રાખવો હોય તો તેનો હવે માત્ર એક જ ઉપાય બાકી રહ્યો છે. સાંભળ:—

" સોપારકપુરની પાસે આવેલી દેવબ્રહ્મ નામની વાડીમાં શ્રીફળ તોડવા સારૂ અંબડ નામનો એક સિદ્ધ પુરૂષ આવ્યો છે, તે પુરૂષને તું અહીં બોલાવ. તે જ એક એવો પુરૂષ છે કે જે તારા પતિનો કુષ્ટરોગ દૂર કરી શકશે."

આપને અહીં શાસારૂ બોલાવવામાં આવ્યા છે તે હવે એ ઉપરથી આપ જોઇ શકશો. આ જે અગ્નિકુંડ જોવામાં આવે છે તે કુંડની અંદર થઇને લક્ષ્મીપુર જવાનો સીધો માર્ગ તૈયાર કરવામાં આવ્યો છે. આપણે પણ એજ રસ્તે ત્યાં પહોંચી શકીશું."

અંબડે હંસરાજાની સાથે આવીને જોયું તો ખરેખર પેલો પ્રભાવશાલી રાજા કોઢના રોગથી રીબાઇ રહ્યો હતો. અંબડે રાજાની પાસે શ્રી પાર્શ્વનાથપ્રભુની પ્રતિમાની તથા ધરણેંદ્રદેવની સરસ પ્રકારે પૂજા કરાવી અને દાન—પુણ્યાદિ વિધિ વડે તેનાં પાપ ધોઇ નાખ્યાં, તે પછી મંત્રેલું થોડું પાણી પાઇ રાજાને હતો તેવો નિરોગી બનાવી દીધો. શહેરમાં ઘેર ઘેર ઉત્સવ મંડાયા. પટરાણીએ અંબડનો અંતઃકરણપૂર્વક ઉપકાર માન્યો અને બીજી રીતે પણ સન્માન—ઉપહાર—ભક્તિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિગેરેથી વધાવ્યો. સારૂં મુહૂર્ત્ત જોઈ રાજા ધરણેંદ્ર ચુડામણિએ પોતાની મદનમંજરી નામની પુત્રી અંબડ વેરે પરણાવી અને લગ્નાદિ ઉત્સવમાં ખૂબ ધામધૂમ કરી પોતાની કૃતજ્ઞતા બતાવી આપી.

કરીયાવરમાં હાથી–ઘોડા–પાલખી વિગેરે અસંખ્ય કીમતી વસ્તુઓ અંબડને મળી. તે ઉપરાંત ધરણેંદ્રદેવે આપેલું ચંદ્રકાંત મણિવાળું સિંહાસન પણ રાજાએ અંબડને જ અર્પણ કર્યું.

તે પછી કેટલાક દિવસો ત્યાં ને ત્યાંજ સુખભોગમાં નીકળી ગયા. અંબડે વિદ્યાધરોના સહવાસનો લાભ લઇ બીજી પણ કેટલીક નવી વિદ્યાઓ શીખી લીધી. ત્યારબાદ મદનમંજરીને સાથે લઇ અંબડ સોપારકનગરને વિષે આવ્યો. ત્યાં કેટલાક ઉપરાઉપરી ચમત્કારો કરી લોકોનાં મન જીતી લીધાં. પરંતુ જે કાર્યને માટે તે આવ્યો હતો તે કાર્યની સિદ્ધિ તો દૂર ને દૂર જ રહી ગઇ ! અંબડ આ પ્રમાણે વિલંબ થતો જોઈ મનમાં ને મનમાં મુંઝાવા લાગ્યો.

એટલામાં વસંતઋતુની વધામણી આવી પહોંચી. કોકીલાએ આંબાની ડાળમાંથી પંચમસ્વર પુકારી વસંતનું સ્વાગત કર્યું. રાજા અને તેના અનુચરો વિગેરે વસંતનું આગમન ઉજવવા ઉદ્યાનમાં આવી વસંતક્રિડા કરવા લાગ્યા. તેમની સાથે રાજપુત્રી સુરસુંદરી પણ વસંત માણવા ઉદ્યાનમાં આવી. રાજભુવનમાં દાખલ થવાની કડાકૂટમાંથી અંબડને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મુક્તિ મળી. તેણે ઉદ્યાનમાં આવી રાજકુમારી તરફ મોહિની વિદ્યાનો પ્રયોગ કર્યો, પછી પોતે જેવો યોગીવેશે તેની પાસે આવી ઉભો રહ્યો કે તે જ ક્ષણે સુરસુંદરી મંત્રમુગ્ધ જેવી બની ગઇ.

યોગીએ રાજકુમારીને આશીર્વાદ આપ્યા અને એ રીતે બીજો પણ કેટલોક આડંબર કરી પોતાનો યોગીવેશ ભજવવો શરૂ કર્યો. કુમારીના હૃદયમાં મોહિનીવિદ્યાએ પોતાનો અધિકાર ક્યારનોય જમાવી દીધો હતો. તેતો અંબડના મુખ સામે અનિમેષ નયને નિરખી રહી.

અંબડે બંગ ને કલિંગ દેશની અદ્‌ભૂત વાર્ત્તાઓ કહી રાજકુમારીનું હૃદય પરવશ કરી લીધું. વાર્ત્તાના અંતે અંબડે થોડી વિભૂતિ મંત્રી રાજકુમારીના હાથમાં મુકી; એટલે તેણીએ તે મંત્રેલી વિભૂતિ પોતાના મસ્તકે ચડાવી. પછી યોગીરાજ પોતાનો હેતુ થોડોઘણો ફળીભૂત થયો એમ માની ત્યાંથી વિદાય થયા.

સખીઓએ આ વૃતાન્ત રાજાને કહી સંભળાવ્યો. રાજાને થયું કે એ યોગી ખરેખર જ મારી પુત્રીને ભરમાવવા માટે અહીં સુધી આવ્યો હશે. એ વેશધારી પાખંડી–યોગીને પકડી આણવા તેણે પોતાના સુભટો રવાના કરી દીધા.

રાજાના સુભટોને પોતાની પાછળ આવતા જોઇ અંબડે તેમની તરફ પોતાની મોહિનીવિદ્યા મુકી. સુભટો બધા ન્હાના નિશાળીયાની જેમ અંબડની પાસે આવી વિનીતભાવે બેસી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગયા. સુભટોને પાછા આવતાં બહુ વિલંબ થવાથી રાજાએ પોતાના ખાસ સેનાપતિને રવાના કર્યો. સેનાપતિને જોતાં જ અંબડે વિકરાળ વૈતાલનું રૂપ ધર્યું ! બિચારો સેનાપતિ ત્યાંથી મુંઠી વાળીને એવો તો નાઠો કે માંડમાંડ રાજાની પાસે જઈને છુટકારાનો દમ ખેંચ્યો.

આ પ્રમાણે એક યોગીને લીધે ઉત્પાત મચેલો જોઈ રાજા પોતે પોતાના સૈન્ય સાથે ધસી આવ્યો અને પહેલી જ તકે અંબડ સામે પોતાનું બાણ છોડયું ! અંબડ, રાજાના એક એક બાણને પોતાની વિદ્યાના પ્રભાવથી થંભાવવા લાગ્યો. રાજાને થયું કે ખરેખર આ પુરૂષ કોઇ સામાન્ય માણસ નહીં પણ મહાન્ સિદ્ધપુરૂષ જ હોવો જોઇએ. રાજા આવો વિચાર કરી રહ્યો છે એટલામાં તો અંબડે સ્તંભન વિદ્યાની સહાયથી રાજાને પુતળા જેવો સ્થિર બનાવી દીધો, પછી અંબડે તેની પાસે જઈ, ગોરખ યોગિનીના આદેશ પ્રમાણે, રાજાના મુકુટને વિષે રહેલું પેલું વસ્ત્ર લઇ લીધું.

પોતાના પિતાને કોઇ એક યોગીએ થંભાવી દીધો છે એવી જાણ થતાં રાજકુંવરી એકદમ ત્યાં આવી પહોંચી. તેણી પેલા યોગીને અતિ વિનયી વાણીમાં કરગરવા લાગી કે:— "હે યોગીરાજ! કૃપા કરીને મારા પિતાને છૂટા કરો! અમારા અપરાધ માફ કરો!" કુંવરીની પ્રાર્થના સાંભળી અંબડે રાજાને અને તેના અનુચરોને છુટા મુકી દીધા.

રાજાને પોતાની ભૂલ સમઝાઈ તે જોઇ શકયો કે જેને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતે પાખંડી માની રહ્યો હતો તે એક વાસ્તવિક દેવપુરૂષ હતો અને તેની સામે થવામાં પોતે મ્હોટી ભૂલ કરી હતી.

પછી તો અંબડ પોતાના સ્વભાવ સુંદર સ્વરૂપમાં રાજા પાસે આવી ઉપસ્થિત થયો. રાજા તેને નમી પડયો અને પોતાની સુરસુંદરી પુત્રી તેને પરણાવી, તે ઉપરાંત હાથી, ઘોડા, સુવર્ણ, વસ્ત્ર વિગેરે અખટ સંપત્તિ આપી પોતાની કૃતજ્ઞતા બતાવી આપી.

એ પ્રમાણે સાતમો આદેશ પરિપૂર્ણ થવાથી અંબડે, ગોરખ યોગિનીની પાસે આવી પોતાનો અનુભવ નિવેદન કર્યો. સંતુષ્ટ બનેલી યોગિનીએ અંબડને અંતરના આશીર્વાદ અર્પી, હવેથી સુખ પૂર્વક–નિશ્ચિંતપણે જીવનને સફળ કરવા અનુમતિ આપી, અંબડ એ આશીર્વાદને માથે ચડાવી પોતાને ઘેર આવ્યો.

---

## બાર વ્રતધારી અંબડ

બત્રીસ બત્રીસ રમણીઓ વડે વીંટળાયેલો અંબડ, સંસારના સર્વ સુખોપભોગ ભોગવતો થકો પોતાનો સમય વીતાવવા લાગ્યો. સારા યે વિશ્વમાં અંબડવીરનું નામ લોકોની જીવ્હા ઉપર રમી રહ્યું ? અનેક રાજાઓ આવી વિવિધ પ્રકારે તેની સેવા અને ઉપાસના કરવા લાગ્યા. રાજ્યશ્રી પણ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતી ગઇ.

આટલા વૈભવ–વિલાસ અને ભોગોપભોગની મધ્યમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસવા છતાં તેણે એક દિવસ પણ પ્રમાદ ન કર્યો. જે ગોરખ યોગિનીના પ્રતાપે તે આટલી ઋદ્ધિ–સમૃદ્ધિ મેળવવા ભાગ્ય-વંત થયો હતો તે યોગિનીને ત્રણે કાળ નિયમિત વંદન કરવા જતો. મારા પિતા–અંબડ ઉપર એ યોગિનીની એટલી બધી કૃપા વરસવા લાગી કે તે તેમને વિદ્યાસિદ્ધ અંબડ શિવાય બીજા નામથી ભાગ્યે જ સંબોધન કરતાં.

મારી માતાનું નામ ચંદ્રાવતી હતું. હું જ્યારે આઠ વરસની ઉમરનો હતો ત્યારે જે એક ઘટના બનેલી તે હજી મને બરાબર સ્મરણમાં રહી છે. તે વખતે યોગિનીએ પોતાની ધ્યાનકુંડલી નીચે રહેલો હરિશ્ચંદ્ર રાજાનો ધનભંડાર મારા પિતાને બતાવ્યો–એ ભંડારની ઉપર વૈતાલ નામનો સંરક્ષક સતત્ ચોકી કરતો. એ વૈતાલે પોતે જ પ્રસન્ન થઇને યોગિ-નીની હાજરીમાં મારા પિતાને એ ધનભંડાર સમર્પી દીધો પછી તો મારા પિતાએ પણ યોગિનીના કહેવાથી ધરણેંદ્ર ચુડામણિવાળું રત્નમય સિંહાસન એ વૈતાલને સમર્પ્યું. એટલું જ નહીં પણ પેલો સુવર્ણપુરૂષ પણ એ જ ભંડારમાં સ્થાપિત કર્યો. આજે પણ એ બધું પૂર્વવત્ સુરક્ષિત છે. મારા પિતાએ પોતે જ મને આ વાત કહી હતી એટલે એ વિષે કોઇને કંઇજ શંકા લઈ જવાનું કારણ નથી.

કાળધર્મ પ્રમાણે ગોરખ યોગિની સ્વર્ગે સંચર્યાં. મારા પિતાના હૃદય ઉપર એની બહુ માઠી અસર થઇ, તેઓ યોગિ-નીના અવસાન પછી હંમેશા ચિંતા અને ગમગીનીમાં જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહેવા લાગ્યા. તેઓ જાણે છેક જ અનાથ બની ગયા હોય તેમ સંસારના સર્વ સુખ તેમને ખારા ઝેર જેવા થઈ પડ્યા.

આવી ચિંતામય સ્થિતિમાં તેઓ એક દિવસે પોતાની બત્રીસ સ્ત્રીઓના પરિવાર સાથે વનક્રિડા કરવા નીસર્યા. સંસાર પ્રત્યેની આસક્તિ તો બધી ઉડી ગઇ હતી—માત્ર મનને શાંતિ આપવી એજ તેમનો ઉદ્દેશ હતો. અશ્વની પીઠ ઉપર બેસી ફરતા ફરતા તેઓ એક સુંદર કુંજ પાસે આવ્યા ત્યાં તેમને, પૂર્વના કોઇ મહાન્ પુણ્યોદયને લીધે એક પરમ તપસ્વી અને પ્રાભાવિક મુનિરાજના દર્શન થયાં. મુનિ-દર્શન થતાં જ તેમના રોમેરોમમાં પ્રફુલ્લતા વ્યાપી ગઇ. જાણે ઘણા જુના સમયથી ગુમાવેલી સંપત્તિ પુનઃ પ્રાપ્ત થતી હોય તેમ ઉલ્લાસનો વિદ્યુત્ પ્રવાહ સારાએ શરીરમાં ફરી વળ્યો. તેઓ ઘોડા ઉપરથી એકદમ નીચે ઉતર્યા અને મુનિવ-રને ગદ્‌ગદ્ હૃદયે પ્રણામ કર્યા.

મુનિવરનું નામ કેશીગણધર હતું. તેમણે અંબડના વહેવાર ઉપરથી જોઈ લીધું કે આ કોઈ પવિત્ર અને પરાક્રમી પુરૂષ છે. યોગ્ય પાત્ર સમજી ગણધરે સર્વ શાસ્ત્રના સારરૂપ તાત્વિક ઉપદેશ આપ્યો. એ ઉપદેશનો એકેએક અક્ષર અંબ-ડના હૃદયમાં આરપાર ઉતરી ગયો. જીંદગીભર અંધારામાં રહેલ માણસને સૂર્યનો પ્રકાશ જેવો આહ્લાદક લાગે તેમ એ ઉપદેશ પણ તેને છેક અપૂર્વ જેવોજ લાગ્યો.

કેશી ગણધરનું ધર્મપ્રવચન સમાપ્ત થયું એટલે અંબડે વિનયપૂર્વક જીજ્ઞાસા કરી કે:—" હે ભગવન્ ! આપે ઉપદેશ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કર્યો તે પ્રમાણે જૈનધર્મ ઘણો જ ઉપકારક અને કલ્યાણકારી દીસે છે, પણ શિવધર્મ શું તેટલો જ ઉપકારક અને કલ્યાણ-કારક નહીં હોય ? ”

“ કુવાના દેડકાને કુવો એજ વિશ્વ લાગે તો એમાં કંઇ આશ્ચર્ય નથી. તેં હજી શિવધર્મ જ જોયો છે. જૈનશાસનનો પ્રતાપ તેં પુરેપુરો નથી અનુભવ્યો. એટલે તને આવી શંકા થાય એ સ્વાભાવિક છે. જેણે સ્વપ્નમાં પણ કોઈ દિવસ ઘી ન ખાધું હોય તેને તેલ પણ અમૃત જેવું જ મીઠું લાગે. તારી પણ લગભગ એવી જ સ્થિતિ છે. પરમાનંદ ન અનુભવ્યો હોય તેને સામાન્ય રમણીયતા પણ બહુ ભારે આનંદદાયક લાગે. તેં હજી જૈનધર્મનું રહસ્ય નથી સાંભળ્યું, એકવાર અવકાશ મેળવી સદ્‌ગુરૂ, સદ્દેવ અને સત્‌ધર્મ વિષેના સત્યો તું સાંભળ. પછી તું પોતે જ તારી બુદ્ધિથી તેનો નિર્ણય કરી શકશે. ”

અંબડને એ પ્રસ્તાવ રૂચ્યો. તે કેશી ગણધરને વિનંતી કરી પોતાને ત્યાં ધામધૂમપૂર્વક લઈ ગયો. રોજ નિયમિત રીતે ગણધર મહારાજની ભકિત કરતો થકો તેમના મુખનો ધર્મોપદેશ સાંભળવા લાગ્યો. એ ધર્મોપદેશના પરિણામે તે સદ્‌બોધ પામ્યો એટલું જ નહીં પણ મોક્ષસુખના નિદાનરૂપ, સર્વસંપત્તિના નિધાનરૂપ અને પુણ્યથી જ પ્રાપ્ત થાય તેવું સમ્યક્ત્વ પણ તેણે મેળવી લીધું. સમ્યક્ત્વના મૂળરૂપ શ્રાવકના બાર વ્રત પણ તેણે સ્વીકાર્યા. તે દિવસથી તે બારવ્રત-ધારીના નામથી પંકાવા લાગ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ભગવાન્ મહાવીરની અમૃતવાણી.

એક દિવસે ભગવાન્ મહાવીરસ્વામી વિહાર કરતાં વિશાલાનગરીને વિષે સંમોસર્યા. પોતાના પૂજ્ય ગુરૂના મુખથી આ આનંદ વર્તમાન સાંભળતાં જ અંબડ અતિશય આનંદમાં આવી, પ્રભુના દર્શન અને ઉપદેશ શ્રવણ કરવા અધીરો બન્યો. એકપણ ક્ષણનો પ્રમાદ કર્યા વિના તે પરમાત્મા શ્રીમહાવીરની સેવામાં આવી હાજર થયો. પ્રથમ વિધિપૂર્વક નમસ્કાર કરી ભગવાનની સમિપ બેઠો. મહાવીર પ્રભુએ પોતાની હંમેશની સ્વાભાવિક અમૃતઝરણી, સર્વ પાપ નિવારણી, આનંદદાયિની વાંણીમાં ધર્મદેશના આપી. આ ધર્મદેશના સાંભળી અંબડની શ્રી જૈનધર્મ વિષેની શ્રદ્ધા વજ્રલેપ સમી અચળ અને સ્થિર બની.

પ્રભુની દેશના સમાપ્ત થઈ એટલે અંબડે વિનયવાણીમાં પ્રભુને ઉદ્દેશી કહ્યું કે:–"હે ત્રિભુવનપતિ ? હે કેવળજ્ઞાનદિવાકર ? હું પોતે આ સંસારસમુદ્રનો પાર પામવા ક્યારે ભાગ્યશાળી થઈશ ?"

શ્રી વર્ધમાનસ્વામીએ ઉત્તર આપ્યો:–"હે અંબડ ! આવતી ઉત્સર્પિણીને વિષે તું બાવીશમો દેવતીર્થંકૃત્ નામનો તીર્થંકર થશે."

એ પ્રમાણે શ્રી મહાવીરના મુખનું વાક્ય સાંભળી અંબડને કેટલો આનંદ થયો હશે તેની તો આપણે અત્યારે કલ્પના જ કરી શકીએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુનઃ ભગવાનના પાદપદ્મમાં શિર નમાવી અંબડે વિનંતિ કરી કે—"હે વીતરાગ પ્રભો ! મારી વંદના આપ નિત્યપ્રતિ અવધારજો.—હવે હું ચંપાનગરી તરફ પ્રયાણ કરવા ઇચ્છું છું."

ભગવાને કહ્યું:—"ચંપાનગરીમાં તારી જ એક સાધર્મિકા સુલસા નામની શ્રાવિકા વસે છે. તેને તું અમારા ધર્માશિર્વાદ પહોંચાડજે અને અમારીવતી સુખશાતા પૂછજે."

અંબડને આ સંદેશ સાંભળી બહુ આશ્ચર્ય થયું. તેણે વિચાર કર્યો કે આવા સર્વજ્ઞ પુરૂષ જે શ્રાવિકાને અહીં બેઠા સંભારે, અને ધર્માશિર્વાદ મોકલે તે જીનધર્મને વિષે કેટલી-બધી દૃઢ આસ્થાવાળી હોવી જોઇએ ? તે ગમે તેમ હો. પણ મારે તો તેની શ્રદ્ધાની બરાબર કસોટી કરવી પડશે.

પ્રભુનાં વચનને વધાવી લઇ અંબડ ત્યાંથી ચાલી નીકળ્યો. ચંપાનગરી પાસે પહોચતાં પહેલાં જ તેણે સુલસાના સમ્યક્ત્વની પરીક્ષા અર્થે મનમાં ને મનમાં કેટલીક યોજના નકકી કરીવાળી.

ચંપાપુરીના પૂર્વ તરફના દરવાજા પાસે અંબડે સાક્ષાત્ ચતુર્મુખ બ્રહ્માનું સ્વરૂપ લઇ આસન જમાવ્યું. ધીમે ધીમે નગરમાં આ વાત ફેલાવા લાગી. લોકોને થયું કે ખરેખર ગામના કોઈ અપૂર્વ સદ્‌ભાગ્યયોગે જ બ્રહ્મા સ્વયમેવ આ પૃથ્વી ઉપર અને તે પણ આ ગામની જ નજીકમાં આવી ઉતર્યા છે. લોકોના ટોળેટોળાં આ બ્રહ્મારૂપધારી અંબડના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દર્શને આવવા લાગ્યા. પરંતુ ખૂબી તો એ હતી કે એ હજારો માણસોના ટોળામાં ક્યાંઇ પણ સુલસાનાં દર્શન અંબડને ન થયા.

બીજે દિવસે દક્ષિણ દિશામાં સ્વયમ્ શંકરનું સ્વરૂપ ઉપજાવી સુલસાની કસોટી કરવાનો અંબડે નિશ્ચય કર્યો. તે વખતે પણ ગામના ઘણાં સ્ત્રી–પુરૂષો શિવજીના દર્શન કરી પોતાના આત્માને ધન્ય માનવા લાગ્યા. પરંતુ આખર સુધી સુલસા ન આવી.

ત્રીજે દિવસે પશ્ચિમના દરવાજા સામે વિષ્ણુનું રૂપ ઉપજાવી સુલસાને આકર્ષવાની આશા રાખી. પરંતુ તેમાં અંબડને ફત્તેહ ન મળી.

એ રીતે ત્રણે યોજનાઓ નકામી જવાથી અંબડે વિચાર કર્યો કે સુલસા જીનધર્મને વિષે દૃઢ આસ્થાવાળી છે એતો જાણે નિર્વિવાદ છે. પણ હવે હું પોતે જો જીનરૂપ ધારણ કરૂં તો તે માગ દર્શને આવ્યા વિના રહીજ કેમ શકે? સુલસાને ઠગવાને માટે આજ રસ્તો ઠીક છે. એવો વિચાર કરી, ઉત્તર દિશાના દરવાજે, ઈંદ્રજાલ વિદ્યાના પ્રભાવે એક જીનસમવસરણ વિકુર્વ્યું અને એ સમવસરણની અંદર, અષ્ટ મહા પ્રાતિહાર્યયુક્ત–ચતુર્મુખ જીનરૂપ ધારણ કરી ધર્મદેશના વરસાવવા માંડી. “ખરેખર પચીશમા તીર્થંકર પધાર્યા છે” એવી વાત જોતજોતામાં ગામના ખુણેખુણામાં ફરી વળી, જેઓ સુલસાને ઓળખતા હતા, તેની જીનદેવ ને જીનધર્મ વિષેની શ્રદ્ધા ભલી રીતે જાણતા હતા. તેમણે સુલસાને કહેવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માંડયું કે–"હવે તો તમારા પોતાના દેવ સમોસર્યા છે, શંકર, વિષ્ણુ ને બ્રહ્માનાં દર્શન કરવા ન આવી તો કંઈ નહીં. હવે તમારા ઇષ્ટદેવના દર્શને તો પધારો." આ બધાને સુલસા એવો ચોખ્ખો જવાબ સંભળાવવા લાગી કે–"કદાચિત્ મેરૂ-પર્વત ચલાયમાન થાય, તથાપિ જીનવચન અન્યથા ન થાય. એક ચોવીશીમાં ચોવીશ તીર્થંકર કરતાં વધુ હોઈ જ ન શકે એવું સ્વયં સર્વજ્ઞ પુરૂષનું કથન છે. અને એજ સત્ય છે. લોકો ગમે તેમ માને તેની સાથે મારે કંઇ જ સંબંધ નથી. સદ્દગુરૂ વિના અન્ય કોઇને આ માથું ન નમે તે નજ નમે." મતલબ કે પચીશમા તીર્થંકરનું કૃત્રિમ સમોસરણ પણ સુલસાને ખેંચવામાં નિષ્ફળ નીવડયું. સુલસાની જીનવચનપરની શ્રદ્ધા ન ડગી, તે એક ટળી બે ન થઈ!

અંતે અંબડ પોતાના સ્વાભાવિક રૂપમાં જ સુલસાને ત્યાં ગયો, સુલસાએ તેને પોતાનો સાધર્મિક માની સારો આદર–સત્કાર કર્યો.

અંબડે પોતેજ કહેવા માંડયું:—"મેં તમારા સમ્યક્-ત્વની કસોટી કરવા ઘણા ઘણા ઉપાય અજમાવી જોયા, પરંતુ તમે ઠેઠ સુધી અચળ જ રહ્યાં એ જોઈ મને બહુ આનંદ થાય છે. જીનધર્મને વિષે તમને કેવી દૃઢ શ્રદ્ધા છે તેની હવે મને ભારોભાર ખાત્રી થઇ ચૂકી છે. શ્રી વર્ધમાનસ્વામી જેવા જગતવંદ્ય પુરૂષે તમારા જે વખાણ કર્યાં અને તમને ધર્માશિ-ર્વાદ આપ્યા તે ખરેખર યોગ્ય અને સુસંગત છે એમ મારે મુક્તકંઠે કબુલવું જોઇએ."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તે પછી અંબડ સુલસાની અનુમતિ માગી પોતાના ઘર તરફ વિદાય થયો. ક્રમે ક્રમે તે સમ્યગ્ જિનધર્મની આરાધના કરતો પોતાના આત્માને નિર્મળ કરવા લાગ્યો—અને છેવટે વીશ સ્થાનકની આરાધના કરી તીર્થંકર નામકર્મ પણ ઉપાર્જન કર્યું.

અંબડપુત્ર—કુરૂબકે વિક્રમસિંહને ઉદ્દેશી કહેવા માંડયું:— " પછી મારા પિતાએ રાજ્ય—પાટ, ધન—મિલ્કત વિગેરે મને સોંપી દીધા અને વૈરાગ્યમય ચિત્ત વડે તેઓ જીનધર્મની આરાધના કરવામાં તલ્લીન થયા. છેવટે આરાધનાપૂર્વક અનશન કરી, સુખે—સમાધિએ અમરભૂમિમાં જઇ વસ્યા. મારા પિતાની પાછળ, તેમના વિરહથી ખિન્ન થયેલી તેમની બત્રીસ સ્ત્રીઓ પણ અનશન કરી, સમાધિપૂર્વક કાળધર્મ પામી, વ્યંતરીરૂપે ઉત્પન્ન થઇ. આજે પણ મોહને લીધે એજ સ્ત્રીઓ પેલા ભંડારની આસપાસ—સિંહાસન ઉપર પાંચાલિકારૂપે ચોકીપહેરો ભરી રહી છે.

મારા પાપકર્મના યોગે મારૂં બધું રાજ્ય મારા શત્રુઓએ આજે પડાવી લીધું છે. અંબડ જેવા એક સમર્થ અને અદ્દભૂત પુરૂષનો પુત્ર—હું, આજે લગભગ નિર્ધન જેવો બની ગયો છું, એ નિર્ધનતા દૂર કરવાનો મને એકજ માર્ગ સૂઝયો. મને લાગ્યું કે જો પેલો ભંડાર ઉઘાડું તો મારી કમનસીબી કાચી ઘડીમાં ઉડી જાય.

પછી જેવો ધ્યાનકુંડલી પાસે જઇને ઉભો રહ્યો અને સહેજ ઉઘાડવા લાગ્યો કે તેજ ક્ષણે મારી માતા ચંદ્રાવતીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું પ્રત્યક્ષરૂપે જોઇ રહ્યો ! મને મારી માતાના દર્શનથી નવાઇ નીપજે એ સ્વાભાવિક જ હતું. મેં પ્રશ્ન કર્યો:–"હે માતા ? તમે અહીં શી રીતે આવ્યાં ?" માતાએ ઉત્તર આપ્યો:–"હે વત્સ ! અમે બધીજ સ્ત્રીઓ મરીને વ્યંતરીરૂપે અહીં ઉત્પન્ન થયાં છીએ. તારા પિતાના દિવ્ય સિંહાસનને વિષે જ પાંચાલિકા રૂપે વસીએ છીએ. પણ હું તને જે ખાસ વાત કહેવા આવી છું તે તો જૂદીજ છે. મારી તો તને એજ સલાહ છે કે તું આ ભંડાર ખોલવાનો વ્યર્થ પ્રયત્ન ન કરીશ. તારા ભાગ્યમાં જ લક્ષ્મી નથી, બેટા ! એક માતાના સ્નેહ વડે પ્રેરાઇ સાચી સલાહ આપવા હું તારી સમક્ષ આવી ઉભી રહી છું. તારી જગ્યાએ જો બીજો કોઇ હોત તો અમે તેને ક્યારનોય રંજાડીને નસાડી દીધો હોત."

એટલું કહીને મારી માતા અદૃશ્ય થઇ ગઇ. મને પણ ખાત્રી થઇ કે જો ભાગ્યમાં જ વૈભવ ન લખ્યો હોય તો પછી નાહકનો પરિશ્રમ શાસારૂ કરવો જોઇએ ? બહુજ વિચાર કરતાં મને લાગ્યું કે જો હું કોઇ એક ભાગ્યશાળી પુરૂષને મોખરે રાખી, આ સાહસ કરૂં તો કદાચ એ પુરૂષના પુણ્ય-પસાયે થોડું ઘણું ધન મેળવી શકું. એટલા માટેજ હે રાજા ! આજે હું આપની હજુરમાં હાજર થયો છું, અને એજ હેતુથી મેં મારા પિતાના જીવન પ્રસંગો આટલા વિસ્તારથી આપની પાસે નિવેદન કર્યા છે.

રાજાને કુરૂબકના આ વૃતાંતમાં કૃત્રિમતા કે શંકા જેવું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કંઇજ ન ભાસ્યું. તેથી તે પોતે જાતે કુરૂબકને સાથે લઇને પેલો ધનભંડાર હસ્તગત કરવા યોગિનીની ધ્યાનકુંડલી પાસે આવી પહોંચ્યો. જેવો તે કુંડલી ખોલવા જાય છે તેટલામાં, પૃથ્વીના પડમાંથી અવાજ નીકળ્યો કેઃ—" રાજન્! તારે પણ આ વ્યર્થ પરિશ્રમ લેવાની કંઇજ જરૂર નથી તું ગમે તેટલો પ્રયત્ન કરશે તોપણ તને આ ભંડાર નહીં મળી શકે." રાજા અને કુરૂબક આ આકાશવાણી સાંભળી ચકિત થયા અને દિગ્મૂઢની જેમ હતા ત્યાંને ત્યાંજ સ્થિરચિત્ત વિચાર નિમગ્ન બની ગયા. થોડી વારે પુનઃ એવીજ ગંભીર વાણીમાં કોઈ કહેવા લાગ્યું:—

" આ ભંડારનો ભોક્તા વિક્રમાદિત્ય નામનો રાજા થોડાજ સમયમાં, ઉજ્જયિની નગરીને વિષે ઉત્પન્ન થશે. એ વિક્રમાદિત્ય શિવાય કોઈની મગદૂર નથી કે આ ભંડારને હાથ સરખો પણ અડાડી શકે. "

બન્ને જણા આ ઉદ્ગાર સાંભળી નિરાશ જેવા થઇ ગયા. રાજા વિક્રમસિંહ અને કુરૂબકે પણ હવે વ્યર્થ પ્રયત્ન કરવાનું માંડી વાળ્યું.

વિક્રમસિંહે કુરૂબકને સારૂં વર્ષાસન બાંધી આપી પોતાની પાસે રાખ્યો. પુણ્યશાળી પિતાનો પુત્ર માત્ર ભાગ્યદોષને લીધે રખડતો ફરે એ તેને ઠીક ન લાગ્યું રાજાનો આશ્રય પામી કુરૂબક પણ ઘણો સુખી થયો.

કાળક્રમે એ રાજા પણ કાળધર્મ પામી દેવલોકમાં જઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસ્યો અને એ આઘાતને માંડમાંડ સહન કરતો કુરૂણક પણ આખરે મૃત્યુની પાંખમાં સપડાયો.

તે પછી કેટલોક કાળ નીકળી ગયો ઉજ્જયિનીના રાજ-સિંહાસન ઉપર મહાસાહસિકશિરોમણી વિક્રમાદિત્યે પોતાનો અધિકાર જમાવ્યો. એના જેવો સાહસિક, નિર્ભય, પરાક્રમી અને પરદુઃખભંજન રાજા વિશ્વના ઇતિહાસમાં કોઇ વિરલા જ હશે! તેણે પોતાના પરાક્રમથી અગ્નિવૈતાલ જેવાને પણ વશીભૂત કરી લીધા. એ દાસાનુદાસ જેવા વૈતાલે સ્વયમેવ સંતુષ્ટ થઇને, અંબડનું દિવ્ય સિંહાસન તેમજ સુવર્ણપુરૂષ વિગેરે વિક્રમા-દિત્યની પાસે લાવી હાજર કરી દીધા. તેજ પ્રમાણે હરિશ્ચંદ્ર રાજાનો ધનભંડાર તેમજ બીજી ઘણી ઘણી અદ્‌ભૂત વસ્તુઓ પણ તેણે વિક્રમાદિત્યને ભેટ ધરી. વૈતાલની સહાયથી વિક્રમાદિત્યે અસંખ્ય દુઃખીઓનાં દુઃખ, દર્દીઓનાં દર્દ અને કરજદારોના કરજ ફેડી નાખ્યાં દિશાના અંત સુધી તેની કીર્ત્તિ પુષ્પના પરાગની જેમ વહી નીકળી: વિક્રમ રાજાના પ્રતાપે ભારત—વસું-ધરા ધન્ય બની! લોકોએ પણ એ પ્રાતઃસ્મરણીય રાજાનું નામ અમર રાખવા તેના નામનો સંવત્સર પ્રવર્તાવ્યો કે જે આજે પણ એ રાજાના પરોપકાર, સાહસ, વીરતા અને ઉદાર-તાનો ભેરીનાદ ગજવી રહ્યો છે. એ વિક્રમાદિત્ય રાજા પણ કાળક્રમે મૃત્યુ પામી દેવલોક ગયો. છતાં તેનું અમર અને પવિત્ર નામ તો આજે પણ હજારો જીભ્હા ઉચ્ચારી રહી છે. **ધન્ય એ જીવન! અને ધન્ય એ મૃત્યુ!**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# હરેક જૈન કુટુંબમાં

## અમારાં પુસ્તકો હોવાજ જોઇએ.

કારણકે વાર્ષિક રૂા ૩) માં ૯૦૦ પાનાનાં ઇતિહાસીકઉતમ પુસ્તકો નિયમિત પણ મળે છે. અમારાં પુસ્તકોથી ઘણા ભાઇઓ જે તે પુસ્તકો વાંચવાનું ભુલી ગયા છે દિવસે દિવસે ગ્રાહક સંખ્યા વધતી હોવાથી. પાછલાં વર્ષનાં પુસ્તકો શીલીકમાં રહેતાં નથી. માટે ગ્રાહક થવામાં **વિલંબ નહિ કરતા.**

## સં. ૧૯૮૧-૮૨ બંને વર્ષના લવાજમના રૂા. ૫) પોષ્ટ ખર્ચ જુદો.

| | | પૃષ્ટ | કિંમત |
|---|---|---|---|
| ૧ | સિદ્ધસેન દિવાકર યાને વિક્રમના સમયનું હિંદ | ૩૦૪ | ૧-૮-૦ |
| ૨ | શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ ચરિત્ર | ૨૫૬ | ૧-૮-૦ |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

| | | | |
|---|---|---|---|
| ૩ | કેશી મુનિ અને પ્રદેશી રાજા | ૧૦૦ | ૦—૬—૦ |
| ૫ | શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભા ૧ લો | ૨૬૦ | ૧—૮—૦ |
| ૪ | જૈનોના મહાન રત્નો. | ૧૬૦ | ૧—૮—૦ |
| ૬ | મહાન સંપ્રતિ અને જૈનધર્મનો દિગ્વિજય | ૩૦૫ | ૧—૮—૦ |
| | | ૧૩૭૫ | ૭—૬—૦ |

## સં. ૧૯૮૩ માં રૂા. ૩) માં મળવાનાં લગભગ ૯૦૦ પાનાનાં ત્રણ પુસ્તકો.

૧ **બપ્પભટ્ટસૂરિ અને આમરાજ ભાગ ૨ જો**—પહેલા કરતાં પણ બીજો ભાગ વધુ રસિક થશે. શ્રી બપ્પભટ્ટસૂરિએ શંકરાચાર્ય અને બૌધો સામે કરેલો પડકાર અને વિજય. કનોજરાજ આમરાજની જૈન ધર્મની, અહિંસાવ્રતની ઉપાસના, શ્રી શત્રુંજય અને ગિરનારની બપ્પભટ્ટસૂરિ સાથે સંઘ સહિત કરેલી યાત્રા, દિગંબરોએ દબાવેલુ ગિરનાર તિર્થ, આમરાજાના પૌત્ર ભોજ રાજાએ ગાદી ઉપર આવતાંજ અંગીકાર કરેલો જૈનધર્મ વીગેરે હકીકતોનો સમાવેશ કરવામાં આવ્યો છે ઘણીજ આકર્ષક નવલકથા સાદી અને સરલ ભાષામાં આ પુસ્તક તૈયાર થાય છે.

૨ **અંબડ ચરિત્ર**—અતિ અદ્ભૂત અલૌકિક પરાક્રમોથી પરિપૂર્ણ, મહા પરાક્રમી અંબડ ક્ષત્રિય મારફત પરમાત્મા શ્રી મહાવીરસ્વામીએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુલશા શ્રાવિકાને ધર્માશિષ મોકલેલા તે અંબડ શ્રાવકના જીવનની અદ્દભુત ઘટનાઓ વાંચતાં તમારી ભકિત ભાવના પ્રફુલ્લીત થશે.

૩ **જગડુશાહ કે જગતનો પાલનહાર**—વિક્રમની તેરમી સદીની શરૂઆતમાંજ પ્રસિદ્ધ થયેલા આ મહાપુરૂષોના નામથી ભાગ્યેજકોઇ અજાણ્યુ હશે આજે પણ જૈનો અને ભાટ ચારણો દાતાર જગતનો જીવાડનાર આદિ વિશેષણોથી જેની સ્તુતિ કરી રહ્યા છે. એ મહાપુરૂષ જગડુશાહનાં પરાક્રમ, લક્ષ્મીદેવીની પ્રસન્નતા, સંવત ૧૩૧૫ ના ત્રણ વર્ષના દુકાળમાં એમણે ખુલ્લાં મુકેલાં અન્નગૃહો. તેમજ ધન ભંડારો ગુજરાતના રાજાને, સિંધના રાજાને, દીલ્હીનાં સુલતાનને, કાશીના રાજાને, અને ઉજયનીના રાજાને તેમજ કંદહાર દેશના રાજાને છુટે હાથે દુકાળમાં કરેલી અનાજની મદદ વિગેરે સંપૂર્ણ હકીકતો નવલકથાની શૈલીથી રસમય ભાષામાં આલેખવામાં આવેલ છે.

**આવા ઇતિહાસિક નવીન પુસ્તકો વાંચવા જીવનને ઉંચ બનાવવા પૂર્વે થયેલા મહાપુરૂષોનાં ચરિત્રો વાંચવા પહેલી તકે ગ્રાહક થાઓ.**

**લખો—જૈન સસ્તી વાંચનમાળા.**

રાધનપુરી બજાર—**ભાવનગર.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# હંમેશની જરૂરીયાતવાળાં ઉપયોગી પુસ્તકો.

૧ **વિધિયુક્ત પંચપ્રતિક્રમણ**—આ પુસ્તકની ઘણા ભાઇઓની માગણી હોવાથીજ અમોએ પ્રગટ કર્યું છે. સારા કાગળ સુંદર પાકું બાઇંડીંગ પૃષ્ટ ૨૭૫ અક્ષર મોટા વાંચી જવાથી પ્રતિક્રમણ થઇ શકે છે પાક્ષિક ચૌમાસિક અને સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સાથેનો પણ તેમાં સમાવેશ છે ઉપરાંત છેવટનાં ભાગમાં ઉપયોગી ચૈત્યવંદનો, સ્તવનો, અને સ્તુતિઓનો સંગ્રહ છે. શ્રી મહાવીરસ્વામીના સુંદર ફોટા સાથે છતાં તેના ઉપયોગની ખાતર કિંમત રૂા ૧-૪-૦ રાખી છે **શ્રીમંતોએ આ પુસ્તકની સામટી નકલ મંગાવી ગામડાઓમાં પોતાના તરફથી મોકલવાની અમારી નમ્ર સુચના છે.**

૨ **વિધિયુક્ત દેવસીરાઇ પ્રતિક્રમણ**—પૃષ્ટ ૧૨૫ અક્ષર મોટા વાંચી જવાથી સવાર સાજનું પ્રતિકમણ થઇ શકે છે શ્રી મહાવીર સ્વામીના સુંદર ફોટા સાથે સુંદર બાઇડીંગ છતાં કિં. ૦-૧૦-૦

૩ **પંચપ્રતિક્રમણ પોકેટ સાઇઝ**—તેની બીજી આવૃતિ તેજ તેની ઉપયોગીતા પૃષ્ટ ૩૦૦ પાકું રેશમી પુંઠું નવસ્મરણ ઉપરાંત બીજા સ્તોત્રો, છંદો રાસો સાથે કિં. ૦-૧૦-૦ સો નકલના રૂા. ૫૦) આ પુસ્તક એકી અવાજે વખણાયું છે અક્ષરો મોટા અને જોતાંજ મનને આનંદ આવે તેવું છે.

૪ **વીવીધપૂજા સંગ્રહ**—ભા. ૧ થી ૪—અત્યાર સુધીની તમામ પુજાઓનો સંગ્રહ. પૃષ્ટ લગભગ ૭૦૦ નું મોટું દળદાર પુસ્તક સારા કાગળ પાકું બાઇડીંગ કિં. રૂા. ૨-૦-૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

૫ પર્વતિથિ વીગેરે ચૈત્યવંદનાદિનો સંગ્રહ—( સાધ્વીજી લાભ-શ્રીજીવાળું ) આવૃત્તિ બીજી—આ પુસ્તક દરેકની જાણમા છે કિં.૧-૪-૦

૬ ભક્તિમાળા—ચૈત્યવંદન સ્તવન સ્તુતિ વિગેરેના સંપૂર્ણ સંગ્રહ સાથે રત્નાકર પચીશી વીગરે ઘણી બાબતોના સંગ્રહવાળી આ બુકની ચોથી આવૃતિ છે. કિં. ૦—૬—૦

૭ નવલસ્તવનાવળી—કવાલીના રાગમાં અનેક સ્તવનો તેમજ ચૈત્ય-વંદનો તેમજ રોજના જાણવા જેવી બાબતોના સંગ્રહની આ બુક શીલીકમાં નામનીજ છે. કિં. ૦—૬—૦

૮ શ્રી આદિનાથ ચરિત્ર ભાષાંતર—પાકું રેશમી પુંઠું ખાસ વાંચવા જેવું આ ચરિત્ર દરેકને મંગાવી લેવાની જરૂર છે ( વાંચન-માળાના ગ્રાહકને આ પુસ્તક સં. ૧૯૮૦ માં અપાયેલું છે ) કિં. ૨) હતી તે ઘટાડીને રૂા. ૧—૮—૦ રાખી છે.

## પ્રભાવના કરવા માટેનાં પુસ્તકો.

પ્રભાવના કરવા લાયક અમારાં પુસ્તકો એકી અવાજે વખણાયા છે કારણ કે બાળકોને તે ઉત્તમ પ્રકારનું ચારિત્ર આપી ઉચ્ચ સંસ્કારી બનાવે છે દેખાવમાં સુંદર શુદ્ધ છતાં કિંમત ઘણીજ સસ્તીછે ઘણા શ્રીમંતોએ અમારાં પુસ્તકો પાઠશાળાના ઇનામી મેળાવડામાં લગ્નાદિ શુભ પ્રસંગોમાં સામટાં મંગાવી વહેંચ્યા છે. મંગાવી ખાત્રી કરો—બાળકથી તે વૃદ્ધપર્યંત દરેકને એક સરખાં ઉપયોગી છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

| | | કીંમત. | સોનકલના |
|---|---|---|---|
| ૧ | પંચપ્રતિક્રમણ પોકેટ સાઇઝ પાકું રેશમી પુંઠું આવૃતિ બીજી. પૃષ્ઠ ૩૦૦ નવસ્મરણ સ્તોત્રો, છંદો, રાસ સાથે... | ૦–૧૦–૦ | ૫૦–૦–૦ |
| ૨ | વિજયશેઠ અને વિજયા શેઠાણી. ... ... | ૦—૪–૦ | ૧૫–૦–૦ |
| ૩ | ઇલાયચી કુમાર ચરિત્ર. ... ... ... | ૦—૩–૦ | ૧૦–૦–૦ |
| ૪ | અરણીક મુની ચરિત્ર... ... ... ... | ૦—૩–૦ | ૧૦–૦–૦ |
| ૫ | જૈન નિત્ય પાઠ સંગ્રહ નવસ્મરણ અને બીજાં ... ... ... સ્તોત્રો છંદો, રાસ વિ.) ... ... ... | ૦—૩–૦ | ૧૦–૦–૦ |
| ૬ | પ્રાતઃસ્મરણમાળા (છંદો રાસ વિ.) ... | ૦—૨–૦ | ૮–૦–૦ |
| ૭ | સ્નાત્રપુજા શ્રીદેવચંદ્રજીકૃત તથા અષ્ટપ્રકારી ... ... ... પુજાના દોહા ... ... ... ... ... | ૦—૨–૦ | ૮–૦–૦ |
| ૮ | પાંચ પદની અનુપૂર્વી ... ... ... ... | ૦—૧–૬ | ૬–૦–૦ |
| ૯ | પુણ્ય પ્રકાશનું સ્તવન ... ... ... ... | ૦—૧–૦ | ૫–૦–૦ |
| ૧૦ | રત્નાકર પચ્ચીશી ... ... ... ... | ૦—૦–૬ | ૨–૮–૦ |

**લખો—જૈન સસ્તી વાંચનમાળા,**

રાધનપુરી બજાર—**ભાવનગર.**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જૈન

## સસ્તી વાંચનમાળાના

ગ્રાહકોને દર વરસે રૂા. ૩) માં
૯૦૦ પૃષ્ઠનાં ત્રણ ઇતિહાસીક
પુસ્તકો પાકા બાઇડીંગનાં મળે છે.

આજેજ ગ્રાહક થઇ મંગાવો.

જૈન સસ્તી વાંચનમાળા,
ભાવનગર.

Serving JinShasan
080841
gyanmandir@kobatirth.org

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust